# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 210 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ શ્રાવણ વદ-30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 September 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૩ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





SAN FRANCISCO - LOS ANGELES - SAN DIEGO - MEXICO - LAS VEGAS - WASHINGTON DC - PHILADELPHIA - NEW YORK




## ફોરમ વર્લ્ડવાઇડ સાથે લાસ વેગાસ અને ન્યૂયોર્કમાં CHRISTMAS અને NEW YEAR ઉજવવાનો મોકો મેળવો

### ક્રિસ્મસ અને ન્યૂ યર ટુર ની વિશેષતાઓ

- ક્રિસ્મસ અને ન્યૂ યર ની ટુરો લાવનારા, 2022 થી ભારત ની એક માત્ર ટુર કંપની
- પહેલી વાર ફોરમ વોર્લ્ડવાઇડ ની ટુર પ્લાન માં MEXICO CITY નું આગમન
- SAN DIEGO ના વિશાળ SEA WORLD અને ZOO ની મુલાકાત
- LAS VEGAS GRAND CANYON WITH SKY WALK
- LOS ANGELES - 1ST UNIVERSAL STUDIO IN WORLD
- નથ નવા શહેરો ની મુલાકાત
- દરેક શહેરો માં 2 રાત્રી થી વધુ મુકામ
- SAN FRANCISCO માં MUIR WOODS ની મુલાકાત
- LAS VEGAS માં HELICOPTER RIDE
- STRATOSPHERE TOWER ડે વ્યૂ
- LURAY CAVERNS ની યાદગાર મુલાકાત
- SWAMI NARAYAN AKSHARDHAM
- SUMMIT ONE - VANDERBILT
- STAY IN TRUMP HOTEL IN LAS VEGAS

CHRISTMAS DATE 14 DEC

Merry Christmas
BEST WISHES
And A Very Happy New Year




BOOK SUMMER 2025 IN 2024 RATES

### ઉચ્ચવર્ગ ના પ્રવાસીઓ ની હરહંમેશ પહેલી પસંદ એટલે ... ફોરમ વર્લ્ડવાઇડ

વર્ષો થી "ચાલશે-ફાવશે" વાળી ટીપીકલ પેકેજ ટુરો થી ખુબજ અલગ, એવી અમારી અલૌકિક કાર્યશૈલી સાથે. આજે મોર્ડન પ્રવાસીઓ ના બદલાયેલ ટેસ્ટ અનુરૂપ, દર વર્ષે કંઇક અલગ, ઉત્કૃષ્ટ અને ઉમદા આપવા ની અમારી ક્રાંતિકારી ભાવનાઓ , અને પ્રવાસીઓ ના વિશ્વાસે ખરા ઉતરી અમે લગાતાર સફળતા ના શિખરો પામેલ છે..

19 વર્ષો ના અનુભવ સાથે, ફક્ત 6 વર્ષ માં "ફોરમ શાહ" અને ફોરમ વર્લ્ડવાઇડ આજે, ઘર ઘર માં લોકપ્રિય છે , આ મુકામે પહોંચવા લોકો ને 30-40 વર્ષો લાગી જતા હોય છે, આ પ્રેમ અને વિશ્વાસ બદલ આપ સર્વ નો ખુબ ખુબ આભાર

અન્યો માટે અસંભવ અને અશક્ય એવી ઘણી ઉપલ્બધીઓ પણ અમે, આ 6 વર્ષો માં હાસેલ કરેલ છે

પરંપરાગત મેનુ સાથે સાથે ફાસ્ટ ફુડ- ઇટાલિયન- મેક્સિકન- પીઝા પાસ્તા જવા મલ્ટી ક્યુઝીન મેનુ જમાડનાર એક માત્ર ટુર ઓપરેટર બનેલ છીએ

અમારુ ધ્યેય "ફક્ત અને ફક્ત" અમારા પ્રવાસીઓ એ ચુકવેલ રકમ નુ પુરેપુરુ વળતર આપવા નું અને સાથે સાથે એક ખરેખર યાદગાર ટુર આયોજીત કરવાનું જ છે

તો 2025 માટે .. બુક પહેલા, એક વાર 19 વર્ષો ના અનુભવી "ફોરમ શાહ" ને જરૂર થી મળજો

## ખરેખર પૈસા વસુલ ટુરો

FORAM +91 9324366095 | VIRAL +91 7021647219 | VINAY +91 8104578855 | SAHIL +91 9619693790

**OTHER 2024 - 25 SECTORS**

ICELAND | ARCTIC | NEW ZEALAND | CANADA | SOUTH AMERICA | JAPAN | EUROPE | GREECE | UK
SCOTLAND | SOUTH AFRICA | SPAIN | SCANDINAVIA | TURKEY | DUBAI | VIETNAM | FAR EAST | BAKU

HEAD OFFICE : ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. OPP. JAIN MANDIR. MUMBAI. FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE

# રાજ્યમાં ભારે વરસાદથી રાજ્યમાં ૩૬૧૦ કિ.મી લંબાઈના રસ્તાઓ ધોવાયાં: અનેક માર્ગો હજુ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સતત એક સપ્તાહ સુધી થયેલા ધોધમાર વરસાદના કારણે જાનમાલનું મોટું નુકસાન સર્જાયું છે. આ સાર્વત્રિક વરસાદે તમામ તાલુકાઓ જળબંબાકાર કર્યા હતા. ભારે વરસાદને પગલે માર્ગો ધોવાઈ જતા મોટા ભાગના રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. જેના કારણે વાહનવ્યવહાર ઠપ્પ થઇ ગયો હતો, અને હાઇવે રોડના પર મોટા ખાડા પડ્યા છે. રાજ્યમાં હાલ તમામ રોડની હાલત બિસમાર બની છે.

આ દરમિયાન રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ભારે વરસાદને કારણે ધોરી માર્ગોને થયેલા નુકસાન સામે યુદ્ધના ધોરણે કામગીરી કરી માર્ગો પુનઃ વાહનવ્યવહારયુક્ત કરવા માટે માર્ગ મકાન વિભાગને દિશાનિર્દેશો આપ્યા હતા. રાજ્યના ૩૬૧૦ કિ.મી લંબાઈના રસ્તાઓને નુકસાન થયું છે, અનેક માર્ગો હજુ બંધ છે તેને તાત્કાલિક રીપેર કરી ફરી ચાલુ કરવા આદેશ અપાયા છે. રાજ્યમાં તમામ નાના-મોટા રોડ, રસ્તાઓ રિપેરીંગ,રીસરફેસીંગ,મેટલવર્ક કરી મોટરેબલ કરવાની વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ જિલ્લામાં ક્ષતિગ્રસ્ત થયેલા તમામ નાના-મોટા રોડ, રસ્તાઓ રિપેરિંગ, રિસરફેસિંગ, મેટલવર્ક કરી મોટરેબલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે વિરમગામ, ધોળકા અને ધંધુકા તાલુકામાં ભારે વરસાદ તથા પાણી ભરાવાના કારણે કુલ ૪૨ જેટલા રસ્તાઓને અસર થઈ હતી, આ રસ્તાઓને સત્વરે મરામત કરી મોટર રેબલ કરવા કામગીરી હાથ ધરાઈ છે.

૪૨ રસ્તાઓ પૈકી હાલ ૩૦ માર્ગો પર વાહનવ્યવહાર પૂર્વવત્ થઈ ગયો છે.અમદાવાદ જિલ્લાના ક્ષતિગ્રસ્ત રસ્તાઓમાંથી ૪૮ કિલોમીટરના રસ્તાઓની મરામત યુદ્ધના ધોરણે પૂર્ણ કરી દેવામાં આવી છે અને અન્ય રસ્તાઓ પર કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અમદાવાદ શહેર, તાલુકા અને ગામોને જોડતાં રાજ્ય ધોરી માર્ગો, મુખ્ય જિલ્લા માર્ગો અને અન્ય જિલ્લા માર્ગો, એમ મળીને કુલ ૧૦૨.૫૦ કિલોમીટરના રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થયા હતા.

જેમાં સૌથી વધારે ધોળકા તાલુકામાં ૨૧ કિલોમીટર, બાવળા અને સાણંદ તાલુકાઓમાં ૧૬ કિમી, ધોલેરા તાલુકામાં ૧૨ કિમી, વિરમગામ અને દેત્રોજ તાલુકાઓમાં ૧૧ કિમી, માંડલમાં ૬ કિમી, દસ્ક્રોઈમાં ૫ કિમી અને ધંધુકામાં ૪ કિલોમીટરના રસ્તાઓ એમ કુલ મળીને ૧૦૨.૫૦ કિલોમીટરના નાના-મોટા રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થયા હતા.

રાજકોટ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિમાં રાજ્ય માર્ગ મકાન વિભાગ હસ્તકના ૧૧ રોડ પર પાણી ભરાઈ જવા તેમજ ઓવર ટોપીંગના કારણે વાહન વ્યવહાર ખોવાઈ ગયો હતો. જેમાં ઉપલેટા તાલુકાના પાંચ રોડ, જેતપુર તાલુકાના ત્રણ રોડ, રાજકોટ, કોટડા સાંગાણી તેમજ પડધરી તાલુકાના એક-એક મળીને ૧૧ રોડ બંધ થયા હતા.

રાજકોટ જિલ્લાના ઉપરોક્ત ૧૧ રોડમાંથી આઠ માર્ગો શરૂ થઈ ગયા છે, જ્યારે ત્રણ માર્ગો પર ડાયવર્ઝન આપીને વાહનવ્યવહાર શરૂ કરી દેવામાં આવ્યો છે. તે જ રીતે નેશનલ હાઈવેઓથોરીટી ઓફ ઈંડીયા હસ્તકના કુલ ૨૮૯૪ કિમી.ના રાષ્ટ્રીય ધોરી માર્ગોની નુકસાન થયેલ અંદાજે ૧૩૯ કિમી. લંબાઈની મરામતની કામગીરી રાજ્ય સરકારના સંપર્કમાં રહી હાથ ધરવામાં આવેલી છે. ■

# સાર્વત્રિક મેઘ મહેરથી ગુજરાતનાં જળાશયો છલકાયાં: ૧૧૩ ડેમ સંપૂર્ણ ભરાતા હાઈ-એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી મેઘરાજાની સાર્વત્રિક મહેરના પરિણામે રાજ્યના ૨૦૬ જળાશયોમાંથી ૧૧૩ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા જ્યારે ૪૩ જળાશયો-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ ઉપરાંત રાજ્યના ૧૮ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૨૩ ડેમમાં ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૯ ડેમમાં ૨૫ ટકાથી ઓછું પાણી સંગ્રહ થયું છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૮૭,૭૦૧ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે રાજ્યનાં અન્ય ૨૦૬ જળાશયોમાં ૪,૩૯,૪૮૫ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૭૮.૪૫ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ રાજ્યના કુલ ૨૦૭ જળાશયોમાં ૮૧ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

સોમવારે સવારે ૮ કલાકના અહેવાલ મુજબ રાજ્યમાં વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૧.૧૪ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૭૯ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે ઉકાઈમાં ૪૮ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૧૬ હજારની જાવક, વણાકબોરી જળાશયમાં ૨૧ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૨૧ હજારની જાવક અને કડાણા જળાશયમાં ૧૮ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૧૫ હજારની ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે.

આ ઉપરાંત સૌથી વધુ મધ્ય ગુજરાતનાં ૧૭ જળાશયોમાં ૯૩ ટકા, કચ્છનાં ૨૦ જળાશયોમાં ૮૭ ટકા, સૌરાષ્ટ્રનાં ૧૪૧માં ૮૨ ટકા, દક્ષિણ ગુજરાતનાં ૧૩માં ૭૯ ટકા, જ્યારે ઉત્તર ગુજરાતનાં ૧૫ જળાશયોમાં ૫૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. આમ સરદાર સરોવર સહિત ૨૦૭ જળાશયોમાં અત્યાર સુધીમાં ૮૧ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહાયો છે. ગત વર્ષે આ સમયે આ ૨૦૭ જળાશયોમાં ૭૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો હતો તેમ, જળ સંપત્તિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું હતું. ■

## ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં ફરી વધારો: જળસપાટી ૩૩૬.૩૨ ફૂટે પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: તાપી જિલ્લામાં ફરી એક વખત ધોધમાર વરસાદ પડતા છે ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં ફરી વધારો નોંધાયો છે. ઉકાઈ ડેમમાં ૧.૮૩ લાખ ક્યૂસેક પાણીની આવક થઈ છે. ઉકાઈ ડેમમાં પાણીની આવક વધતા ડેમના ૮ દરવાજા ખોલવામાં આવ્યા હતા અને પાણી છોડવામાં આવ્યું હતું. ઉકાઈ ડેમમાંથી ૧.૪૦ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવતા ડેમની જળસપાટી ૩૩૬.૩૨ ફૂટે પહોંચી છે અને ઉકાઈ ડેમની ભયજનક સપાટીની વાત કરીએ તો તે ૩૪૫ ફૂટ છે.

હવામાન વિભાગની આગાહી મુજબ જ તાપીમાં સોમવારે વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસ્યો હતો, જેને પગલે વ્યારાની ઝાંખરી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું અને નદીઓમાં પૂર આવતા કોઝ વે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ■

## સોમનાથમાં શ્રાવણના પાંચમા સોમવારે ભક્તોનો શ્રદ્ધાસાગર ઉમટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવાર અને અમાસ હોય સોમનાથ મહાદેવના આશીર્વાદ પ્રાપ્ત કરવા મોટી સંખ્યામાં ભક્તો સોમનાથ તીર્થમાં ઉમટયા હતા. શિવજીની આરાધનાના શિવોત્સવ શ્રાવણ માસના અંતિમ સોમવારે સોમનાથ મહાદેવના દર્શન કરી પુણ્ય મેળવવા હજારો શ્રદ્ધાળુઓ પૂજામાં જોડાયા હતા.

રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી સહપરિવાર સ્નેહિજનો સાથે સોમનાથ મહાદેવના દર્શને પધાર્યા હતા. આ વિશેષ અવસરે તેમણે સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો. શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી ટ્રસ્ટી પી.કે. લહેરીએ મહાદેવની પાલખી પૂજા કરી હતી. ત્યારબાદ સોમનાથ તીર્થની પ્રણાલિકા અનુસાર શ્રાવણ માસની છેલ્લી પાલખી યાત્રા કાઢવામાં આવી હતી જેમાં હજારો ભક્તો જોડાયા હતા.

વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, આજે શ્રાવણ માસના છેલ્લા સોમવારે અમારા પરિવાર તરફથી સોમનાથ મહાદેવને ધ્વજા ચડાવવામાં આવી છે. પૂજા-અર્ચના કરવામાં આવી છે. ખૂબ ધન્યતા અનુભવું છું. ભગવાન સોમનાથ મહાદેવનો પ્રભાવ આપણે સૌ અનુભવીએ છીએ.

આજે ગુજરાત અને દેશ સુરક્ષિત હોય તો તેના કારણમાં અલગ-અલગ જગ્યાએ ભગવાન મહાદેવના તીર્થ સ્થાનો, દ્વારકાધિશથી માંડીને કામખ્યા દેવી, અંબા માતા આવા અનેક સ્થળોના પ્રભાવના કારણે આજે દેશ એક છે, સુરક્ષિત છે. ભગવાનને પ્રાર્થના કરું કે આવનારા દિવસોમાં ભારત એક મજબૂત રાષ્ટ્ર તરીકે દુનિયામાં ઊભરે અને ફરીથી ભારતના ધજા-ફતાકા સમગ્ર દુનિયામાં લહેરાય તેવી આજે ભગવાનને પ્રાર્થના કરી છે. સૌનું કલ્યાણ કરે એવી ભગવાનને પ્રાર્થના કરી છે. ■

## ભાવનગરમાં નિષ્કલંક મહાદેવના દર્શન માટે ભક્તોનો મહેરામણ છલકાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગરમાં દરિયાકાંઠે આવેલા નિષ્કલંક મહાદેવના દર્શન કરવા ભકતો ઊમટી પડયા હતા. ભાવનગર જિલ્લાના કોળિયાક ખાતે ભાદરવી અમાસનો મેળો યોજાય છે. અમાસના દિવસે નિષ્કલંક મહાદેવના દરિયામાં સમુદ્ર સ્નાનનું અનોખું મહત્ત્વ છે. સમુદ્ર સ્નાન અને દર્શન કરવા માટે ગુજરાત અને ભારતભરમાંથી લોકો અહીંયા આવે છે, કોઈ અનિચ્છનીય બનાવ ના બને એ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્રમાં યોજાતા લોકમેળામાં ભાવનગરના કોળિયાકનો મેળો ખૂબ જ જાણીતો અને પ્રવાસીઓને આકર્ષિત કરે છે. આ પરંપરાગત મેળો દર વર્ષે ભાદરવી અમાસના દિવસે ભરાય છે. નિષ્કલંક મહાદેવનું મંદિર પૌરાણિક તેમજ કુદરતી સુંદરતા બંને દ્રષ્ટિએ યાત્રિકોમાં અનેરા આકર્ષણનું કેન્દ્ર બને છે. શિવલિંગ સમુદ્રમાં આવેલું હોવાથી માત્ર ઓટના સમયે જ તેના દર્શન થઇ શકે છે, દર વર્ષે યોજાતા લોકમેળામાં માનવ મહેરામણ ઊમટી પડે છે. આ દિવસે નિષ્કલંક મહાદેવના મંદિર ઉપર ૫૨ (બાવન) ગજની ધજા ચડાવવામાં આવે છે. તેમજ અહીં મંદિરના મુહૂર્ત પ્રમાણે લાખોની સંખ્યામાં ભાવિકો અને શ્રદ્ધાળુઓ સમુદ્રમાં સ્નાન કરીને ભગવાનના દર્શન તથા પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવે છે. સાંજે સાત વાગ્યા પછી ભરતી શરૂ થતાં મંદિર ફરી પાણીમાં ડૂબી જાય છે.

નિષ્કલંક મહાદેવનું મંદિર પૌરાણિક મહત્ત્વ ધરાવે છે, હિંદુ ધર્મની માન્યતા અનુસાર મહાભારતના યુદ્ધ પછી પાંડવો અહીં આવ્યા હતા. તેઓએ કોળિયાક ગામના સમુદ્ર કિનારે દેવાધિદેવ મહાદેવના શિવલિંગની સ્થાપના કરીને વેદોક્ત વિધિથી ભગવાન શિવની પૂજા-અર્ચના કરી હતી. જેનાથી યુદ્ધમાં કરેલી હિંસાના પરિણામે લાગેલા કલંકથી તેમને મુક્તિ મળે અને તેઓ કલંકીતમાંથી નિષ્કલંક થયા હતા. તેથી જ આ મહાદેવ નિષ્કલંક મહાદેવ તરીકે ઓળખાય છે. પાંડવોએ સ્થાપેલા પાંચ શિવલિંગ અહીં હાલ પણ મૌજૂદ છે. ■

## ગુજરાતમાં નાળિયેરીના વાવેતર વિસ્તારમાં ૪,૯૦૦ હેક્ટરનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં નાળિયેરનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન સતત વધી રહ્યું છે. છેલ્લા એક દાયકામાં જ નાળિયેરીના વાવેતર વિસ્તારમાં ૪,૯૦૦ હેક્ટરનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૧,૬૩૩ હેક્ટર હતો, જે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૨૬,૫૬૧ હેક્ટર સુધી પહોંચ્યો છે. અત્યારે ગુજરાતમાં લીલા નાળિયેરનું (ત્રોફાનું) વાર્ષિક ઉત્પાદન ૨૩.૬૦ કરોડ યુનિટથી વધુ છે.

રાજયના કૃષિ પ્રધાન રાઘવજી પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય હોવાથી અહીં નાળિયેરી ઉત્પાદનની શક્યતાઓ સૌથી વધુ છે. ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લામાં હાલ ૪૫.૬૧ લાખ હેક્ટર જેટલો વિસ્તાર ખેતી લાયક છે, જેને ધ્યાને રાખીને દરિયાકાંઠાના જિલ્લામાં નાળિયેરીનો વાવેતર વિસ્તાર ૨૬ હજાર હેક્ટરથી વધીને ૭૦ થી ૮૦ હજાર હેક્ટર સુધી પહોંચવાની શક્યતા ધરાવે છે. હાલ ગુજરાતમાં નાળિયેરનું ઉત્પાદન મુખ્યત્વે ગીર-સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, કચ્છ, નવસારી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થાય છે. દરિયાકાંઠાના અન્ય જિલ્લાઓમાં પણ નાળિયેરીનું ઉત્પાદન વધે તે માટે નાળિયેરીના ઉત્પાદનને પૂરતું પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, વિશ્વમાં ૨ સપ્ટેમ્બરને નાળિયેર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. નાળિયેરમાં રહેલા ગુણોથી લોકોને જાગૃત કરવા તેમજ રોજગાર સહિત વિવિધ ઉત્પાદનોમાં નાળિયેરના મહત્ત્વને સમજાવવા માટે આ ખાસ દિવસની ઉજવણી કરવામાં આવે છે. નાળિયેરનું સૌથી વધુ ઉત્પાદન અને તેની નિકાસ કરતા પ્રથમ હરોળના દેશોમાં ભારત મુખ્ય સ્થાન ધરાવે છે. ■

## રાપર નજીક ૩.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:ભૂકંપ ઝોન-૫મા સમાવાયેલા સરહદી કચ્છમાં ચિંતાજનક સ્તરે ભૂગર્ભીય સળવળાટ સતત વધી રહ્યો છે. અતિભારે વરસાદ બાદ નીકળેલી વરાપ અને શ્રાવણ મહિનાના અંતિમ સોમપ્રદોષની પૂર્વ સંધ્યાએ ગત રવિવારના રાત્રે ૯ અને ૨૭ મિનિટે વાગડ ફોલ્ટલાઇનમાં ઉદભવેલા ૩.૩ની તીવ્રતા ધરાવતા ભૂકંપના આંચકાએ કચ્છની અશાંત ધરાને વધુ એકવાર ધ્રુજાવતાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

મધ્યમ કક્ષાના કંપન અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરી પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, પૂર્વ કચ્છના તાલુકા મથક રાપરથી દક્ષિણ-ઉત્તર દિશાએ ૨૦ કિલોમીટર દૂર કુડા ગામ તરફ કેન્દ્રબિંદુ ધરાવતો આ આંચકો રિક્ટર સ્કેલ પર અંકિત થયો હતો. આંચકાની અનુભૂતિ કેન્દ્રબિંદુ આસપાસના સીમાવર્તી વિસ્તારમાં વિશેષ અનુભવાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ખાસ કરીને કર્કવૃત જ્યાંથી પસાર થાય છે એવા કચ્છમાં અને સૌરાષ્ટ્રમાં ભૂગર્ભીય હિલચાલ ચિંતાજનક રીતે વધી રહી છે. રાપર, ભચાઉ અને પુરાતન નગરી ધોળાવીરા સહિતના વિસ્તારોને સમાવતી વાગડ ફોલ્ટલાઇન વધુ પડતી સક્રિય થઇ છે અને જાન્યુઆરીથી લઇ, સપ્ટેમ્બર સુધીના સમયગાળામાં ભૂકંપના નાના-મોટા સેંકડો આંચકાઓ નોંધાઈ ચુક્યા છે.

સૌરાષ્ટ્રના અમરેલી, તલાલા, જામનગર અને ઉના, તેમજ ઉત્તર ગુજરાતના પાલનપુર વિસ્તારમાં પણ ભેદી ધડાકા સાથે ભૂકંપના આંચકાઓ સમયાંતરે આવી રહ્યા છે જે એક ચિંતાનો વિષય બની ચુક્યા છે. ■

## વડા પ્રધાનના હસ્તે ૧૬મી સપ્ટેમ્બરથી મોટેરા-મહાત્મા મંદિર વચ્ચે મેટ્રો શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના મોટેરાથી ગાંધીનગરના મહાત્મા મંદિર વચ્ચે સપ્ટેમ્બરના બીજા સપ્તાહથી મેટ્રો ટ્રેન દોડતી થઇ જશે. આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે, ત્યારે તેમના દ્વારા આ રૂટનું ઉદઘાટન કરવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૬-૧૭ સપ્ટેમ્બરના ગુજરાત પ્રવાસમાં રૂટનો પ્રારંભ કરાવી શકે છે. ગત મહિનાના પ્રથમ સપ્તાહમાં જ કમિશનર ઓફ મેટ્રો રેલ સેફટી (સીએમઆરએસ) દ્વારા આ રૂટનું ઈન્સ્પેકશન હાથ ધરાયું હતું. ૧૫ ઓગસ્ટની આસપાસ જ આ રૂટનો પ્રારંભ થઇ શકે તેવી સંભાવના હતી, પરંતુ હવે વડા પ્રધાનના હસ્તે આ રૂટનું ઉદઘાટન થશે.

જો કે, આ અંગે જીએમઆરસી દ્વારા હજુ કોઇ સત્તાવાર જાહેરાત કરાઇ નથી. પ્રાપ્ત વિગતો અનુસાર મહાત્મા મંદિરથી ગિફ્ટ સિટી વચ્ચેની મેટ્રો ટ્રેનની કામગીરી હજુ ચાલુ જ છે અને તે રૂટ આ વર્ષના અંત સુધીમાં શરૂ થવાની સંભાવના હાલ નહિવત છે. મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગરના સેક્ટર-૧ (ઈન્દ્રોડા સર્કલ)ના ફેઝ-૨ની ટ્રાયલ ફેબ્રુઆરીમાં જ પૂરી કરી દેવાઇ હતી. જેના માટે નર્મદા કેનાલ ઉપર ૩૦૦ મીટરના કેબલ બ્રિજનું પણ નિર્માણ કરાયું છે. ફેઝ-૨માં કુલ ૨૮.૨૪ કિલોમીટરનો રૂટ છે.

જેમાં ૨૨.૮૪ કિલોમીટર મોટેરાથી મહાત્મા મંદિર કોરિડોર, ૫.૪૨ કિલોમીટર મંદિર-જીએનએલયુ-ગિફ્ટ સિટી કોરિડોરનો સમાવેશ થાય છે. મોટેરાથી મહાત્મા મંદિર વચ્ચે કુલ ૨૦ જ્યારે અને જીએનએલયુ-ગિફ્ટ સિટીના બે સ્ટેશન હશે. ■

## ગુજરાતમાં હૉસ્પિટલના ૧૫૦૦થી વધુ ડૉક્ટરની હડતાળ: ૧૦ હજાર ઓપીડી રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની સરકારી, મ્યુનિ. અને જીએમઈઆરએસ મળી ૬ હોસ્પિટલના ૧૫૦૦થી વધુ રેસિડન્ટ ડોક્ટર સોમવારથી હડતાળ પર ઉતરતા દર્દીઓની હાલત કફોડી બની છે. લોકોને ઈમરજન્સી સેવા મળવાનું બંધ થયું છે, ૧૦ હજારથી વધુ લોકોની ઓપીડી રદ થાય તેવી આશંકા છે. ડોક્ટરોની મુખ્ય ફરિયાદ એ છે કે, સરકારે ૪૦ ટકાને બદલે સ્ટાઈપન્ડમાં ૨૦ ટકાનો જ વધારો કર્યો છે. સરકારને અનેક રજૂઆત છતાં માગણી ન સ્વીકારાતા હડતાળ પાડવામાં આવી છે. બીજી તરફ સરકારે એક યાદીમાં જણાવ્યું હતું કે, રેસિડન્ટ અને ઈન્ટર્ન ડોક્ટરોના સ્ટાઈપન્ડમાં ૨૦ ટકા વધારો કરાયા છતાં હડતાળની ચીમકી અપાઈ છે. દર્દીના ભોગે આ પ્રકારની પ્રવૃત્તિ સાંખી લેવાશે નહીં. સિવિલ હોસ્પિટલે દર્દીઓને અગવડ ન પડે તે માટે મેડિકલ ઓફિસર સહિત ૧૧૦ ડોક્ટર તૈનાત કરવાની જાહેરાત કરી છે. ■

## વડોદરામાં શિક્ષણ પ્રધાન કુબેર ડિંડોર કિટ વિતરણ કરવા પહોંચતા લોકોએ ઉધડો લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અતિભારે વરસાદને કારણે ૨૭ અને ૨૮ ઓગસ્ટના રોજ વડોદરામાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. સંપૂર્ણ શહેરમાં જળસમાધિ લીધી હોય એ પ્રકારની સ્થિતિ પરિણમી હતી. બેથી ત્રણ દિવસ પાણીમાં વિતાવ્યા બાદ લોકોમાં તંત્ર પર ભારે રોષ ભભૂક્યો હતો, જે હજુ પણ યથાવત્ જોવા મળી રહ્યો છે. શહેરમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં જ્યાં નેતાઓ જાય છે ત્યાં પ્રજાનો જાકારો મળી રહ્યો છે.

વડોદરા શહેરમાં ઠેર-ઠેર સ્થાનિક લોકો દ્વારા પક્ષ હોય કે વિરોધપક્ષ, તમામ નેતાઓનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન ૨ સપ્ટેમ્બર સોમવારના રોજ શિક્ષણપ્રધાન કુબેર ડિંડોર પણ વડોદરાની મુલાકાતે પહોંચ્યા હતા. તેઓ શહેરના વાઘોડિયા રોડ પાસે આવેલી સોમનાથ સોસાયટીમાં અનાજ કિટ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ સ્થળ પર જાય એ પૂર્વે તેમણે દંડક બાલકૃષ્ણ શુક્લ અને કાર્યકર્તાઓ સાથે બેઠક કરી હતી, જો કે બાજુમાં રહેલી સોસાયટીના રહીશોએ આવીને વિરોધ નોંધાવ્યો હતો. કેટલાક સ્થાનિકોએ તેમને જણાવ્યું હતું કે અમારે કિટની નહીં, પરંતુ પાણીના નિકાલની જરૂરિયાત છે.

જ્યારે સોમનાથ સોસાયટીમાં તેઓ અનાજ કિટ વિતરણ કરવા ગયા હતા ત્યાં એક રહીશે આગળ વધવાનો ઇશારો કરી દીધો હતો. લોકોની વચ્ચે જ શિક્ષણ પ્રધાનને નીચું જોઈને ચાલતી પકડવી પડી હતી. એક સ્થાનિકે ભાજપથી દૂર રહેવા સુધીનું કહી દીધું હતું.

આ દરમિયાન જ ભાજપના સ્થાનિક કાર્યકરો અને દંડક દ્વારા વિરોધ કરી રહેલા લોકોને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એ દરમિયાન ભાજપના કાર્યકરો સાથે પણ સ્થાનિક લોકોની જીભાજોડી થઈ ગઈ હતી. અહીં એક સ્થાનિકે તો ત્યાં સુધી કહી દીધું હતું કે વર્ષોથી ભાજપ સાથે છીએ, પરંતુ હવે ભાજપથી દૂર રહેવું પડશે.

આ અંગે શિક્ષણપ્રધાન કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે આ પરિસ્થિતિમાં જે લોકોએ ખૂબ જ દુઃખ ભોગવ્યું છે, તેમના પરિવાર સાથે હું સહાનુભૂતિ રાખું છું. ફરીથી શિક્ષણકાર્ય શરૂ થાય અને સ્કૂલો ધબકતી થાય એ માટે અમારા શિક્ષકોએ ખૂબ સારી કામગીરી કરી છે.

આજે હું શુભેચ્છા મુલાકાત માટે આવ્યો છું. જે સ્કૂલો બંધ હતી એ ફરી આપણે શરૂ કરીશું. શિક્ષણ વિભાગના અધિકારીઓ છે તેમની સાથે મળી જેટલાં પુસ્તકો નાશ પામ્યાં છે, જે-તે એરિયામાં સર્વે કરીને સરકાર તરફથી પુસ્તકો આપીને ફરીથી અભ્યાસ શરૂ થાય એ મુજબ મુખ્યપ્રધાનના આદેશ અનુસાર કામગીરી કરી રહ્યા છીએ. ■

## સેમિકન્ડક્ટરની કંપની ગુજરાતમાં ₹ 3300 કરોડનું રોકાણ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને જીવંત બનાવવાના ઉદ્દેશ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે એક કંપનીને ગુજરાતના સાણંદમાં સેમિકંડક્ટર યુનિટ સ્થાપવાની દરખાસ્તને મંજૂરી આપી હતી.

રૂપિયા ૩,૩૦૦ કરોડના રોકાણ સાથે સૂચિત એકમની સ્થાપના કરવામાં આવશે. આ યુનિટની ક્ષમતા દરરોજ ૬૦ લાખ ચિપ્સ બનાવવાની હશે. આ યુનિટમાં ઉત્પાદિત ચિપ્સ વિવિધ પ્રકારની એપ્લિકેશનોને પૂરી પડાશે જેમાં ઔદ્યોગિક, ઓટોમોટિવ, ઈલેક્ટ્રિક વાહનો, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ, મોબાઈલ ફોન વગેરે સેગમેન્ટનો સમાવેશ થાય છે.

ભારતમાં સેમિકન્ડક્ટર્સ અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમના વિકાસ માટેના કાર્યક્રમને ૨૧.૧૨.૨૦૨૧ના રોજ નોટિફાઈડ કરવામાં આવ્યો હતો જેમાં કુલ રૂપિયા ૭૬,૦૦૦ કરોડનો ખર્ચ થશે. જૂન, ૨૦૨૩માં કેન્દ્રીય કેબિનેટે ગુજરાતના સાણંદમાં સેમિકંડક્ટર યુનિટ સ્થાપવાની પ્રથમ દરખાસ્તને મંજૂરી આપી હતી.

ફેબ્રુઆરી ૨૦૨૪માં વધુ ત્રણ સેમિકંડક્ટર એકમોને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં એક કંપની ગુજરાતના ધોલેરામાં સેમિકંડક્ટર ફેબ અને આસામના મોરીગાંવમાં એક સેમિકંડક્ટર યુનિટ સ્થાપી રહી છે. અન્ય એક કંપની દ્વારા ગુજરાતના સાણંદમાં એક સેમિકંડક્ટર યુનિટની સ્થાપના કરવામાં આવી રહી છે.

તમામ ૪ સેમિકંડક્ટર એકમોનું નિર્માણ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે અને એકમોની નજીક એક મજબૂત સેમિકંડક્ટર ઈકોસિસ્ટમ ઊભરી રહી છે. આ ૪ એકમો લગભગ ૧.૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. આ એકમોની સંચિત ક્ષમતા દરરોજ લગભગ ૭ કરોડ ચિપ્સ બનાવવાની છે. ■

## વિદેશ ફરાર ગુજરાતના ૧૦૦ ગુનેગારોના પાસપોર્ટ કેન્સલ કરવા પ્રક્રિયા શરૂ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગંભીર ગુનાઓ આચરીને વિદેશ ભાગી ગયેલા ગુનેગારો હવે વિદેશમાં પણ રહી શકશે નહીં. ગુજરાત પોલીસે તેમને પાછા લાવવા માટે હવે લૂક આઉટ અને રેડ કોર્નર નોટિસની સાથે પાસપોર્ટ રદ કરાવી દેવાનું શરૂ કર્યુ છે. જેના ભાગરૂપે ગુજરાત પોલીસે કબૂતરબાજીમાં સામેલ ૪, ક્રિકેટ સટ્ટામાં સામેલ ૩ દારૂના ગુનામાં ફરાર ૧ મળીને ૮ ગુનેગારના પાસપોર્ટ રદ કરાવી દીધા છે, જ્યારે જુદી જુદી એજન્સીઓ પાસેથી વિદેશ ભાગી ગયેલા ૧૦૦ જેટલા ગુનેગારોની યાદી એકત્રિત કરવામાં આવી રહી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાયે જણાવ્યું હતુ કે, સ્ટેટ મોનિટરિંગ સેલની તપાસોમાં કુલ ૮ આરોપી વિદેશ ભાગી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. જેના આધારે રાજ્ય અને કેન્દ્રના ગૃહ વિભાગની મંજૂરી લઈને તે તમામના પાસપોર્ટ રદ કરવા માટે પ્રક્રિયા શરૂ કરી હતી. જેમાં સફળતા મળતા સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા વિદેશ ભાગી ગયેલા ૮ ગુનેગારના પાસપોર્ટ રદ કરી દેવાયા છે. જેના કારણે તેઓ અસલ પાસપોર્ટ ઉપર હવે ક્યાંય મુસાફરી કરી શકશે નહીં. જોકે ગુજરાતની અન્ય એજન્સીઓના મળીને કુલ ૧૦૦ જેટલા ગુનેગારો હાલમાં વિદેશમાં હોવાની માહિતી ગૃહ વિભાગને મળી છે. જેના આધારે તેમના લોકેશન જાણવાનું શરૂ કરવામાં આવ્યું છે. ત્યારબાદ તે તમામના પાસપોર્ટ પણ રદ કરવા પ્રક્રિયા કરવામાં આવશે તેવું ગુજરાતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું. ■

## દીપક ઠક્કરના ૧૪ દિવસના રિમાન્ડની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દુબઈથી ઝડપાયેલા સટ્ટાકાંડના આરોપી દીપક ઠક્કરને કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસની રિમાન્ડની માગ કરવામાં આવી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલે વિદેશમાંથી પકડેલા સટ્ટાકિંગ દીપક ઠક્કરને પ્રત્યર્પણ સંધી દ્વારા ભારત લાવવામાં આવ્યો હોવાની કોર્ટને જાણકારી આપવામાં આવી હતી. સટ્ટાકાંડમાં દીપક ઠક્કરનો ખુબ મોટો રોલ છે તેવું તપાસમાં સામે આવ્યું છે અને હાલમાં પણ કેટલાક આરોપીઓ દુબઈમાં જ છે. જ્યારે પ્રત્યાર્પણ સંધી અંગે આરોપીને ભારત લઈને આવ્યા હોવાની કોર્ટમાં જાણકારી આપવામાં આવી હતી. સરકારી વકીલે કોર્ટમાં કહ્યું હતું કે, સમીર નામની વ્યક્તિ પાસેથી સર્વર લેવામાં આવ્યું હતુ એટલે સમીર અને મેટા ટ્રેડર અંગે પૂછપરછ જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી પાસેથી ૪૬ માસ્ટર આઈડી કોમ્પ્યુટર અને લેપટોપમાંથી મળી આવ્યા છે અને ભારતની સાથે સાથે અન્ય વિદેશી નંબરો પણ મળ્યા છે, ત્યારે નંબરો અને આંગડિયા પેઢી અંગે પણ તપાસ જરૂરી છે. ■

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 210 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ શ્રાવણ વદ-30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 September 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૩ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# આંધ્ર-તેલંગણામાં વરસાદનો કેરઃ ૩૧નાં મોત

## છેલ્લાં ત્રણ દિવસમાં આંધ્ર પ્રદેશમાં સાડાચાર લાખ કરતા પણ વધુ લોકો પ્રભાવિત થયા

હૈદરાબાદઃ બંગાળના અખાતમાં સર્જાયેલા હવાના હળવાં દબાણનાં પટ્ટાને કારણે છેલ્લાં ત્રણ દિવસમાં આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં કુલ ૩૧ જણનાં મોત થયાં હોવાનું સરકારે સોમવારે કહ્યું હતું.

વરસાદ સંબંધિત ઘટનામાં આંધ્ર પ્રદેશમાં ૧૫નાં તો તેલંગણામાં ૧૬નાં મોત થયાં હોવાં ઉપરાંત અનેક લોકો હજુ પણ ગુમ હોવાનું સરકારે કહ્યું હતું.

વરસાદને કારણે છેલ્લાં ત્રણ દિવસમાં આંધ્ર પ્રદેશમાં સાડાચાર લાખ કરતા પણ વધુ લોકો પ્રભાવિત થયા હતા. ૩૧, ૨૩૮ લોકોને ૧૬૬ રાહત છાવણીઓમાં ખસેડવામાં આવ્યા હતા.

આંધ્ર પ્રદેશમાં વરસાદને કારણે સૌથી વધુ પ્રભાવિત થયેલા જિલ્લાઓમાં એનટીઆર, ગંટૂર, ક્રિષ્ણા, એલૂરુ, પાઈનાડુ, બાપત્લા, પ્રાકશમ વગેરેનો સમાવેશ થાય છે, એમ સોમવારે સત્તાવાર બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું. એસડીઆરએફની ૨૦ અને એનડીઆરએફની ૧૯ ટૂકડી બચાવ અને રાહત કામગીરીમાં જોડાઈ છે.

તમિળનાડુના મુખ્ય પ્રધાન રેવાન્થ રેડ્ડીના વડપણ હેઠળની તમિળનાડુની સરકારે ભારે વરસાદને કારણે રાજ્યમાં નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિને રાષ્ટ્રીય આફત જાહેર કરવાની કેન્દ્ર સરકારને વિનંતી કરી હતી. રાજ્યના આઈટી અને ઉદ્યોગ ખાતાના

(જુઓ પાનું ૨) ▶▶

## શ્રાવણના છેલ્લા દિવસે

# મેઘરાજાનો દક્ષિણ ગુજરાતમાં સપાટો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી વિરામ લીધા બાદ આજે શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે મેઘરાજાએ દક્ષિણ ગુજરાતના તાપી, નવસારી, ડાંગ સહિતના જિલ્લાઓમાં સપાટો બોલાવી નવ ઇંચ જેટલું પાણી વરસાવ્યું હતું. તાપી

(જુઓ પાનું ૨) ▶▶


સ્વાદ માટે અજોડ
જુની, જાણીતી અને સર્વેની માનીતી
SINCE 1900
લક્ષ્મી
સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કું. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ



ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 65,700/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## કૃષિ ક્ષેત્રને બુસ્ટર

# ₹ ૧૪,૦૦૦ કરોડની યોજનાઓને કેબિનેટની બહાલી

નવી દિલ્હી : કેન્દ્રીય પ્રધાનમંડળે સોમવારે કૃષિ ક્ષેત્રને સંબંધિત સાત મોટી યોજનાઓ માટે ૧૪,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આમાં ૨,૮૧૭ કરોડ રૂપિયા ડિજિટલ મિશન અને ૩,૯૭૯ કરોડ રૂપિયા પાકવિજ્ઞાનની યોજના માટે ફાળવવામાં આવ્યા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની પ્રધાનમંડળની બેઠક પછી કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે ઉક્ત જાહેરાતો કરી હતી. કૃષિ શિક્ષણને મજબૂત બનાવવા ૨,૨૯૧ કરોડ રૂપિયાના કાર્યક્રમને મંજૂરી આપવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે ૧,૭૦૨ કરોડ રૂપિયાની યોજના ઢોરોના આરોગ્યની જાળવણી અને તેમના ઉત્પાદન માટે મંજૂર કરવામાં આવી છે. પ્રધાનમંડળે બીજી એક મોટી યોજના બહાલ કરી હતી જે બાગકામના ટકાઉ વિકાસને લગતી છે. પ્રધાનમંડળે કૃષિ વિજ્ઞાન કેન્દ્રને (૧,૨૦૨ કરોડ રૂપિયા) અને નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ (૧,૧૧૫ કરોડ રૂપિયા) મજબૂત બનાવવાનો નિર્ણય લીધો હતો. કૃષિ ક્ષેત્રને ૧૩,૯૬૦ કરોડ રૂપિયાની કુલ ફાળવણી કરાઈ છે. (એજન્સી)■


100% PURE NEW ZEALAND
14 Days NZ Group Tour with Maharaj Oct - Jan 2025
DOWNLOAD TOUR PLAN
PAY ONLY 25,000/- & BOOK YOUR SEAT
ESTD. 2014
Freedom
+91 98751 62567
FREEDOMTOURISM.COM


# ઉત્તર પ્રદેશ સરકારને 'સુપ્રીમ' ઝટકો

નવી દિલ્હીઃ અનેક રાજ્યમાં વહીવટીતંત્ર ફોજદારી ગુનામાં સંડોવાયેલા લોકોનાં ઘર પર બુલડોઝર ફેરવી રહ્યા હોવા વચ્ચે સુપ્રીમ કોર્ટે સોમવારે સવાલ કર્યો હતો કે માત્ર આરોપી હોવાને કારણે જ કઈ રીતે કોઈપણ પ્રકારની

(જુઓ પાનું ૨) ▶▶


અજય મોદીના દિવાળી પ્રવાસો
ભૂતાન
₹37999 વ્યક્તિ દીઠ અને વધુ | ૦૮ દિવસ
ગુજરાતી-પંજાબી-કાઠીયાવાડી ભોજન
વૈષ્ણોદેવી
પટનીટોપ-શિવખોડી
₹5999 વ્યક્તિ દીઠ અને વધુ | ૦૫ દિવસ
Kandivali-63596 19321









મોટાભાઈ, ૩૮ વર્ષનો અનુભવ છે!
કોઇ 'રેવડી' નહીં
કોઇ 'ડિસ્કાઉન્ટ' નહીં
માત્ર સર્વિસ... સર્વિસ અને સર્વિસ

મહારાજ સાથે ગ્રુપ ટુર — સ્પીતી (હિમાચલ પ્રદેશ - વેલી) — 89284 67688 / 99300 92741
સાંગલા - સરહાન — કિન્નોર (વેલી - હિમાચલ પ્રદેશ) — 89284 67688 / 99300 92741
ચોપતા - ઋષિકેશ — ઔલી — 8928467688 / 9930092741
બંડિપુર - વૈત્રિ — કુર્ગ — 9326474508 / 9833515645
ખજુરાહો - ગ્વાલીયર — મધ્ય પ્રદેશ — 8928467688 / 9930092741
પારો-પુનાખા-થીમ્પુ — ભૂતાન — 9326474508 / 9833515645
પોખરા-ચિત્તવન — નેપાલ — 9326474508 / 9324210059
જયપુર- જોધપુર — રાજસ્થાન — 8591467707 / 9326474508
બદ્રિનાથ - કેદારનાથ — ચારધામ — 9324210059 / 9930092741
અયોધ્યા-વારાણસી — ઉત્તર પ્રદેશ — 9324210059 / 9930092741
આસામ - મેઘાલય — અરુણાચલ — 9326474508 / 9769442741
દાર્જિલિંગ -પેલિંગ — સીક્કીમ — 8104068685 / 8369230503
મસુરી -કોર્બેટ — ઉત્તરાખંડ — 8369230503 / 9769442741
આર્યનવેલી- દ્રાસ — લદાખ — 8591467707 / 9833515645
પટ્નીટોપ - કતરા — કાશ્મીર — 8104068685 / 8591467707
ડેલહાઉઝી મનાલી - સીમલા — હિમાચલ — 9137890531 / 7021657978
મુન્નાર - કોવાલમ — કેરાલા — 7021657978 / 9137890531
સીમલા - મનાલી — જીભી — 8928467688 / 9769442741

વ્યવસ્થિત બજેટ અને ઉંચો ટેસ્ટ ધરાવતા ૨૦ થી વધૂ વ્યક્તિનો સીલેક્ટેડ ગ્રુપો માટે સ્પેશિયલ ગ્રુપ ટુરોના વૈભવી આયોજન માટે મારો સંપર્ક સાધો.
જીતુભાઈ શાહ...8928467688

Heena® TOURS & TRAVELS
303 / 304 / 305, એમ એલ સ્પેસ, ડી જે રોડ (સ્ટેશન રોડ), વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-56
ફોન:- 022-67294444 / 61596900
ઘાટકોપર: 022-67295000 | સુરત: 0261-2456655
અમદાવાદ: 079-49065500 | પુના: 8237042741
enquiry@heenatours.in
www.heenatours.in

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાષ્ટ્રપ્રમુખ-ઉપરાષ્ટ્રપતિએ રેપની ઘટનાઓ પર આક્રોશ વ્યક્ત કરવો જોઇએ

**કોલકાત્તામાં** આરજી કાર મેડિકલ કોલેજ અને હૉસ્પિટલમાં ૯ ઓગસ્ટના રોજ થયેલા ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર પછી હત્યા સહિતની ઘટનાઓના કારણે મહિલાઓની સુરક્ષાને મુદ્દે ચિંતા વ્યક્ત થઈ રહી છે ત્યારે આપણાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંનેએ બળાત્કારની ઘટનાઓ અંગે વિચારો વ્યક્ત કર્યા.

રવિવારે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે જિલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીય પરિષદનો સમાપન કાર્યક્રમ હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન હતાં. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પેન્ડિંગ કેસો અને બેકલોગને ન્યાયતંત્ર માટે મોટો પડકાર ગણાવીને કહ્યું કે, બળાત્કાર જેવા કેસમાં કોર્ટનો નિર્ણય વરસો પછી આવે છે ત્યારે સામાન્ય માણસને લાગે છે કે ન્યાયની પ્રક્રિયામાં સંવેદનશીલતા રહી નથી.

રાષ્ટ્રપતિ મુર્મૂએ કોલકાતામાં ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર-હત્યા અંગે ૨૭ ઓગસ્ટે કહ્યું હતું કે, હું આ ઘટનાથી નિરાશ અને ભયભીત છું. આ અતિરેક થઈ ગયો છે પણ કમનસીબે આપણા સમાજમાં આવી ઘટનાઓને ભૂલી જવાની ખરાબ ટેવ છે. રાષ્ટ્રપતિ મુર્મૂએ 'વીમેન સીક્યુરિટીઃ જસ્ટ ઈનફ' નામે લખેલા લેખમાં કહ્યું હતું કે, કોઈ પણ સંસ્કારી સમાજ પોતાની બહેન-દીકરીઓ અને બહેનો પર આવા અત્યાચારને મંજૂરી આપી શકે નહીં. રાષ્ટ્રપતિ મેડમે આ જ વાતને દોહરાવી છે.

મુર્મૂ મેડમના કહેવા પ્રમાણે, આપણે બધાં માનીએ છીએ કે, ભગવાનના ઘરે દેર છે, અંધેર નહીં. પણ દેર ક્યાં સુધી ચાલે ? આ વિલંબ કેટલો લાંબો હોઈ શકે એ વિશે આપણે વિચારવું પડશે કેમ કે ન્યાય મળે ત્યાં સુધીમાં પીડિતો કે પીડિતોના પરિવારના ચહેરા પરથી સ્મિત ગાયબ થઈ જાય છે અને ઘણા કિસ્સામાં તેમનું જીવન પણ સમાપ્ત થઈ જાય છે. આપણે આ વિશે ઊંડાણપૂર્વક વિચારવાની જરૂર છે.

મુર્મૂએ કોર્ટમાં તાત્કાલિક ન્યાય મેળવવા માટે કેસોની સુનાવણી મોકૂફ રાખવાની સંસ્કૃતિને ખતમ કરવી પડશે એ વાત પર ભાર મૂકીને કહ્યું કે, ન્યાયની રક્ષા કરવાની આ દેશના તમામ ન્યાયાધીશોની જવાબદારી છે પણ કોર્ટ રૂમમાં પ્રવેશતા જ સામાન્ય માણસનું સ્ટ્રેસ લેવલ વધી જાય છે. રાષ્ટ્રપતિએ આ ડરને 'બ્લેક કોટ સિન્ડ્રોમ' નામ આપીને તેના વિશે વિચારવાની અપીલ પણ કરી.

આપણા ઉપરાષ્ટ્રપતિ ડૉ. જગદીપ ધનખડે પણ ૩૧ વર્ષીય પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઇની ડોક્ટર સાથે ક્રૂર બળાત્કાર અને હત્યાનો મુદ્દો ઉઠાવ્યો. ધનખડે આ ઘટના અંગે મૌન રહેવા બદલ કેટલીક બિન-સરકારી સંસ્થાઓ (એનજીઓ)ને આડે હાથ લઈને કહ્યું કે, આ બધાંનું મૌન ૯ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ બનેલા અપરાધના અપરાધીઓના દોષિત કૃત્ય કરતાં ઘણું ખરાબ છે. ધનખડના કહેવા પ્રમાણે, આ મુદ્દે રાજકારણ રમવા માંગે છે એ લોકો પોતાના અંતરાત્માને અનુસરી નથી રહ્યા.

રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંને આ દેશમાં ટોચના બે બંધારણીય હોદ્દા પર છે. કોલકાત્તાની ઘટના અત્યંત શરમજનક છે અને કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિને ખળભળાવી મૂકવા માટે પૂરતી છે. આપણાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની સંવેદનશીલતા પણ તેના કારણે ખળભળી ઉઠી હોય તો એ સ્વાભાવિક છે. બંને તેની ટીકા કરે કે ઝાટકણી કાઢે એ યોગ્ય છે પણ તકલીફ ગણો તો તકલીફ ને કમનસીબી ગણો તો કમનસીબી એ છે કે, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંનેની સંવેદના આ જ પ્રકારની બીજી ઘટનાઓ વખતે જાગતી નથી.

મણિપુરમાં મહિલાઓને નગ્ન કરીને પરેડ કરાવીને ગેંગ રેપ કરવાની ઘટના હોય કે દેશની કુશ્તીબાજ દીકરીઓની ભાજપના એક સાંસદ દ્વારા જાતિય સતામણીની ઘટના હોય, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંને ચૂપ હતાં. આ બંને ઘટનાઓની વાત વારંવાર કરવી પડે છે કેમ કે આ બંને ઘટના આ દેશમાં સ્ત્રીઓ પરના અત્યાચારની ચરમસીમા જેવી છે.

મહિલાઓ પર બળાત્કાર કે રેપની દરેક ઘટના આઘાતજનક જ ગણાય તેથી કોઈ ઘટના વધારે ગંભીર ને કોઈ ઓછી ગંભીર એવું ના કહી શકાય પણ આ બંને ઘટનાનો ઉલ્લેખ એટલે કરીએ છીએ કે, આ બંને ઘટનામાં જેમની જવાબદારી મહિલાઓની સુરક્ષા કરવાની હતી એવા લોકો સંડોવાયેલા હતા. બંને ઘટનામાં ખુલ્લેઆમ દીકરીઓને બેઈજ્જત કરાઈ અને દીકરીઓને હૂંફની જરૂર હતી ત્યારે કોઈ તેમને પડખે ઉભું ના રહ્યું. દોષિતોને સજા કરાવનારા સજા કરાવવાના બદલે તેમના દલાલો તરીકે વર્તતા હતા.

આપણા ઉપરાષ્ટ્રપતિ સાહેબ કોલકાત્તાની ઘટના વિશે એનજીઓની ચુપકીદી સામે સવાલ કરી રહ્યા છે, તેમને અંતરાત્માની દુહાઈ આપી રહ્યા છે પણ સાહેબ પોતે મણિપુર કે કુશ્તી ફેડરેશનની ઘટના વખતે કેમ ચૂપ હતા ? આવી ખળભળાવી નાંખનારી ઘટના જોઈને પણ તેમનો અંતરાત્મા કેમ નહોતો જાગ્યો ?

રાષ્ટ્રપતિ મેડમ તો પોતે એક મહિલા છે અને આ દેશની દરેક દીકરી માટે માતા સમાન છે પણ રાષ્ટ્રપતિ પોતે માતા તરીકે વર્ત્યાં ખરાં ? બિલકુલ નથી વર્ત્યાં. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંને બંધારણીય હોદ્દા પર બેઠેલી વ્યક્તિ તરીક વર્તવાના બદલે ભાજપના નેતા તરીકે વર્ત્યાં છે. ને એનજીઓ કંઈ સત્તામાં નથી પણ સત્તામાં બેઠેલા બીજા લોકો પણ ચૂપ રહ્યાં છે. તેમની ચુપકીદી સામે પણ સવાલ કેમ નથી કરતા ? તમે બંને તો દેશનાં વડીલ છો પણ વડીલ તરીકે વર્તવાનું પણ રાખો.

આપણે એવા દેશમાં જીવીએ છીએ કે જ્યાં દર અઠવાડિયે આવી કોઈ ને કોઈ ઘટના બન્યા જ કરે છે. આપણાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ કેટલી ઘટનાઓની ટીકા કરે છે કે તેમનો ઉલ્લેખ પણ કરે છે ? નજીકના ભૂતકાળમાં તો રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંનેએ આવી કોઈ ઘટનાની ટીકા કરી હોય એવું યાદ નથી. કોલકાત્તાની ટ્રેઈની ડોક્ટર આ દેશની દીકરી હતી ને તેણે વેઠવી પડેલી પીડાથી દુઃખ થાય, તેના પર કરાયેલા અત્યાચારોથી આક્રોશ પણ જાગે પણ આ દર્દ અને આક્રોશ દેશની બીજી દીકરીઓ પર અત્યાચાર થાય ત્યારે નથી દેખાતો.

હવે કોલકાત્તાની ઘટનાના કારણે બંનેનો અંતરાત્મા જાગી ઉઠ્યો છે, બંનેને દેશની દીકરીઓની ચિંતા થવા માંડી છે એ જોઈને હસવું આવે છે પણ આશા રાખીએ કે બંનેનો અંતરાત્મા જાગેલો જ રહે. હવે પછી દેશમાં બનતી આવી તમામ ઘટનાઓ અંગે બંને બોલે અને ભેદભાવ ના રાખે. માત્ર ભાજપ વિરોધી રાજ્યોમાં બનતી બળાત્કાર કે મહિલાઓ પર અત્યાચારની ઘટનાઓ અંગે જ નહીં પણ બીજી ઘટનાઓ અંગે પણ બોલે.■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), મંગળવાર,
તા. ૩-૯-૨૦૨૪ શિવ પાર્થેશ્વર પૂજા સમાપ્તિ

- ભારતીય દિનાંક ૧૨, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, શ્રાવણ વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે શ્રાવણ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૯ સુધી (તા. ૪થી) પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૨૫ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૫, સ્ટા. ટા.
- - : મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૨-૨૩, મધ્યરાત્રે ક. ૦૦-૨૯
- ઓટઃ સાંજે ક. ૧૮-૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૧૨ (તા. ૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - અમાવસ્યા. શિવ પાર્થેશ્વર પૂજા સમાપ્તિ, નકલંગ મેળો (ભાવનગર), મંગલાગૌરી વ્રત, ઈષ્ટિ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ ગ્રહદેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, માલ વેચવો, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ભગ દેવતાનું પૂજન, ખાખરાનું વૃક્ષ વાવવું, ભગ દેવતાનું પૂજન, માલ વેચવો, નિત્ય થતાં પશુ લે-વેચનાં કામકાજ.
- શ્રાવણ મહિમાઃ ઉગ્ર સ્વભાવ, વારંવાર ક્રોધ આવતો હોય તેમણે દૈનિક, નિત્ય શિવ પૂજા અવશ્ય કરવી. શિવપૂજાનાં મંત્રોચાર સહિત શ્રી સુક્તનાં પાઠ કરવા. હનુમાનની ભક્તિ,વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્રનાં પાઠ કરવાં. શક્તિની ઉપાસનાં વગર શિવ પૂજા ભક્તિ અધુરી છે.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય યુતિ, મંગળ-નેપ્ચૂન ચતુષ્કોણ મિથ્યાભિમાની, ચંદ્ર-શનિ પ્રતિયુતિ શંકાશીલ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ પૈસાનો વેડફાટ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય યુતિ શ્રાવણ અમાસ યોગ, મંગળ-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ (તા. ૪)

- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# આસામમાં ₹ 30 કરોડની કિંમતનું ડ્રગ્સ જપ્ત, ત્રણ પેડલરની ધરપકડ

ગુવાહાટીઃ આસામના કચર જિલ્લામાં ભારે માત્રામાં ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. આ જથ્થામાં આશરે રૂ. ૩૦ કરોડની કિંમતની યાબા ગોળીઓ જપ્ત કરવામાં આવી હતી. તેમજ આ મામલે ત્રણ પેડલરની ધરપકડ કરવામાં આવી હતી. આ જાણકારી અધિકારીઓએ સોમવારે આપી હતી.

કરીમગંજના પોલીસ અધિક્ષક પાર્થ પ્રોતિમ દાસના જણાવ્યા અનુસાર ડ્રગ્સ વિશે ચોક્કસ માહિતી મળ્યા બાદ રવિવારે રાત્રે બદરપુર પોલીસ સ્ટેશન હેઠળના જલાલપુર વિસ્તારમાં નશીલા પદાર્થ વિરોધી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન એક વાહનને રોકવામાં આવ્યું હતું. આ વાહનના એક ગુપ્ત ડબ્બામાંથી ૧,૦૦,૦૦૦ યાબાની ગોળીઓ મળી આવી હતી. તે મિઝોરમથી આવી રહી હતી.

દાસે વધુમાં જણાવ્યું હતું કે પોલીસે આ મામલે ત્રણ લોકોની ધરપકડ કરી છે. તેઓ કછારના કટિગોરાહ પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી છે. તેમણે કહ્યું કે બજાર કિંમત મુજબ જપ્ત કરાયેલી દવાની કિંમત અંદાજે ૩૦ કરોડ રૂપિયા છે. મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ એક્સ પર રાજ્યને ડ્રગ મુક્ત બનાવવા માટે આસામ પોલીસના પ્રયાસોની પ્રશંસા કરી હતી. યાબા અથવા થાઇમાં 'મેડ ડ્રગ' એ મેથામ્ફેટામાઇન(એક શક્તિશાળી અને વ્યસન ઉત્તેજક) અને કેફીનના મિશ્રણનું ટેબ્લેટ સ્વરૂપ છે. ■

# રામ ભક્તો દક્ષિણ આફ્રિકામાં ૧૦ લાખ હનુમાન ચાલીસાનું વિતરણ કરશે

જોહાનિસબર્ગઃ દક્ષિણ આફ્રિકામાં એક અગ્રણી હિન્દુ સંગઠને આગામી પાંચ વર્ષમાં હનુમાન ચાલીસાની ૧૦ લાખ પોકેટ-સાઇઝ નકલો મફતમાં વહેંચવાનો કાર્યક્રમ શરૂ કર્યો છે. હનુમાન ચાલીસાની વૈશ્વિક સ્તરે સૌથી નાની મુદ્રિત આવૃત્તિ માનવામાં આવતી પ્રથમ ૧૦,૦૦૦ નકલોનું લોન્ચિંગ અને વિતરણ શનિવારે અહીંના વિષ્ણુ મંદિરમાં 'ભક્તિના ઉત્સવ' દરમિયાન થયું હતું.

એસએ હિન્દુસ સંસ્થાના સ્થાપક પંડિતા લ્યુસી સિગાબાને જણાવ્યું હતું કે 'અમે આધ્યાત્મિક વિકાસ, સમુદાય સેવા અને સાંસ્કૃતિક જાળવણીની ઉજવણી કરવા માટે સમગ્ર દક્ષિણ આફ્રિકામાં એક ડઝનથી વધુ ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓની હાજરીમાં આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.'

શેરેનો પ્રિન્ટર્સના માલિક નિરન સિંહને આ પ્રોજેક્ટમાં તેમની કંપનીના યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં ઘણું મેન્યુઅલ કામ સામેલ હતું.

વિતરણ કરવામાં આવેલ હનુમાન ચાલીસા સરળતાથી પર્સ અથવા વોલેટમાં ફિટ થઈ શકે છે.

સિગાબાને કહ્યું કે 'હનુમાન ચાલીસાનું કદ નાનું હોવા છતાં, લખાણ લોકો દ્વારા સરળતાથી વાંચી શકે તેટલું મોટું છે.' ■

# કેરળના મુખ્ય પ્રધાને પોલીસના ટોચના અધિકારીઓ સામેના આક્ષેપોની તપાસનો આદેશ આપ્યો

કોટ્ટયમ (કેરળ ) : શાસક લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટના વિધાનસભ્ય પી. વી. અનવરે મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયનના ખાસ વિશ્વાસુ અને કાયદો અને વ્યવસ્થાના એડિશનલ ડિરેક્ટર જનરલ ઑફ પોલીસ (એડીજીપી) એમ. આર. અજિત કુમાર સહિતના આઈપીએસના ટોચના અધિકારીઓ સામે કરેલા આક્ષેપોની ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની કેરળ સરકારે જાહેરાત કરી છે. વિરોધ પક્ષો તરફથી આ આક્ષેપો પર તીવ્ર પ્રત્યાઘાતો આવ્યા એના એક દિવસ બાદ ઉક્ત જાહેરાત કરવામાં આવી હતી.

સીપીઆઈ-એમના નેતૃત્વ હેઠળની સરકારને મુશ્કેલીમાં મૂકતાં નિલામ્બુરના વિધાનસભ્યે રવિવારે એવો આક્ષેપ કર્યો હતો કે મુખ્ય પ્રધાન વિજયનના રાજકીય સચિવ પી. સાસી અને એડીજીપી ( કાયદો અને વ્યવસ્થા) અજિત કુમાર વિશ્વાસનો ભંગ કરી રહ્યા છે અને પોતાની જવાબદારી પ્રમાણિકપણે બજાવતા નથી.

આ બાબત પર પોતાનું મૌન તોડતાં મુખ્ય પ્રધાને મંગળવારે કડક રવૈયો અપનાવીને કહ્યું હતું કે વિધાનસભ્યે કરેલા આક્ષેપોની ઉચ્ચ સ્તરીય તપાસ ટોચની રેન્કના ઓફિસર કરશે. આવો મહત્ત્વનો નિર્ણય જાહેર સમારોહમાં કહીને પીઢ સામ્યવાદી નેતાએ અભૂતપૂર્વ પગલું લીધું છે. રસપ્રદ વાત તો એ છે કે મુખ્ય પ્રધાને ઉક્ત નિર્ણયની જાહેરાત કરી ત્યારે અજિત કુમાર મંચ પર હાજર હતા.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે જે મુદ્દા ઉઠાવામાં આવ્યા છે એને અતિશય ગંભીરતાથી અને કોઈ પણ દ્વેષ રાખ્યા વિના હાથ ધરાશે. પોલીસદળમાં શિસ્તનો ભંગ થયો હશે તો કોઈ પણ સંજોગોમાં એને ચલાવી નહીં લેવાય. પોલીસ એસોસિયેશનના એક સમારોહમાં તેમણે આ ટકોર કરી હતી. વિજયને આ સાથે કેરળ પોલીસના યોગદાનની સરાહના કરી હતી. તેમણે કહ્યું હતું કે એક નાનો વર્ગ પોલીસદળમાં થઈ રહેલા ફેરફારને સ્વીકારતો નથી અને એના સકારાત્મક જુસ્સાની વિરુદ્ધ કામ કરે છે. (એજન્સી)■

# ખરાબ હવામાનને કારણે આદિ કૈલાશના યાત્રાળુઓને પરમિટ આપવાનું મોકૂફ રખાયું

પિથોરાગઢઃ જિલ્લામાં પ્રવર્તતી પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે આદિ કૈલાશ શિખર અને ઓમ પર્વતની મુલાકાત લેતા તીર્થયાત્રીઓને આંતરિક લાઇન પરમિટ આપવાનું મોકૂફ રાખવામાં આવ્યું છે હોવાની માહિતી પ્રાપ્ત થઇ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અગાઉ કરાયેલી જાહેરાત મુજબ, ચોમાસાની શરૂઆત સાથે જે પ્રક્રિયા અટકાવવામાં આવી હતી તે આદિ કૈલાશ યાત્રાના બીજા તબક્કા માટે ૧ સપ્ટેમ્બરથી ફરી શરૂ થવાની હતી.

ધારચુલાના એસડીએમ મનજીત સિંઘે જણાવ્યું હતું કે, વરસાદ બંધ થયા બાદ અને હવામાન સારું થયા બાદ અમે યાત્રાળુઓ માટે આંતરિક લાઇન પાસ આપવાનું શરૂ કરીશું. ઑક્ટોબરના છેલ્લા અઠવાડિયા સુધી આંતરિક લાઇન પાસ જારી કરવાનું ચાલુ રહેશે.

યાત્રા માટેની નોડલ એજન્સી કુમાઉ મંડલ વિકાસ નિગમે જણાવ્યું હતું કે હવામાનની સ્થિતિમાં સુધારો થયા બાદ તે ૨૯ સપ્ટેમ્બરથી આદિ કૈલાશ શિખર અને ઓમ પર્વતના દર્શન માટે યાત્રાળુઓને લઈ જવાનું શરૂ કરશે.

''ઊંચાઈવાળા વિસ્તારોમાં ઓછી હિમવર્ષાને લીધે ઓમ પર્વત હજુ પણ સ્પષ્ટપણે દેખાતો નથી. ૨૦ સપ્ટેમ્બર પછી મુલાકાતીઓ માટે વધુ અનુકૂળ હવામાન રહેવાની ધારણા છે,'' એવી માહિતી ધારચુલા બેઝના પ્રભારી ધન સિંહે આપી હતી.

ચોમાસા દરમિયાન ભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને આદિ કૈલાશ યાત્રાનો પ્રથમ તબક્કો ૨ જુલાઈએ બંધ કરવામાં આવ્યો હતો. ■

# મણિપુરમાં ઉગ્રવાદીઓએ ડ્રોનથી બોમ્બ ફેંક્યા, બેનાં મોત

ઇમ્ફાલઃ ગત વર્ષે મે મહિનાથી મણિપુરમાં શરૂ થયેલી હિંસા હજુ પણ કાબૂમાં આવી નથી. સરકારના શાંતિ સ્થપાઈ ગઈ હોવાના દાવાઓ વચ્ચે અવારનવાર છૂટક હિંસક ઘટનો બનતી રહે છે. એવામાં કુકી ઉગ્રવાદીઓને મણીપુરનાં ગામોમાં ડ્રોન વડે બોમ્બ ફેંક્યા હતા, જેમાં બે લોકોનાં મોત થયા હોવાના અહેવાલ છે, આ ઉપરાંત કેટલાક લોકો ઘાયલ થયા છે.

અહેવાલો અનુસાર કુકી ઉગ્રવાદીઓ દ્વારા કોત્રુક અને કડાંગબંદ ખીણમાં હુમલા કરવામાં આવ્યા હતા. પહાડીઓ પરથી બોમ્બમારો કરવામાં આવ્યો છે. આ હુમલામાં બે લોકોનાં મોત થયાં છે, બે પોલીસકર્મી અને એક ટીવી રિપોર્ટર પણ ઘાયલ થયો હોવાના અહેવાલ છે.

કોત્રુક ગામના રહેવાસીએ જણાવ્યું કે, રવિવારે બપોરે બે વાગ્યાથી બોમ્બ ધડાકા અને ગોળીબાર શરૂ થયો હતો. આ સમયે ગામમાં અધિકારીઓ અને સ્વયંસેવકો હાજર ન હતા. જેનો લાભ લઇને અચાનક હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં કેટલાંક ઘરોને નુકસાન થયું છે.

સતત ભય હેઠળ જીવી રહેલા સ્થાનિક લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકોના જણાવ્યા મુજબ રાજ્ય સરકારની તમામ ખાતરીઓ છતાં તેમને કોઈ સુરક્ષા મળી નથી, તેઓ ભયના વાતાવરણમાં જીવવા મજબૂર છે.

મણિપુર સરકારે રવિવારે થયેલા હુમલાની નોંધ લીધી છે અને તેની સખત નિંદા કરી છે. સરકારે માહિતી આપી છે કે હુમલા દરમિયાન અત્યાધુનિક હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઉગ્રવાદીઓ પાસે રોકેટ પ્રોપેલ્ડ ગ્રેનેડ પણ હતા.

હિંસા બાદ જિલ્લામાં કર્ફ્યુ લાદી દેવામાં આવ્યો છે. આ વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે અને પરિસ્થિતિને કાબૂમાં રાખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### આંધ્ર-તેલંગણામાં

પ્રધાન ડી શ્રીધર બાબુએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે ભારે વરસાદને કારણે રાજ્યને કેટલું નુકસાન થયું છે એ અંગેનો અહેવાલ આવ્યા બાદ જ સંપૂર્ણ જાણકારી મળશે અને ચિત્ર સ્પષ્ટ થશે.

રાજ્યમાં વરસાદને કારણે નિર્માણ પામેલી પરિસ્થિતિની અધિકારીઓ સાથે મળીને સમીક્ષા કરનાર મુખ્ય પ્રધાન રેવાન્થ રેડ્ડીએ વરસાદ સંબંધિત ઘટનામાં મૃત્યુ પામેલાંઓનાં પરિવારજનોને પાંચ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી હતી.

પૂરને કારણે રાજ્યમાં થયેલા નુકસાન અંગે રાજ્ય સરકાર કેન્દ્ર સરકારને વ્યાપક અહેવાલ સુપરત કરશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે રાજ્ય સરકાર પત્ર લખીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેવાની અને તેલંગણાની પૂરની પરિસ્થિતિને રાષ્ટ્રીય આફત જાહેર કરવાની વિનંતી કરશે.

વરસાદને કારણે થયેલા જાહેર નુકસાનને મામલે તાકીદે પ્રતિસાદ આપવાની સંબંધિત વિભાગોને સૂચના આપી દેવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

પશુધનના થયેલા નુકસાન માટે વળતરની રકમ વધારવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

મુખ્ય પ્રધાન દ્વારા યોજવામાં આવેલી સમીક્ષા બેઠક દરમિયાન અધિકારીઓને જે વિસ્તારમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે ત્યાં ઍલર્ટ રહેવા જણાવી દેવામાં આવ્યું હતું.

અસરગ્રસ્ત નાગરિકોને વહેલામાં વહેલી તકે સહાય આપી શકાય તે માટે જે તે વિસ્તારમાં કૉલ સેન્ટર ઊભા કરવાની જિલ્લા કલેક્ટરોને સૂચના આપી દેવામાં આવી હોવાનું સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ખામ્મામ, ભદ્રાદ્રી કોથાગુડેમ, મહબૂબાબાદ અને સૂર્યાપેટ જેવા પૂરથી પ્રભાવિત જિલ્લાઓને તાત્કાલિક પાંચ કરોડ રૂપિયાની સહાયની મુખ્ય પ્રધાન રેવાન્થ રેડ્ડીએ જાહેરાત કરી હતી.

તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા ગવર્નમેન્ટ કમાન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે યંત્રણા ઊભી કરવાનું તેમણ અધિકારીઓને જણાવ્યું હતું.

ભારે વરસાદની પરિસ્થિતિમાં તાકીદની સેવા આપી શકાય તે માટે આઠ પોલીસ બટાલિયનને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફૉર્સ (એનડીઆરએફ)ના સ્તરની તાલીમ આપવાનો અધિકારીઓને તેમણે આદેશ આપ્યો હતો.

હૈદરાબાદ, સાયબરાબાદ અને રાચકોન્ડા પોલીસ કમિશનરને વરસાદને કારણે નિર્માણ પામનારી ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા જણાવી દેવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

ભારે વરસાદને કારણે રસ્તાઓને થયેલા નુકસાનનું વહેલામાં વહેલી તકે સમારકામ કરવાનું તેમ જ વીજપુરવઠા સંબંધિત સમસ્યાનો વહેલામાં વહેલી તકે ઉકેલ લાવવાનું અધિકારીઓને જણાવી દેવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

રેવાન્થ રેડ્ડીએ રોડમાર્ગે પ્રવાસ કરી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. (એજન્સી)■

### મેઘરાજાનો

જિલ્લામાં નવ ઇંચ જેટલા ભારે વરસાદને પગલે વાલોડના વાલ્મીકિ નદીમાં ત્રણ પશુ પાલકો અને તેમના પશુઓ ફસાયા હતા. જેમને હેલિકૉપ્ટરની મદદથી એર લિફ્ટ કરાયા છે. ત્રણ પશુ પાલકો તેમના પશુઓ સાથે વાલ્મીકિ નદીના વચ્ચેના વિસ્તારમાં ફસાયા હતા. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતની અંબિકા નદીમાં ફરી એકવાર પૂર આવ્યું હતું. જ્યારે વ્યારામાં પણ ભારે વરસાદથી રસ્તા પર પાણી ભરાઇ ગયાં હતા. વરસાદ પાણીમાં એક ડઝનથી વધુ લોકો ફસાતા તેમનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં સોમવારે દિવસ દરમિયાન ૧૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો, તાપી જિલ્લાના સોનગઢમાં નવ ઇંચ, ઉચ્છલમાં આઠ, ડાંગના વઘઇમાં આઠ, તાપીના ઉચ્છલ અને ડોલવણમાં સાત, નવસારીના વાંસદામાં સાત, ડાંગના શુબિરમાં છ ઇંચ પાણી વરસ્યું હતું જ્યારે ભરુચમાં સાડા પાંચ, આહવામાં પાંચ, વાલોડમાં ચાર ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત સુરતના માંડવી, મહીસાગરના લૂણાવાડા, સાબરકાંઠાના પ્રાંતિજ, પંચમહાલના મોરવા હડફ, સુરતના બોરડોલી, મહુવામાં બે થી અઢી ઇંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે ખેડા, દાહોદ સહિતના જિલ્લાઓમાં પણ સરેરાશ એક ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. દરમિયાન તાપીના કાટગઢ ગામની સીમમાં પાણી ભરાતા હાઇવે બંધ કરાયો છે. હાઇવે બંધ કરાતા ટ્રાફિકજામની પરિસ્થિતિ સર્જાઇ છે. સોનગઢ સુરત હાઇવે પર પાણી ભરાઈ જતા લોકોને હાલાકી થઇ હતી. નેશનલ હાઇવે નંબર ૫૩ પર પાણી ફરી વળ્યાં હતાં. તાપીમાં ભારેથી અતિભારે વરસાદને પગલે ઓલણ નદીના પાણી તાપીના પંચોલ ગામમાં ઘૂસ્યા હોવાથી ગામની આશ્રમ શાળામાં ફસાયેલાં બાળકોનું એનડીઆરએફની ટીમ દ્વારા રેસ્ક્યુ કરીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યાં હતાં. તાપી જિલ્લાના વ્યારા તાલુકાના વ્યારાના પેરવડ ગામે ધોધમાર વરસાદને પગલે ગામની નદીમાં જાણે ઘોડાપૂર આવ્યું હોય તેવાં દૃશ્યો સર્જાયાં હતાં. બીજી બાજુ રાજ્યમાં ઑગસ્ટ મહિનામાં મેઘરાજાએ ધબધબાટી બોલાવ્યાં બાદ હવે સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં ધોધમાર વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. જેમાં હવામાન વિભાગ દ્વારા આગામી ૭મી સપ્ટેમ્બર સુધી રાજ્યના દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય-ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવેલ છે. સુરત, નર્મદા, છોટા ઉદેપુર જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.■

### ઉત્તર પ્રદેશ

કાયદાકીય પ્રક્રિયાનું અનુસરણ કર્યા વિના જ તેમનાં ઘર તોડી શકાય?

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ મામલે અમે માર્ગદર્શિકા ઘડી કાઢીશું જે સંપૂર્ણ દેશમાં લાગુ પડશે.

માત્ર આરોપી હોવાને કારણે જ કઈ રીતે કોઈ કોઈનું ઘર તોડી શકે? એમ જણાવતાં ન્યાયાધીશ બીર. આર. ગવઈ અને કે. વી. વિશ્વનાથનની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે આરોપી દોષી પુરવાર થાય તો પણ યોગ્ય કાયદાકીય પ્રક્રિયાનું અનુસરણ કર્યા વિના તેનું ઘર ન તોડી શકાય. જોકે, કોર્ટે કહ્યું હતું કે જાહેર રસ્તાઓ પરના અતિક્રમણ કે ગેરકાયદે બાંધકામને અમે રક્ષણ નહીં આપીએ.

ઉત્તર પ્રદેશનું પ્રતિનિધિત્વ કરી રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ મામલે અગાઉ રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આ મામલે રાજ્ય સરકાર દ્વારા અગાઉ દાખલ કરવામાં આવેલા સોગંદનામા મુજબ કોઈ વ્યક્તિ કોઈ ગુનાનો હિસ્સો હોય તો માત્ર એ બાબત તેની સ્થાવર મિલકતને તોડી પાડવાની ભૂમિકા ન બની શકે. મહેતાએ કહ્યું હતું કે રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર જે તે વિસ્તારની નગરપાલિકા અને ગવર્નિંગ ડેવલપમેન્ટ ઑથોરિટીના નિયમોના ભંગના કેસમાં જ સ્થાવર મિલકતને તોડી પાડી શકાય.

સ્થાવર મિલકતનો માલિક કે તેમાં રહેનાર ફોજદારી ગુનામાં સંડોવાયેલો હોય તેવા સંજોગોમાં જ તેની મિલકત તોડી પાડી શકાય, એમ મહેતાએ કહ્યું હતું.

જો તમે આ બાબત સ્વીકારતા હો તો અમે તેને નોંધ પર લઈશું અમે તમામ રાજ્યોને એને લગતી માર્ગદર્શિકા મોકલશું, એમ કોર્ટે કહ્યું હતું. અરજકર્તાએ એ રીતે રજૂઆત કરી હતી જાણે કે ફોજદારી ગુનામાં સંડોવાયેલી વ્યક્તિની સ્થાવર મિલકત કોઈ પણ પ્રકારની કાયદાકીય પ્રક્રિયાનું અનુસરણ કર્યા વિના તોડી પડાય છે, એમ જણાવતાં મહેતાએ કહ્યું હતું કે કોઈપણ મિલકતને તોડી પાડતા અગાઉ વહીવટીતંત્ર દ્વારા સંબંધિત વ્યક્તિઓને આગોતરી નૉટિસ પાઠવવામાં આવી હતી. લાંબો સમય અગાઉ ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા આ મામલે દાખલ કરવામાં આવેલું સોગંદનામું આ વિવાદનો અંત આણે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■



**પ્રશાસન સજ્જ...:** ગણેશોત્સવને હવે ગણતરીના દિવસ બાકી છે ત્યારે બાપ્પાના વિસર્જન માટે પણ પ્રશાસન સજ્જ થઇ ગયું છે. હાલમાં ચોપાટી ખાતે લોખંડની પ્લેટ બેસાડવાનું કામ ચાલી રહ્યું છે. (જયપ્રકાશ કેળકર)

# લાડકી બહેન યોજનામાં ગોસમોટાળાઃ પત્નીના નામે 30-30 અરજીઓ કરી

## આટલું જ નહીં આ બધાના પૈસા પણ લઇ લીધા

પનવેલઃ રાજ્યભરમાં મહિલાઓના ખાતામાં 'મુખ્યમંત્રી માઝી લાડકી બહણ' યોજનાના પૈસા જમા થઇ રહ્યા છે ત્યારે આ યોજનામાં ગેરરીતિ આચરવામાં આવી રહી હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. આ અંગેની ફરિયાદ ભાજપના માજી નગરસેવકે પનવેલના તહેસિલદારને પત્ર લખીને કરી છે. ખારઘરની મહિલા પૂજા પ્રસાદ મહામુનીએ આ યોજના હેઠળ અરજી કરતી વખતે આધાર કાર્ડ આપ્યું હતું તેનો દુરુપયોગ કરીને સાતારાના જાધવ નામની વ્યક્તિએ પોતાની પત્નીના નામે આ યોજનાનો લાભ લીધો હોવાનું જાણવા મળ્યું હતું. મહામુનીએ વારંવાર અરજી કરી હોવા છતાં સબમિટ ન થતું હોવાથી તેમને ભાજપના ખારઘરના માજી નગરસેવક નિલેશ બાવિસ્કરના કાર્યાલયનો સંપર્ક કર્યો હતો. બાવિસ્કરે આ અંગે તપાસ કરતા મહામુનીની અરજી અપ્રૂવ્ડ થઇ હોવાનું ઓનલાઇન જણાયું હતું અને તેમાં મોબાઇલ નંબર એક જાધવ નામના વ્યક્તિ હોવાનું પણ જણાયું હતું. આ અંગે વધુ તપાસ કરતા તે વ્યક્તિએ પોતાના પત્નીના નામે એક નહીં, પણ ૩૦ અરજી ભરી હોવાનું જણાયું હતું. આ અંગે તાત્કાલિક પનવેલ તહેસિલદાર કાર્યાલયે ફરિયાદ કરાઇ હતી. આ યોજનાનું પેમેન્ટ આધાર કાર્ડના આધારે હોય છે. આધાર કાર્ડમાં જે નંબર હોય છે તે અનુસાર પેમેન્ટ કરાતું હોય છે. સાતારાની બેંકમાં પૈસા કેવી રીતે જમા થયા તેની વધુ તપાસ કરાઇ રહી છે, એમ પનવેલના નાયબ તહેસિલદાર સંજય ભાલેરાવે જણાવ્યું હતું.

ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



મોરબી નિવાસી, હાલ મલાડ, સ્વ. નવલચંદ રૂપચંદ શેઠના ધર્મપત્ની,
ચંદ્રિકાબેન શેઠ (ઉ.વ. ૯૩),
તા. ૩૦-૦૮-૨૦૨૪ ના રોજ અરિહંત શરણ પામેલ છે.
-: પરિવાર :-
પુત્ર - વિજેશ, હરીશ, સ્વ. જયેશ પુત્ર-વધુ - કલ્પના, મીના, પલ્લવી
પૌત્ર-વધુ - હેતલ, રાધા પૌત્ર - હાર્દિક, અનુજ, જીષ્નુ
પૌત્રી - બીજલ, સેજલ, શ્રદ્ધા, અમીષા
પિયર પક્ષ:-
સ્વ. ભાઈચંદ જેચંદ પાડલીયાની દીકરી
સ્વ. શાંતિભાઈ, સ્વ. અમૃતલાલભાઈ, સ્વ. કાંતિલાલભાઈ, રમણીકલાલભાઈ, જશવંતરાયભાઈ, સ્વ. વસંતબેન ઈન્દુલાલ સંઘવી
(ભાઈ-બહેન)
લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.
શેઠ પરિવાર ના જય જીનેન્દ્ર

# પીઓપીની મૂર્તિ મુદ્દે પાલિકાએ કર્યા હાથ ઉપર

## કોર્ટના આદેશનું પાલન કરાવવું મહારાષ્ટ્ર પોલ્યુશન બોર્ડનું કામ છે એવી સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્લાસ્ટર ઓફ પેરિસની(પીઓપી) મૂર્તિ પર પ્રતિબંધ મૂકવાના કોર્ટના આદેશનું પાલન આ વર્ષે તો કરવું શક્ય નથી અને આ બાબતનો અંતિમ નિર્ણય આગામી ૨૮ ઑક્ટોબરના આવવાની શક્યતા છે ત્યારે પીઓપીની મૂર્તિ પર પ્રતિબંધ મુકાયા બાદ તેને અમલમાં મૂકવાનું કામ મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડનું હોવાનું મુંબઈ મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

સાત સપ્ટેમ્બર, શનિવારના વિઘ્નહર્તા ગણપતિબાપ્પાનું આગમન થઈ રહ્યું છે. મુંબઈના મોટાભાગના સાર્વજનિક ગણેશમંડળોમાં મૂર્તિનું આગમન થઈ ગયું છે, પરંતુ પીઓપીની મૂર્તિના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાના કોર્ટના આદેશ બાદ આગામી વર્ષથી તેમના મંડળોની વિશાળકાય મૂર્તિઓ બનાવવી કેવી રીતે તેની ચિંતા અત્યારથી તેમને સતાવી રહી છે. તો ગણતરીના દિવસ બાકી રહ્યા છે, છતાં હજી સુધી માત્ર ૫૮.૫૫ ટકા મંડળોને જ મંજૂરી મળી છે તેથી તેમની ચિંતા વધી ગઈ છે.

પીઓપીની મૂર્તિ પર પ્રતિબંધ મૂકવાનો કોર્ટનો આદેશ તો આવી ગયો પરંતુ વ્યવહારિક રીતે તેને અમલમાં તો હવે આવતા વર્ષથી મૂકવાનું શક્ય છે ત્યારે પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે કોર્ટનો અંતિમ નિર્ણય તો કદાચ આગામી ઓક્ટોબરમાં આવી જશે. જોકે ૨૦૨૦થી તે અમલમાં મુકાઈ શક્યો નથી, તે માટે પાલિકાને દોષ આપવો યોગ્ય નથી. મૂર્તિકારો અને ગણેશભક્તો પીઓપીનો ઉપયોગ ન કરે તેની જવાબદારી મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડની છે. જો તેઓ પીઓપીનો પર્યાય આપી શક્યા હોય તો લોકો તેનો ઉપયોગ ટાળી શક્યા હોત. પીઓપીનો ઉપયોગ મૂર્તિ બનાવવા માટે ન થાય અને કોર્ટના આદેશનું પાલન લોકો કરે તેની જવાબદારી મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડની છે. પાલિકા ફક્ત મંડળોને મંજૂરી આપતા સમયે તેમની પાસેથી લેખિતમાં તેઓ પીઓપીની મૂર્તિનો ઉપયોગ કરશે નહીં એવી બાયંધરી લઈ શકે છે. કોર્ટના આદેશ બાદ પણ તેનો અમલ ન કરાય તો મંડળોને દંડવાનો અધિકાર પણ પાલિકા પાસે નથી.

# મુંબઈને કરાશે 'રૅબીઝ-મુક્ત'

## ૨૮ સપ્ટેમ્બરથી 'રૅબીઝ-મુક્ત' અભિયાન હેઠળ મુંબઈમાં રસીકરણ થશેઃ સ્કૂલ, કોલેજ અને હાઉસિંગ સોસાયટીમાં જનજાગૃતિ ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શ્વાન કરડવાથી થતા જીવલેણ રૅબીઝ રોગથી બચાવવા માટે મુંબઈ મહાનગરપાલિકા સમગ્ર મુંબઈમાં ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪થી 'રૅબીઝ-મુક્ત' ઝુંબેશ અમલમાં મૂકવાની છે, જે હેઠળ મુંબઈ મહાનગરમાં શ્વાનનાં રસીકરણ કરવામાં આવવાનું છે. તેમ જ રૅબીઝ બાબતે ઠેક-ઠેકાણે જનજાગૃતિ ઝુંબેશ પણ અમલમાં મૂકવામાં આવવાની છે.

કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે ૨૦૩૦ની સાલ સુધીમાં ભારતને 'રૅબીઝ-મુક્ત' કરવા માટે નેશનલ એક્શન ડ્રાફ્ટ અમલમાં મૂક્યો છે, જે હેઠળ સુધરાઈએ ૨૦૨૨માં 'મુંબઈ રૅબીઝ નિર્મૂલન પ્રોજેક્ટ' હાથ લીધો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત 'વર્લ્ડવાઈડ વેટરનરી સર્વિસેસ-મિશનલ રૅબીઝ' સાથે મળીને સુધરાઈએ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪થી રખડતા શ્વાનના રસીકરણ માટે ઝુંબેશ હાથ ધરવાની છે. રસીકરણની સાથે જ આ બાબતે જનજાગૃતિ પણ કરવામાં આવવાની છે. હાઉસિંગ સોસાયટી, સ્કૂલ, કન્સ્ટ્રકશન સાઈટ જેવા સ્થળોએ પહોંચીને પ્રાણી સંદર્ભના કાયદા અને નિયમો બાબતે જનજાગૃતિ કરવામાં આવવાની છે. ઑગસ્ટમાં ૬૫ સ્કૂલમાં લગભગ ૧૩,૩૩૨ વિદ્યાર્થીઓને આ બાબતે માહિતી આપવામાં આવી હતી, જેમાં ૨૭૧ શિક્ષક અને ૭૯૩ નાગરિકોએ પણ ભાગ લીધો હતો.

### ઓનલાઈન ફરિયાદ કરી શકાશે

રખડતા અથવા પાળેલાં પ્રાણીઓના રસીકરણ, વંધ્યીકરણ કરવું તે જ આ સંદર્ભમાં ફરિયાદ કરવા અથવા વિનંતી નોંધવા માટે સુધરાઈ તરફથી ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે. માયબીએમસી (MyBMC) મોબાઈલ ઍપ પર અથવા https://vhd.mcgm.gov.in/register-grievance આ લિંક પર નાગરિકો વિનંતી અથવા ફરિયાદ કરી શકે છે. રખડતા શ્વાનની નસબંધી કરવાના ઉપક્રમ ઝડપી બને તે માટે અમુક બિનસરકારી સંસ્થાની પણ નિમણૂક કરવામાં આવી છે.

# કારના વીઆઈપી નંબરો લેવાનું હવે મોંઘું થયું

મુંબઇઃ કાર માટે વીઆઈપી નંબર સ્ટેટસ સિમ્બોલ ગણાય છે. આ નંબરોની લોકપ્રિયતા ઉચ્ચ નેટ-વર્થ ધરાવતા લોકો, મોટા ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ અને સેલિબ્રિટીઓમાં વધુ હોય છે. આ તેમની મોંઘી અને લક્ઝરી કાર માટે નંબર વન સિમ્બોલ ગણાય છે. વીઆઈપી નંબરોની વધતી જતી માગને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. મહારાષ્ટ્ર સરકારે નવાં વાહનો માટે સામાન્ય રીતે વીઆઈપી નંબર તરીકે ઓળખાતા 'પસંદગી નંબરો' માટેની ફીમાં ધરખમ વધારો કર્યો છે. આ વધારા પછી, મુંબઈ, પૂણે અને અન્ય ઉચ્ચ માંગવાળા શહેરોમાં ફોર-વ્હિલર માટેના સૌથી લોકપ્રિય '૦૦૦૧' નંબરની ફી હવે ૬ લાખ રૂપિયા થઈ જશે. આ નવી ફી જૂની ફી કરતા ઘણી વધારે છે. અગાઉ ફોર-વ્હીલર માટે '૦૦૦૧' નંબરની ફી ૩ લાખ રૂપિયા હતી.

# બાપ્પાનું ગેરકાયદે ડ્રોનથી શૂટિંગઃ ફોટોગ્રાફર સામે ગુનો

મુંબઈઃ પરેલમાં ઉમરખાડી ચા રાજા ગણેશમૂર્તિના આગમનના સરઘસ દરમિયાન પરવાનગી વિના ડ્રોન ઉડાવવા બદલ પ્રોફેશનલ ફોટોગ્રાફર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગણેશમંડળનું સરઘસ રવિવારે સાંજે ૪.૪૦ વાગ્યે ડો. બાબાસાહેબ આંબેડકર રોડ પરથી પસાર થતું હતું ત્યારે ફોટોગ્રાફર ડ્રોન ઉડાડતો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. ગણેશોત્સવનો ૭ સપ્ટેમ્બરથી આરંભ થઇ રહ્યો છે અને અનેક ગણેશમંડળોએ મંડપમાં સ્થાપના માટે ગણેશમૂર્તિઓ લાવવાનું શરૂ કરી દીધું છે. બાપ્પાના આગમનના સરઘસમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાય છે. એ સમયે આશરે પાંચ ફીટની ઊંચાઇ પરથી ડ્રોન ઊડતું પોલીસે જોયું હતું. ખાસ કરીને મુંબઈ પોલીસે સાવચેતીનાં પગલાંરૂપે ૧થી ૨૯ સપ્ટેમ્બર સુધી મુંબઈમાં ડ્રોન, રિમોટ સંચાલિત માઇક્રોલાઇટ એરક્રાફ્ટ, પેરાગ્લાઇડરો અને એર બલૂન ઉડાવવા પર પ્રતિબંધ લાદતો આદેશ જારી કર્યો છે. (પીટીઆઇ)

# કૅબ ડ્રાઈવરને જમીન પર પટકનારા ઑડી કારના માલિક સામે હત્યાના પ્રયાસનો ગુનો

મુંબઈઃ ઘાટકોપરમાં કૅબ ડ્રાઈવરને ઊંચકીને જમીન પર પટકનારા ઑડી કારના માલિકની પોલીસે આખરે ધરપકડ કરી હતી. ઘટનાનો વીડિયો વાયરલ થવાને કારણે ભારે હોબાળો મચતાં આ કેસમાં પોલીસે હત્યાના પ્રયાસની કલમ ઉમેરી હતી.

પાર્કસાઈટ પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આરોપી રિષભ ચક્રવર્તી (૩૫)ની શનિવારે ધરપકડ કરી હતી. રવિવારે કોર્ટે તેને સાત દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

કૅબ ડ્રાઈવર કયુમુદ્દીન કુરેશી (૨૪) અને પત્રકાર રિષભ ચક્રવર્તી વચ્ચે ૧૮ ઑગસ્ટની રાતે વિવાદ થયો હતો. અસલ્ફા મેટ્રો સ્ટેશન નજીક ઑડી કાર કુરેશીની કૅબ સાથે ઘસાઈ હતી. તે સમયે ઑડી કારમાં હાજર ચક્રવર્તી અને તેની પત્ની અંતરા (૨૭)એ કુરેશી સાથે ઝઘડો કર્યો હતો. અંતરાએ કુરેશીની કૅબમાંથી ઓલા કૅબ ડિવાઈઝ કાઢી લીધું હતું. તે લેવા માટે કુરેશીએ ચક્રવર્તીની કારનો પીછો કર્યો હતો.

ઑડી કાર આર સિટી મૉલ સામેના કૉમ્પ્લેક્સના ગેટમાં પ્રવેશ્યા પછી ચક્રવર્તીએ કારમાંથી ઊતરીને પીછો કરનારા કુરેશીની મારપીટ કરી હતી.

MAHAVIR HOMESTORE
SINCE 1991

પર્યુષણ પર્વ નિમિત્તે લ્હાણી તથા પ્રભાવના માટે



Crockery
St. Steel / Copper / Brass Utensils
Thermoware
Plasticware
German Silver
Bed & Bath Linen
Gift Novelties
Appliances



ક્રોકરી, સ્ટે. સ્ટીલ – કોપર – બ્રાસ યુટેન્સીલ આઈટમ્સ, પ્લાસ્ટિક, ઈલેક્ટ્રિક હોમ એપ્લાંયસીસ, ઈલેક્ટ્રોનીક્સ, થર્મોવેર, બેડશીટ, ટુવાલ, નેપકીન, હેન્ડી ક્રાફ્ટ, જર્મન સિલ્વર તથા નવીનત્તમ બીજી ઘણી બધી ગિફ્ટ આર્ટિકલ્સના ૩૫૦૦૦થી વધારે પ્રોડકટસ. નાની મોટી દરેક રેન્જમાં અને તમારા બજેટમાં પોષાય તેવી.

એક સારા પ્રસંગ નિમિત્તે હોલસેલ ભાવે (બેઝિક પ્રાઈઝમાં). સારામાં સારી બ્રાન્ડેડ ક્વોલિટી પ્રોડક્ટસ ગેરંટી/વોરંટી સાથે. નજદીક તથા લાંબે રહેનાર દરેક ભાઈ–બહેનોને ત્રણેય શોરૂમ પર પધારવા ભાવભર્યુ આમંત્રણ.

મહાવીર હોમ સ્ટોર
હેડ ઓફિસ : માચીસવાલા કંપાઉન્ડ, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વે), મુંબઈ – ૫૪.
અરવિંદ હરીયા : ૯૯૬૭૦ ૨૪૩૯૦

મહાવીર હોમ સ્ટોર
કુકરેજા આર્કેડ, ૧૯મો રોડ, સ્ટારબક્સની બાજુમાં, ચેમ્બુર (ઈ), મુંબઈ – ૭૧.
ઉમંગ સાવલા : ૯૯૨૦૯ ૮૮૦૮૯

મહાવીર હોમ સ્ટોર
અગાસી રોડ, વિઠ્ઠલ મંદિરની સામે, વિરાર (વે), પાલઘર – ૪૦૧૩૦૩.
મહેશ : ૮૭૭૯૧ ૭૩૯૧૧

સંવત્સરી નિમિત્તે ત્રણેય શોરૂમ શનિવાર, તા. ૭–૯–૨૦૨૪ ના દિવસે બંધ રહેશે. • ત્રણેય શોરૂમ ૩૬૪ દિવસ ખુલ્લાં • સમયઃ સવારના ૧૦ થી રાત્રે ૯ સુધી

www.mahavirhomestore.com

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ડોમ્બિવલીમાં પાટા પર પડેલી મહિલાનો ચમત્કારીક બચાવ

થાણે: થાણે જિલ્લાના ડોમ્બિવલીમાં સોમવારે સવારે પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચે રહેલી જગ્યામાંથી પાટા પર પડી ગયેલી ૨૮ વર્ષીય મહિલાનો ચમત્કારિક બચાવ થયો હતો. મુસાફરોએ તાત્કાલિક મોટરમેનને સતર્ક કરતા મોટરમેને ઇમરજન્સી ચેઇન ખેંચી લેતા ટ્રેન તરત અટકી ગઈ હતી એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

વધુ માહિતી આપતા પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સવારે ૮:૫૦ વાગ્યે ભીડના સમયે માનસી કિર ઉપનગરીય ટ્રેનમાં ચડવાનો પ્રયાસ કરી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. રેલવે પોલીસ ઈન્સ્પેક્ટર કિરણ ઉન્દ્રેએ જણાવ્યું હતું કે 'ડેપ્યુટી સ્ટેશન ઓફિસર અનિમેષ કુમાર અને રેલવે સિક્યુરિટી ફોર્સના સભ્ય ભાવના સિંહે મુસાફરો સાથે મળીને ૧૫-૨૦ મિનિટ સુધી ચાલેલા બચાવ કાર્યમાં માનસીને પાટા પરથી ખેંચી લીધી હતી. બચાવ કામગીરી ઝડપથી પાર પડે એ માટે ટ્રેનનો ભાર ઘટાડવા માટે કેટલાક ડબ્બામાંથી મુસાફરો નીચે ઊતર્યા હતા. માનસી કિરને માત્ર નજીવા ઉઝરડા પડ્યા હતા. (પીટીઆઈ)


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૪૯૫૭-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૫. શૈક્ષણીક

**સંગીત શીખો**

હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, શ્લોક શીખવા માટે વોટ્સએપ કરો. 9930461779. ગદાધર. (બી-૧૪૮૨૦)

### ૩૨. જમીન-મિલકત

PROPERTY DOCUMENTATION: Sale Deed, Gift, Release, POA, Home Loan, Stamp Duty & Registration. Rupali - 7208499371. (B-14817)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૪૯૨૨-એ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૮૫૫-એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


# રવીન્દ્ર વાયકરને સોગંદનામું નોંધાવવાનો હાઇ કોર્ટનો આદેશ

મુંબઈ: શિવસેના જૂથના નેતા તેમ જ ગત લોકસભા ચૂંટણીમાં એકનાથ શિંદે જૂથની શિવસેનાના ઉમેદવાર રવીન્દ્ર વાયકર વિરુદ્ધ હારનો સામનો કરનારા અમોલ કીર્તિકરે હાઇ કોર્ટમાં અરજી દાખલ કરી છે, જે અંગે હાઇ કોર્ટે રવીન્દ્ર વાયકરને સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. કીર્તિકરે હાઇ કોર્ટમાં વાયકરની જીતને અયોગ્ય ઠેરવી રદ કરવાની અરજી દાખલ કરી હતી. કીર્તિકરની અરજીને પગલે વાયકરને સોગંદનામું દાખલ કરવા જણાવ્યું હતું. અરજીમાં અમોલ કીર્તિકરે રવીન્દ્ર વાયકરની સાંસદ તરીકેની સભ્યતા રદ કરી પોતાને વિજેતા જાહેર કરવા જણાવ્યું છે. આ કેસમાં પહેલી જ વખત હાઇ કોર્ટે વાયકરને સમન્સ પાઠવ્યા છે. લોકસભાની ચૂંટણી દરમિયાન અમોલ કીર્તિકર ઉદ્ધવ ઠાકરે જૂથ તરફથી જ્યારે રવીન્દ્ર વાયકર શિંદે જૂથ તરફથી મુંબઈની ઉત્તર-પશ્ચિમ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. ચૂંટણીમાં વાયકરને ૪,૫૨,૬૪૪ મત મળ્યા હતા જ્યારે કીર્તિકરને ૪,૫૨,૫૯૬ મત મળ્યા હતા અને ખૂબ જ ઓછા મતના અંતરે વાયકરનો વિજય થયો હતો. મતની ગણતરીમાં ચેડાં થયા હોવાનો દાવો કરી ફેર મતગણતરી કરવાની માગણી કરતી અરજી કીર્તિકરે હાઇ કોર્ટમાં દાખલ કરી હતી. મતગણતરી દરમિયાન ચૂંટણી પંચના અધિકારીઓ દ્વારા ગંભીર ભૂલો થઇ હતી, જેના કારણે ચૂંટણીનાં પરિણામો પર અસર થઇ હતી, એવો દાવો પણ અરજીમાં કરવામાં આવ્યો હતો. અરજી અનુસાર મતદાન દરમિયાન ૩૩૩ લોકોએ નકલી મતદાન કર્યુ જેના કારણે ગણતરી અને ચૂંટણીનાં પરિણામો પર અસર થઇ હતી.

# કલ્યાણમાં દવાની દુકાનમાં ભાઈ-બહેને કરી તોડફોડ

થાણે: કલ્યાણમાં દવાની દુકાનમાં કથિત તોડફોડ કરી દુકાનમાલિક પર હુમલો કરવા પ્રકરણે પોલીસે અંદાજે ૨૦ વર્ષનાં ભાઈ-બહેન સામે ગુનો નોંધ્યો હતો.

પ્રથમદર્શી દવાની દુકાનના માલિક સાથેના જૂના વિવાદને પગલે આ ઘટના બની હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. ૨૯ ઑગસ્ટે બનેલી આ ઘટનામાં સોમવારની મોડી સાંજ સુધી કોઈની ધરપકડ કરાઈ નહોતી.બન્ને આરોપીએ ફર્નિચર ઉપરાંત, દુકાનના કાચના દરવાજા અને દવાની બૉટલોને કથિત રીતે નુકસાન પહોંચાડ્યું હતું. દુકાનને લગતા દસ્તાવેજો આરોપી પાસેથી ખેંચતી વખતે એક આરોપીએ તો ફરિયાદીના હાથ પર બચકું પણ ભર્યું હતું, એમ પોલીસે જણાવ્યું હતું.

આ પ્રકરણે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૩૩, ૩૨૪, ૩૫૧, ૩૫૪ અને ૧૧૫ હેઠળ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ)

# મુંબઈથી ઇન્દોર ઝડપથી પહોંચાશે: નવી રેલવે લાઇનની કેન્દ્રની મંજૂરી

મુંબઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે નવી રેલવે લાઇનના પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેક્ટને કારણે મુંબઈ અને ઇન્દોર વચ્ચેના પ્રવાસના સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે એવી ખાતરી આપવામાં આવી છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે 'આ બે મુખ્ય વેપારી કેન્દ્ર વચ્ચે સૌથી ટૂંકા અંતરની રેલ કનેક્ટિવિટી સ્થાપિત કરવાનો હેતુ ધરાવતો આ પ્રોજેક્ટ ૨૦૨૮-૨૯ સુધીમાં કુલ ૧૮ હજાર ૩૬ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ થવાની ધારણા છે.' વિશેષ જાણકારી આપતા અધિકારીએ જણાવ્યું હતું કે '૩૦૯ કિલોમીટરની નવી રેલવે લાઇન મુંબઈ અને ઇન્દોર વચ્ચેનું અંતર ઘટાડશે એટલું જ નહીં, પરંતુ મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં હાલમાં સંપર્ક વિહોણા વિસ્તારને પણ જોડશે. આ માર્ગ મહારાષ્ટ્રના બે જિલ્લા અને મધ્ય પ્રદેશના ચાર જિલ્લામાંથી પસાર થશે. પરિણામે સ્થાનિક અર્થતંત્રને મહત્ત્વપૂર્ણ પ્રોત્સાહન પૂરું પાડી બાંધકામના તબક્કા દરમિયાન આશરે ૧૦૨ લાખ માનવ-દિવસની રોજગારીનું સર્જન કરશે.'

અધિકારીએ ઉમેર્યું હતું કે આ પ્રોજેક્ટ પીએમ-ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન સાથે સુસંગત છે, જે સંકલિત આયોજન દ્વારા મલ્ટી-મોડલ કનેક્ટિવિટી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પહેલને કારણે જનતા, ચીજવસ્તુઓ અને સેવાઓને ચાલના મળશે અને વિસ્તૃત પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન મળશે. નવી રેલવે લાઇન ભારતીય રેલવે નેટવર્કમાં ૩૦૯ કિ.મી.નો ઉમેરો કરશે અને મહારાષ્ટ્ર તેમ જ મધ્ય પ્રદેશના છ જિલ્લા આવરી લેશે.

## છેલ્લા પાનાનું ચાલુ

### માટુંગા જિનાલયમાં

બે પંથ સામસામે આવી ગયા છે. બે તિથિવાળાની વિચારધારાથી એક તિથિવાળાની વિચારધારા તદ્દન જુદી છે. 'નવ અંગે ગુરુપૂજન ન કરવું, પર્વતિથિ ક્ષયવૃદ્ધિ ન કરવી અને તપાગચ્છની પરંપરાની રુએ સંઘની તમામ આરાધના કરવી' એવી પરંપરા ધરાવતા એક તિથિવાળા પંથનો ૨૦૧૯માં સિટી સિવિલ કોર્ટમાં બે તિથિવાળા સામે વિજય થયો હતો. કોર્ટે એ સમયે સંઘની તરફેણમાં એવો ચુકાદો આપ્યો હતો કે એક તિથિવાળાના ગચ્છાધિપતિના ફરમાનના આધારે તમારે ધાર્મિક વિધિ કરવી. જોકે આની સામે બે તિથિવાળાએ વાંધો ઉઠાવ્યો હતો અને હાઈ કોર્ટમાં અરજી કરી હતી. આ મામલો હાઈ કોર્ટમાં પેન્ડિંગ છે, પણ એ દરમિયાન કોર્ટે એક તિથિવાળાને એવું જણાવ્યું હતું કે બે તિથિવાળાને પણ ધાર્મિક વિધિ કરવી હોય તો કરવા દેવી.

આ અંગે સંઘના ટ્રસ્ટી બિપિન મહેતાનો સંપર્ક સાધવામાં આવતાં તેમણે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે 'અમારી પરંપરા અને બે તિથિવાળાની આરાધના કરવામાં ઘણો ફરક છે. અમારી અને તેઓને તિથિ એક નથી હોતી. આથી ઘણી વાર અમારે મુશ્કેલી થતી હોય છે. આ માટે અમે છેલ્લાં પચીસ વર્ષથી લડી રહ્યા છીએ અને સિટી સિવિલ કોર્ટમાં અમારી તરફેણમાં ચુકાદો પણ આવ્યો છે. જોકે હાઈ કોર્ટે આપેલી સૂચના અનુસાર અમે તેઓને પણ ધાર્મિક પ્રક્રિયા કરવામાં કોઇ ખલેલ પહોંચાડવા નથી માગતા, એટલે તેઓને કિંગ્સ સર્કલ નજીક વાસુપૂજ્ય દેરાસર નજીક માત્ર ૧૫ જણને આરાધના કરવા માટે બે હજાર ફૂટની જગ્યા ફાળવી હતી. પણ તેઓએ તેમ છતાં સુમતિનાથ જિનાલયમાં જબરદસ્તીથી પ્રવેશ કર્યો હતો. બીજું કાંઇ નહીં પોતાનો હક જમાવવા માટે તેઓ આવું કરી રહ્યા છે. આ અંગે અમે પોલીસમાં ફરિયાદ કરી છે. પોલીસે ગુનો નોંધીને આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. જોકે આ અંગે બે તિથિવાળાનું શું કહેવું છે તે અંગે અલ્પેશભાઈને પૂછવામાં આવતાં તેમણે કંઇ પણ કહેવાનો ઈનકાર કરી દીધો હતો.

માટુંગા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર દીપક ચવ્હાણે 'મુંબઈ સમાચાર'ને કહ્યું હતું કે જૂનો વિવાદ ચાલી રહ્યો છે. પૂજા કરવાને મુદ્દે વિવાદ થયો હતો અને બંને પક્ષના લોકો પોલીસ સ્ટેશનમાં આવ્યા હતા. અમે સાતથી આઠ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે.

જૈન સમુદાય આમ તો શાંતિપ્રિય સમાજમાં સ્થાન પામે છે અને એમાં પણ ચાતુર્માસ અને પર્યુષણ પર્વ એટલે મહાપર્વ મનાય. તેમ છતાં પ્રતિક્રમણ કરવાને મુદ્દે બે પંથ સામસામે આવી ગયા. જૈન સાધુ-સાધ્વી દ્વારા હંમેશાં એક આંખમાં મિત્રતા અને બીજી આંખમાં ક્ષમાના ભાવની આરાધના રહેલી હોય છે, ત્યારે આ બે પંથમાં પણ સુમેળ સધાય એવી પ્રાર્થના જૈન સમાજે કરી હતી.

### ત્રણ-ચાર દિવસ

કોંકણ સહિત રાજ્યના અનેક ઠેકાણે મુશળધાર વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. રાજ્યમાં અમુક વિસ્તાર માટે તો રેડ અને ઑરેન્જ એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યા છે. ધુળે, નંદુરબાર, પરભણી, હિંગોલી, નાંદેડમાં રેડ એલર્ટ રહેશે. તો જળગાંવ, નાશિક, જાલના, ઔરંગાબાદ, બીડ અને અકોલામાં ઓરેન્જ એલર્ટ રહેશે. પુણે સહિતના ઘાટ વિસ્તારમાં મુશળધાર વરસાદની તો મુંબઈમાં હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ રાજ્યમાં અમુક ઠેકાણે આગામી ત્રણથી ચાર દિવસ મુશળધાર વરસાદ પડવાની શક્યતા છે. ગુજરાતમાં આવેલા વાવાઝોડા સહિત બંગાળના ઉપસાગરમાં ઓછા દબાણનો પટ્ટો તૈયાર થયો હોવાથી ચોમાસું ફરી સક્રિય થયું છે.

### ફ્લશ કરાયેલા

બદલ ગુનો નોંધ્યો હતો. ખાનગી કંપીના લાઈઝનિંગ ઑફિસરે આ પ્રકરણે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. બોરીવલી પશ્ચિમમાં આવેલી હોટેલના માલિકે હોટેલ માટે પીએનજી કનેક્શન અને એનઓસી સંદર્ભેનું કામ ફરિયાદીને સોંપ્યું હતું. આ માટે ફરિયાદીએ ફાયર બ્રિગેડના પોર્ટલ પર ઑનલાઈન અરજી કરી હતી. ફરિયાદ અનુસાર અરજી બાબતે ચર્ચા કરવા ફરિયાદી ફાયર બ્રિગેડની ઑફિસમાં શિતોળેને મળ્યા હતા. શિતોળેએ અરજી પર ધ્યાન આપવા માટે મોબાઈલ ફોનના કેલ્ક્યુલેટર પર ૧.૩૦ ટાઈપ કરીને બતાવ્યું હતું, જે અનુસાર ૧.૩૦ લાખ રૂપિયા આપવાનું કહેવા માગતા હતા. તડજોડ બાદ ૮૦ હજાર રૂપિયા આપવાનું કહેવામાં આવ્યું હતું. આ પ્રકરણે ફરિયાદીએ એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. અધિકારીના જણાવ્યા મુજબ ૩૦ ઑગસ્ટે લાંચની રકમ તરીકે ૬૦ હજાર રૂપિયા શિતોળેએ ઑફિસ બિલ્ડિંગની લિફ્ટમાં સ્વીકાર્યા હતા. જોકે બાદમાં એસીબીના છટકાનો અણસાર આવતાં શિતોળે તાત્કાલિક ઘરે પહોંચ્યો હતો. ટૉઈલેટમાં રૂપિયા નાખી ફ્લશ કરી દીધા હતા. આ બાબતની જાણ થતાં એસીબીએ બે પ્લમ્બરની મદદ લીધી હતી. ઈમારતના ડ્રેનેજ લાઈનનું ચેમ્બર ખોલાવી રૂપિયાની નોટો બહાર કઢાવી હતી. ડ્રેનેજ લાઈનમાંથી ૫૭ હજાર રૂપિયાની નોટો મળી આવી હતી, જે એસીબીએ તાબામાં લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

### નૂપુર મણિયારની

દક્ષિણ મુંબઈના બેલાર્ડ એસ્ટેટથી સાયનના રાણી લક્ષ્મીબાઇ ચોક તરફ જતી બેસ્ટની ૬૬ નંબરની એસી બસમાં પ્રવાસ કરી રહેલા નશામાં ચૂર દત્તા મુરલીધર શિંદે (૪૦) રસ્તામાં અધવચ્ચે ઊતરવા માગતો હતો, પરંતુ ડ્રાઇવર કમલેશ પ્રજાપતિએ બસ રોકવાનો ઇનકાર કરતાં શિંદેનો તેની સાથે ઝઘડો થયો હતો. શિંદેએ બસનું સ્ટિયરિંગ પકડીને ડાબી તરફ ફેરવી નાખતાં ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યો હતો અને બે ફોર-વ્હીલર તેમ જ એક ટૂ-વ્હીલરની સાથે નવ લોકો બસની અડફેટમાં આવી ગયા હતા. ઘાયલોને સારવારાર્થે કેઇએમ હોસ્પિટલમાં લઇ જવાયા હતા. નૂપુર મણિયાર અને શ્રેયા મણિયારને ગંભીર ઇજા પહોંચી હોવાથી તેમને આઇસીયુમાં દાખલ કરાઇ હતી, જ્યાં સારવાર દરમિયાન નૂપુરનું મૃત્યુ થયું હતું. નૂપુરને છાતી અને પેટના ભાગે ઇજા થઇ હતી. દરમિયાન કાલાચોકી પોલીસે આ પ્રકરણે દારૂડિયા પ્રવાસી દત્તા શિંદે વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર નૂપુર મણિયાર ચિંચપોકલી સ્ટેશનની નજીક મુક્તાઇ બિલ્ડિંગમાં પરિવાર સાથે રહેતી હતી. નૂપુરના પિતા સુભાષનું કોરોનાકાળમાં અવસાન થયું હતું. પિતાના મૃત્યુ બાદ તેમના સ્થાને સહાનુભૂતિના ધોરણે નૂપુરને ઇન્કમ ટેક્સ વિભાગમાં નોકરી આપવામાં આવી હતી. નૂપુરે પરિવારની જવાબદારે પોતાના કાંધે લીધી હતી.

### પ્રતિક્રમણના ભેદ

આરાધના શરૂ કરી દીધી હતી. મંજૂરી લીધા વિના તેઓએ આ કૃત્ય કર્યું હતું, જેને કારણે અમારે પોલીસને બોલાવવી પડી હતી, એવું સંઘના ટ્રસ્ટી બિપિન મહેતાએ જણાવ્યું હતું. તેઓનો ઈરાદો શાંતિમાં ભંગ પાડવાનો અને પોતાનો હક જમાવવાનો છે. છેલ્લાં પાંચ વર્ષથી તેઓ આમાં ભંગ પાડી રહ્યા છે. દુ:ખની વાત તો એ છે કે પર્યુષણ પર્વમાં જ તેઓએ અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કર્યો એ શોભતું નથી.

### કોસ્ટલ રોડમાં

ગતિએ ચાલી રહ્યું છે ત્યારે વરલી સી લિંક પાસે બો સ્ટ્રિંગ આર્ચ ગર્ડરમાં ઊંચાઈનો તફાવત દેખાઈ રહ્યો છે.

કોસ્ટલ રોડ અને બાન્દ્રા વરલી સી લિંકને જોડવા માટે બે મહાકાય બો સ્ટ્રિંગ આર્ચ ગર્ડરને જોડવામાં આવ્યા છે. એકની લંબાઈ ૨૭ મીટર તો બીજાની લંબાઈ ૧૭ મીટર છે. આ મહાકાય ગર્ડરના વજનને ઝીલવા માટે ગર્ડરના નીચે એક તરફ ત્રણ મીટરનો તો બીજી તરફ સાડા ત્રણ મીટર ઊંચાઈનો આધાર આપવામાં આવ્યો છે. તેથી બંને ગર્ડરની ઊંચાઈ એક સમાન દેખાતી ન હોવાનું કોસ્ટલ રોડનું કામ કરનારા અધિકારીએ જણાવ્યું હતું. એ સિવાય બાન્દ્રા-વરલી સી લિંકને મરીન લાઈન્સ પરથી જનારો રસ્તો આ ગર્ડર પરથી વળાંક લેતો હોવાને કારણે તે ઉપર નીચે દેખાતો હોવાની સ્પષ્ટતા પણ અધિકારીએ કરી હતી. કોસ્ટલ રોડ પાલિકા માટે મહત્ત્વનો પ્રોજેક્ટ હોવાથી તેના જોડણમાં કોઈ પણ પ્રકારની બેદરકારી રાખવામાં આવશે નહીં. તેથી મુંબઈના નાગરિકોએ કોઈ પણ પ્રકારનો ડર મનમાં રાખવો નહીં એવી ચોખવટ પણ અધિકારીએ કરી હતી. નોંધનીય છે કે કોસ્ટલ રોડ પ્રોજેક્ટનું કામ તબક્કાવાર કરવામાં આવી રહ્યું છે. ૧૦.૫૮ કિલોમીટરના કોસ્ટલ રોડ અને ૪.૫ કિલોમીટર લંબાઈનો બાન્દ્રા-વરલી સી લિંકને જોડવા માટે બે મહાકાય ગર્ડર બેસાડવામાં આવ્યા છે. તેથી બહુ જલદી બાન્દ્રાથી દક્ષિણ મુંબઈ સુધીનો પ્રવાસ ફક્ત ૧૨ મિનિટમાં પાર કરી શકાશે.

### મહાયુતિ જ દિવાળીમાં

કામ ચાલુ રાખીશું. તેમણે એ બાબતનો ઉલ્લેખ કર્યો હતો કે થાણેની બેઠક પરથી નરેશ મ્હસ્કેને ઉમેદવારી આપવાનો કેટલાક લોકોએ વિરોધ કર્યો હતો, જોકે તે બેઠક જીતી ગયા હતા. વિરોધીઓ દ્વારા કરવામાં આવતી ટીકાનો જવાબ આપતાં તેમણે કહ્યું હતું કે જેવી રીતે મોગલ સૈન્યને પાણીમાં બધે જ સંતાજી અને ધનાજી (રાજારામ-૧ના કાર્યકાળમાં મરાઠા યોદ્ધાઓ જેમણે મોગલો સામેના યુદ્ધમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી) દેખાતા હતા તેવી જ રીતે દુશ્મનોને બધે જ એકનાથ શિંદે દેખાય છે. જ્યાં સુધી લોકો મારી સાથે છે ત્યાં સુધી ટીકા પર ધ્યાન આપતો નથી, એમ તેમણે કહ્યું હતું. રાજ્યમાં સરકાર દ્વારા બધા જ પરિવારોને ખુશ કરવા માટેની યોજનાઓ ચાલુ કરી હોવાનો ઉલ્લેખ તેમણે કર્યો હતો. મહારાષ્ટ્ર પહેલું રાજ્ય છે જ્યાં શિક્ષિત યુવાનોને એપ્રેન્ટિસશિપ અને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપવામાં આવે છે.

## હિન્દુ મરણ

**દશા સોરઠિયા વણિક**

ગામ બગસરા હાલ મુંબઈ સ્વ.પ્રમીલાબેન અને દિલીપભાઈ મુલચંદ વખારિયાના સુપુત્ર મનીષભાઈ (ઉં. વ. ૫૫), ગુરુવાર તા.૨૯/૮/૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે અલ્પાબેનના પતિ. સૌમિલ અને અર્પિલના પિતા. બિંદીબેન વિરેશભાઈ ધકાણના ભાઈ. દિપકભાઈ અમૃતલાલ ધાબળીયાના બનેવી. હસુભાઈ તથા ગીરીશભાઈ માંડાનીના ભાણેજ. કાંચી તથા સિદ્ધિના મામા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છ વાગડ લોહાણા**

પ્રભુલાલભાઈ ભિન્ડે (ઉં. વ. ૮૮) મુળ ગામ નંદાસર હાલે થાણા તા.૨-૯-૨૪ના અવસાન થયેલ છે. તે સ્વ.ખીમજીભાઈ ફુલચંદભાઈ ભિન્ડેના પુત્ર. સ્વ.મુક્તાબેનના પતિ. સ્વ.મગનલાલ રતનશી પુજારા (રવ)ના જમાઈ, મહેન્દ્રભાઈ, વિનયભાઈ, પુષ્પાબેન ભરતભાઈ, ચંદ્રિકાબેન ભરતભાઈ, ગીતાબેન ભરતભાઈ ભગતના પિતાશ્રી. અ.સૌ.રેણુકા મહેન્દ્ર, અ.સૌ.મંજુલા વિનયના સસરા, સ્વ.કાનજીભાઈ, નાનજીભાઈ, સ્વ.ગોવિંદભાઈ,મગનલાલ, સ્વ.હિરાબેન વીરજીભાઈ, ગં.સ્વ.દિવાળીબેન કાંતિલાલ, ગં.સ્વ.રતનબેન વસંતલાલસાયતા, ગં.સ્વ.ઝવેરબેન મનસુખલાલના ભાઈ. પ્રાર્થનાસભા તા.૩-૯-૨૪ના ૫.૦૦ થી૬.૩૦. હાર્બર હૉલ, તળ મજલા ટીપટોપ પ્લાઝા, રાહેજા ગાર્ડનની સામે, એલ.બી.એસ. માર્ગ, થાણા-વેસ્ટ.

**કચ્છ દેશીય સારસ્વત બ્રાહ્મણ**

વિઝાંણ નિવાસી હાલ મુલુંડ ગં. સ્વ. દમયંતીબેન (સરસ્વતીબેન) જોષી (જેઠા) (ઉં.વ. ૯૨) તા. ૩૦-૮-૨૪ના મુલુંડ મુકામે રામશરણ પામેલ છે. તે સ્વ. દામોદર (બ્રહસ્પતિ) મુલજીના પત્ની. સ્વ. મુલબાઈ મુલજી ટોપણ જેઠાના પુત્રવધૂ. સ્વ. બચ્ચુબાઈ દામોદર પંડયાના પુત્રી. સ્વ. સરલાબેન, ગં. સ્વ. કસ્તુરબેનના ભાભી. જયશ્રી ગુણવંત જોષી, કિશોરના માતુશ્રી. મીના કિશોર, ગુણવંત પ્રભાશંકર ગાવડિયાના સાસુમા. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૩-૯-૨૪ના ૫ થી ૭ સારસ્વત વાડી, ઝવેર રોડ, ૧લે માળે, મુલુંડ વેસ્ટ.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

હાલ મુલુંડ મુંબઈ નિવાસી અ. સૌ. ઉમાબેન પંડયા (ઉં.વ. ૭૮) તે દિનકરરાય જગજીવન પંડયાના ધર્મપત્ની. નરેન, અ. સૌ. મીના, ચેતનાના માતુશ્રી. અ. સૌ. હેમલ નરેન પંડયા, સંજીત નવનીતરાય વ્યાસના સાસુમા. સ્વ. ઈન્દુમતી હર્ષદરાય ભટ્ટના પુત્રી. સ્વ. રાજેનભાઈ, સ્વ. રોહિતભાઈ, સ્વ. રેખાબેન, સ્વ. રેણુકાબેન, હેમાંગીનીબેનના મોટા બહેન તા. ૩૦-૮-૨૪ના કૈલાસવાસી થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

મહુવા નિવાસી હાલ મલાડ મુંબઈ સ્વ. પ્રાણજીવનદાસ વલ્લભદાસ પારેખ અને ગં. સ્વ. પદમાબેનના પુત્ર રાજેશ (કનૈયો) પારેખ (ઉં.વ. ૬૧) તે શ્રીમતી મીતાબેનના પતિ. પ્રાણજીવન અનેચંદ મહેતાના જમાઈ. નિર્યત, ફોરમના પિતાશ્રી. સાંભવી, જેમિન મેરના સસરા. આશા (અનીતા) દિપક દાણીના ભાઈ તા. ૩૦-૮-૨૪ના મલાડ મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના મંગળવાર, તા. ૩-૯-૨૪ના ૪ થી ૬ ગોળ ગાર્ડનની પાસે, સરાફ માતૃ મંદિર, પોદાર માર્ગ, મલાડ (ઈસ્ટ).

**દશા સોરઠિયા વણિક**

ગામ બગસરા હાલ મુંબઈ સ્વ. પ્રમીલાબેન અને દિલીપભાઈ મુલચંદ વખારિયાના પુત્ર મનીષભાઈ (ઉં.વ. ૫૫) ગુરુવાર, તા. ૨૯-૮-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે અલ્પાબેનના પતિ, સૌમિલ, અર્પિલના પિતા. બિંદીબેન વિરેશભાઈ ધકાણના ભાઈ. દિપકભાઈ અમૃતલાલ ધાબળીયાના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ લોહાણા**

નંદાસર નિવાસી હાલ થાણે પ્રભુલાલ ઠક્કર (ભીન્ડે) (ઉં. વ. ૮૭) શનિવાર, તા. ૩૧-૮-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કાસીમા ખીમજીભાઇના પુત્ર. તે સ્વ. મુક્તાબેનના પતિ. તે મગનલાલ રતનશીભાઇ પૂજારાંના જમાઇ. તે મહેન્દ્રભાઇ, વિનયભાઇ, પુષ્પાબેન ભરતભાઇ, ચંદ્રીકાબેન ભરતભાઇ, ગીતાબેન ભરતભાઇના પિતાશ્રી. તે સ્વ. કાનજીભાઇ, નાનજીભાઇ, મગનભાઇ ઠક્કર, ગં. સ્વ. હીરાબેન વીરજીભાઇ, દિવાળીબેન કાંતિલાલ, રતનબેન વસંતલાલ, ઝવેરીબેન મનસુખલાલના ભાઇ. તે રેણુકા તથા મંજુના સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૩-૯-૨૪ના ૫થી ૭. ઠે. ટીપટોપ હોટલ, હાર્બર હોલ, ગ્રાઉન્ડ ફલોર, એલ.બી.એસ. માર્ગ, રાહેજા ગાર્ડનની સામે, થાણે (વેસ્ટ).

**ભરૂચ વિશાલાડ વણિક**

સુનીલા ઈન્દ્રવદન દલાલ તે સ્વ. મધુરી જયવદન ખાંડવાળાની દીકરી. રાજેનની બહેન. ચિ. દિપાલી તથા પૃથુલના માતુશ્રી. હરીશભાઈ ચોક્સી અને અર્પિતાના સાસુજી. શૈલી, નમન, યશ્વી તથા તનયના દાદીમા શુક્રવાર ૩૦-૮-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. ભક્તિ સંધ્યા- મંગળવાર ૩-૯-૨૪ના ૫ થી ૭ વિશ્વેશ્વર ભવન, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલે પારલે (વેસ્ટ).

**કપોળ**

આંબરડી નિવાસી હાલ (નાલાસોપારા) સ્વ. કંચનબેન તથા સ્વ. શાંતીલાલ મહેતાના સુપુત્ર સુરેશ શાંતીલાલ મહેતા (ઉં. વ. ૭૫) ૩૦-૮-૨૪ શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મીતાબેનના પતિ. હેમાલી પ્રણવ મોદીના પિતા. નલીનભાઈ, ભરતભાઈ, કિરણબેન દિનેશકુમાર સંઘવી, દિનાબેન દિનેશકુમાર મહેતા, કુન્દનબેન ચંદ્રકાન્ત પારેખના ભાઈ. સ્વ. મણીરામ મોતીરામ ખત્રી (દમણ)ના જમાઈ. રીવા, રીશાના નાના. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી ભાટિયા**

ચોગીનભાઈ (ઉં. વ. ૬૯) તે સ્વ. ઈન્દીરા લક્ષ્મીદાસ હરીદાસ પોરેચાના પુત્ર. કલ્પનાબેનના પતિ. તે વિદ્યુતા ઉદય નાણાવટીના ભાઈ. કન્હાઈ અને રીમાના પિતા. તે સ્વ. ચંદ્રકાંત વસનજી અંજારીયાના જમાઈ સોમવાર ૨-૯-૨૪ના શ્રીજીના ચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા બુધવાર ૪-૯-૨૪ના ૪ થી ૬. હિરાવતી હોલ, ટાગોર રોડ, પોદર સ્કૂલ પાસે, સાંતાક્રુઝ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી દશા પોરવાડ**

મૂળ દમણ નિવાસી સ્વ.કલાવતીબેન કાંતિલાલ દમણીયાના સુપુત્ર દિલીપભાઈ દમણીયા (ઉં. વ. ૮૪) હાલ સાંતાક્રુઝ પૂર્ણિમાબેનના પતિ. સ્વ.શશીકાંતભાઈ, સ્વ.વિદ્યાબેન, સ્વ.જયવંતીબેન, સ્વ.દિનેશભાઈ, ભરતભાઈના ભાઈ. શીતલ, હેમા, તૃપ્તિના પિતાશ્રી, સ્પંદન, ત્વિશા, ઓમ, પ્રણિધિ, આન્યાના નાના શનિવાર તા.૩૧/૦૮/૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા / વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી અ.સૌ. ગીતા ગાંધી (ઉં. વ. ૭૧) તે નરેન્દ્ર ભગવાનદાસ ગાંધીના ધર્મપત્ની ભૂપેન્દ્ર-સ્વ. હેમલતા તથા સુધીર-અલકાના ભાભી. કૃતિ તેજસ મહેતાના માતુશ્રી. તેજસ મહેન્દ્રભાઈ મહેતાના સાસુ. ધૂનના નાની તથા ધંધૂકાવાળા સ્વ. પ્રાણલાલ મણીલાલ મહેતાના દિકરી. રવિવાર તા. ૧લી સપ્ટેમ્બરના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક ક્રિયા બંધ છે.

**કપોળ**

જાનબાઈ દેરડીવાળા હાલ ઘાટકોપર સ્વ. પરમાનંદદાસ મોહનલાલ કરવતના સુપુત્ર સ્વ.વિનોદરાય કરવતના ધર્મપત્ની શ્રીમતી કલાવતી (ઉં. વ. ૮૧) તે હિતેશ, નીપા, દિપક, ડીમ્પલ, ઉમા નયન મોદીના માતુશ્રી. જાધવજી વીરજી મહેતાના સુપુત્રી. મહેન્દ્ર, કિશોર, મુકેશ, દક્ષા, હંસા, લતા, સ્વ. તરૂલતા, સ્વ. ગીતાના ભાભી, માનસી, કુનાલ, લબ્ધી, હિમાની, જય, ભાવિકના દાદી, તા.૨-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

રાજુલા નિવાસી હાલ મલાડ સ્વ.ઇન્દુમતીબેન વૃજલાલ પ્રેમચંદ મહેતાના પુત્ર અજયભાઇ (ઉં. વ. ૬૨) તે ૩૧/૮/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. જાગૃતિ (ભાવના)ના પતિ. વર્ષાબેનના ભાઈ. સ્વ.મનસુખભાઇ, સ્વ.હિમંતલાલ, સ્વ.હરકિશનદાસ, સ્વ.ચીમનલાલના ભત્રીજા, સ્વ.પ્રવિણચંદ્ર મણિલાલ અવલાણી જેતપુરવાળાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રી. સ્થા. જૈન**

બોટાદ નિવાસી શારદાબેન જયાલાલ દોશીના પુત્ર ભરતભાઇના પત્ની પૂર્ણિમાબેન (ઉં. વ. ૭૨) તા. ૧-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે મૌલિક-મિતુલના મમ્મી. અંજના-હેતલના સાસુ. તે સ્વ. હસમુખભાઇ, સ્વ. જયેષ્ઠાભાઇ, ઉમેશ, સ્વ. રાજેશ, પ્રશાંત, સંજય અને સુનીલના ભાભી. તે પિયર પક્ષે ધ્રાંગધ્રા નિવાસી ત્રંબકલાલ તારાચંદ કોઠારીના પુત્રી. લૌકિક વ્યવહાર, પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

વિસનગર નિવાસી (હાલ વાલ્કેશ્વર) રાજુભાઈ શાહ (ઉં. વ. ૯૦) ૩૧-૮-૨૪ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કાંતાબેન અને સ્વ. અમૃતલાલના સુપુત્ર. તે સ્વ. ગોકુળભાઈ દોલતરામના દોહિત્ર. તે સ્વ. વસુબેનના ભાણેજ. તે સ્વ. રમેશચંદ્ર, સ્વ. ભારતભાઈ, સ્વ. ક્રિષ્નાબેન અને સ્વ. ચારૂબેનના ભાઈ. તે પદમાબેન અને સ્વ. ઈન્દુબેનના દિયર. તે અલકા-અરવિંદભાઈ, સ્વ. દીના, પન્ના અને હિના-મુકેશભાઈ તથા હેમેન-હર્ષા, જય-રાજુલના કાકા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ જૈન**

પાટણ નિવાસી (ચૌધરીની શેરી) કીર્તિકુમાર નાનાલાલ શાહ તા. ૨-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયાબેનના પતિ. મોનાબેન, ફાલ્ગુનીબેન તથા અતુલભાઈના પિતા. જવાહરભાઈ તથા જયમીનના સસરા. ધ્વનિના દાદા. રાજીવ તથા દિશાંગના નાના. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ખોડી સમઢીયાળા નિવાસી હાલ વસઈ, સ્વ. રસિકલાલ કપૂરચંદ શેઠ અને શારદાબેનના સુપુત્રી, તે રાજુભાઈ બિલખીયાના ભાણેજ. હિરેન, વિજય અને નરેશ શેઠના બેન. ભક્તિ રસિકલાલ શેઠ, (ઉં. વ. ૪૩) તા. ૧ સપ્ટેમ્બર ૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી દિગંબર જૈન**

લાઠી નિવાસી હાલ વસઈ નટવરલાલ નાગરદાસ રામજીભાઈ ભાયાણી (ઉં. વ. ૮૯) તા. ૩૦/૮/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે જ્યોતિબેનના પતિ. દીપકભાઈ, રાજેશભાઈ, અલ્પાબેનના પિતાશ્રી. મનોજભાઈ, સોનલબેન, હીનાબેનના સસરા, સ્વ.શાંતિભાઈ, સ્વ.રમણીકભાઇ, સ્વ.પ્રતાપભાઈ, સ્વ.કનુભાઈ, સ્વ.અનસૂયાબેન રણછોડભાઈ ગોસળીયા, સ્વ.લલીતાબેન હરિભાઈ દોશીના ભાઈ, સ્વ.મગનભાઈ વલ્લભજી ઘેલાણીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાર વિશા શ્રીમાળી જૈન**

ભાણવડ નિવાસી હાલ કાંદિવલી કેશવલાલ માણેકચંદ સંઘવી (ઉં. વ. ૯૭) તે સ્વ.દયાબેનના પતિ. સ્વ.કાંતિલાલ તથા મનસુખલાલના ભાઈ, ધોરાજી નિવાસી સ્વ.રાયચંદ ઝવેરચંદ વોરાના જમાઈ, જવાહર, સ્વ.રાજેશ, રિતેશ, સુશીલાબેન જયંતીલાલ દોશી, સરોજબેન વીરેન્દ્ર શેઠ, પ્રફુલ્લાબેન દિનેશકુમાર મહેતાના પિતા. તેજસ, બિરજુ,નીરવ, અમન, આકાશના દાદા ૧/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

હાલાપરના લક્ષ્મીબેન લક્ષ્મીચંદ હરીયા (ઉં. વ. ૬૧) તા. ૩૧-૮-૨૦૨૪ના અવસાન પામેલ છે. શાંતાબેન લાલજી હરીયાના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. તલવાણાના સાકરબેન દેવચંદ હંસરાજ દેઢીયાના સુપુત્રી. સ્વ. તલકશી, રમેશ, સ્વ. હરખચંદ, કિશોર, ખુશાલ, શશીકાંત, રાયણના સ્વ. નાનબાઇ શામજી ગડા, બિદડાના સ્વ. ધનવંતીબેન દામજી ગાલા, તરૂલતાબેન લક્ષ્મીચંદ ફુરીયાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : શશીકાંત દેઢીયા, ઝીયા માસુમ શહાચાલ, રૂમ નંબર-૧૮, ૧લે માળે, એન.એમ.જોશી માર્ગ, દિપક સીનેમાની સામે, મુંબઇ-૧૩.

ભોજાયના રતનબેન પદમશી ગડા (ઉં. વ. ૮૫) તા. ૧-૯-૨૪ ના અવસાન પામેલ છે. ગોરબાઈ વેરશી ભોજરાજ ગડાના પુત્રવધૂ. પદમશીના ધર્મપત્ની. પ્રવિણ, પ્રબોધના માતૃશ્રી. ભોજાયના હીરબાઈ પાસુભાઈ મેઘજી પાસડના સુપુત્રી. પોપટલાલ, નાનજી, કેશવજી, હિરજી, આણંદજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રવિણ પદમશી. વર્ધમાન નગર, એમ-૭૦૩/૭૦૪. ડો. આર.પી.રોડ. મુલુંડ (વે.) ૮૦.

લુણીના કાંતીલાલ હંસરાજ ગલીયા (ઉં. વ. ૬૫) માંડવી આશ્રમ મધ્યે તા. ૩૧-૮ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન હંસરાજના સુપુત્ર. વડાલાના માકબાઇ ઉમરશી દયાના દોહીત્ર. મણીલાલ, લાછબાઇના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. એ. મણીલાલ હંસરાજ ગલીયા, જી-૧૦૩, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇ.)

ડેપાના નેણબાઈ તલકશી સાવલા (ઉં. વ. ૯૨)તા. ૩૧-૮-૨૪ ના અવસાન પામેલ છે. વેજબાઈ માઈયા ઉકેડાના પુત્રવધૂ. તલકશીના પત્ની. રમણીક, મહેશ, કલ્પનાના માતા. ખેતબાઈ હીરજીના પુત્રી. સુરજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મહેશ તલકશી સાવલા, કચ્છી સર્વોદય જૈન નગર, બી-૨/૪૦૧, પી.એલ.લોખંડે માર્ગ, ચેમ્બુર, ગોવંડી (વે), મું. ૪૩.

પુનડીના કેશરબેન રામજી મોતા (ઉં. વ. ૮૪) ૧-૯-૨૪ના અવસાન પામેલ છે. ગોમીબેન નાનજી લખમશીના પુત્રવધુ. સ્વ. રામજીના પત્ની. ગીતા, શીલાના માતા. ના. આસંબીયા કુંતાબેન ગણપત મેપાના સુપુત્રી. વેજબાઈ, ચંચળબેન, સ્વ. કલ્યાણજી, ગાંગજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કલ્યાણજી નાનજી મોતા, ૧૦૧, જીવન સપના, પટેલ નગર, કાંદિવલી (વે.), મુંબઈ-૬૭.

સાડાઉના ઝવેરબેન જેઠાલાલ ગાલા (ઉં. વ. ૯૦) તા. ૩૧/૮ ના મોક્ષ માર્ગે પ્રયાણ કરેલ છે. ડાહીબાઈ હંસરાજ સામતના પુત્રવધૂ. જેઠાલાલ હંસરાજના પત્ની. રૂક્ષ્મણી, ચંદ્રકાંત, ભારતી, રંજન, મનોજ, મીનાના માતુશ્રી. વડાલા પુરબાઈ /રતનબાઇ વજપાર સાવલાના પુત્રી. મણિલાલ, દામજી, મગનલાલ, મોખા લક્ષ્મીબાઈ નરશીના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. ચંદ્રકાંત ગાલા- ૯૦૧/૯૦૨, શંકર ધારા બિલ્ડીંગ, વી. પી. રોડ, વિલેપાર્લે (વે). મુંબઈ-૫૬.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક




feedback@bombaysamachar.com

કવર સ્ટોરી

# તન-મનને કરો પ્રસન્ન

પ્રથમેશ મહેતા

ફિટ રહેવા માટે ટાઈમ મેનેજમેન્ટ અતિશય જરૂરી છે. મોટી સેલિબ્રિટીઓ ગમે એટલા વ્યસ્ત હોય તો પણ પોતાના ફિટનેસ પ્રોગ્રામનું પાલન કરવાનો સમય કાઢી જ લે છે. શૂટિંગને લીધે જમવાનું સમયપત્ર અને બીજા શેડ્યુલ્સ ખોરવાઈ જાય તો પણ સેલિબ્રિટીઓ ફિટનેસ જાળવવા વ્યાયામ કરવાનું ચૂકતા નથી. તેમની પાસે ફિટનેસનો આ મંત્ર શીખવા જેવો છે.

જો આપણું આરોગ્ય સારું હોય તો જ આપણે આપણું કામ સારી રીતે કરી શકીએ. આથી માનવીએ શારીરિક અને માનસિક આરોગ્ય સુદઢ રાખવા કાયમ તત્પર રહેવું જોઈએ. હું બહારગામ ગઈ હોઉં અને દરેક જગ્યાએ મને વ્યાયામશાળા ન મળી શકે. આવા સમયે હું સ્કિપિંગ, સ્વિમિંગ અને સાઈકલિંગ કરું છું, એવી માહિતી જાણીતી અભિનેત્રી પ્રાજક્તા ગાયકવાડે એક મુલાકાતમાં આપી હતી.

તે કહે છે કે જે માધ્યમથી આપણને વ્યાયામ કરવા મળે એ માધ્યમનો આપણે ઉપયોગ કરવો જોઈએ. હું ટેકવોન્ડોની ખેલાડી છું. આથી હેવી વર્કઆઉટ કરું છું. સ્કૂલમાં મેં વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. હું કરાટે પણ શીખી છું. આથી હું ફિટનેસને પ્રાથમિકતા આપું છું. હું જિમ સાથે પ્રાણાયામ અને યોગનાં આસનો પણ કરું છું. ધ્યાનધારણા ખૂબ મહત્ત્વની છે માનસિક અને શારીરિક દૃષ્ટિએ તંદુરસ્ત રહેવા માટે નૃત્ય કરવાને પ્રાધાન્ય આપું છું. નૃત્યનું રિહર્સલ હંમેશાં ચાલુ જ હોય છે. હું ઝુંબા નૃત્ય પણ કરું છું. નૃત્ય કરવાથી આપણા શરીરમાં રહેલી નકારાત્મકતા દૂર થઈ જાય છે. માનસિક તાણ-તનાવ દૂર થાય છે. જો આપણું શરીર જડ હોય તો એ માટે નૃત્ય રામબાણ ઈલાજ છે. અનેકવાર વિમાન કે મોટરમાં લાંબો પ્રવાસ કરવો પડે છે. ચિત્રીકરણ બાર કે ૧૪ કલાક ચાલે છે. અનેકવાર રાત્રે શૂટિંગ હોય છે. આના પરિણામે નિદ્રાનું ગણિત ખોરવાઈ જાય છે. આવા સમયે આપણું શરીર અને ચામડીની કાળજી લેવી જરૂરી છે. અભિનય ક્ષેત્રમાં બધી બાબતોનું કાળજીપૂર્વક ધ્યાન રાખવું પડે છે શરીરમાં પાણીનું પ્રમાણ પણ જાળવી રાખવું પડે છે. અનેક વાર ઉજાગરાને લીધે એસિડિટી થાય છે. આને લીધે સ્વભાવ ચીડિયો થઈ જાય છે. આ બધી બાબતોને ઠીક કરવા જિમ, ધ્યાનધારણા અથવા તો એકાદો મનગમતો શોખ પૂરો કરવો. આને લીધે તમારું મનોબળ મજબૂત થશે.

આહારની બાબતમાં હું ખૂબ જાગૃત છું. પેટ ખાલી હોય તો મને ત્રાસ થાય છે. આથી હું બે-બે કલાકે થોડું થોડું ખાઉં છું. હું માતાએ કે મેં બનાવેલો આહાર જ ખાઉં છું. બહારના ખાદ્યપદાર્થો ખાવાનું ટાળું છું. હું ભાખરી, શાક, દાળ અને ભાત અને દહીં ખાઉં છું. આહારમાં ભાજીપાલા, ગ્રીન સલાડ, સફરજન અને ઋતુકાળ પ્રમાણે ફળો ખાઓ. અનેક વાર શૂટિંગને લીધે જમવાનો સમય મળતો નથી. ભૂખ લાગે તો ખબર જ નથી પડતી. પાણી પીવા પણ મળતું નથી. આથી સમય મળે ત્યારે ખાતી જ રહું છું.

મને પાંઉભાજી અને ચાયનીઝ વાનગી ભાવે છે. જોકે ઈચ્છા હોવા છતાં હું ખાઈ શકતી નથી. હું બને એટલો પૌષ્ટિક આહાર ખાઉં છું. ફળોના જ્યૂસ, ગ્રીન ટી, બ્લેક ટી અને છાશ પીઉં છું. ચા અને કોફી મને ગમતી નથી.

### સુદઢ આરોગ્યની ટિપ્સ

- ભગવાને આપણને અતિશય સારું શરીર આપ્યું છે. તેની માવજત અને કાળજી કરવી આપણું કર્તવ્ય છે. ખેતી વ્યવસ્થિત કરશો તો પાક સારો આવશે. શરીરની કાળજી લેશો તો આપણને ફાયદો થાય જ છે.
- આપણે જેટલો પૌષ્ટિક અને સમતોલ આહાર ખાઈશું તો આપણા વિચારો પણ સારા રહે છે. શરીર તંદુરસ્ત રહેશે. શારીરિક અને માનસિક આરોગ્ય માટે હોબી રાખવી જોઈએ. આ તાણતનાવ ઓછો કરે છે.
- દિવસમાં કસરત માટે સમય મળતો નથી તો સાંજે કે રાત્રે વ્યાયામ કરી શકાય. પોતાના અને કુટુંબના વ્યાયામને અગ્રતાક્રમ આપો.
- નૃત્ય કરવાથી તમારા આખા શરીરને હલનચલન મળશે. તાણ દૂર કરવા નૃત્ય કરવું જોઈએ. ■



પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા

## નમ્રવાણી



-રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

# સ્વીકારવાની તૈયારી છે?

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના આ પાવન અવસરે કેટલાંના મનમાં એમ છે કે, 'પ્રભુ મારા હૃદયમાં પધારે!'

બધાંના મનમાં ભાવ છે કે, પ્રભુ મારા હૃદયમાં બિરાજે, પણ પ્રભુ હૃદયમાં ક્યારે બિરાજે?

એક હોય છે, ધર્મક્ષેત્રમાં પ્રવેશ કરવો અને એક હોય છે, ધર્મનો હૃદયક્ષેત્રમાં પ્રવેશ કરાવવો! ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ કરવો તો સહજ છે, પણ ધર્મને હૃદયક્ષેત્રમાં પ્રવેશ કરાવવો હોય, પ્રભુને હૃદયમાં બિરાજમાન કરવા હોય તો પ્રથમ તો હૃદયક્ષેત્ર શુદ્ધ હોવું જોઈએ.

પ્રભુએ એક સૂત્ર આપ્યું છે;

तस्स भंते, पड़िक्कामानि, निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि!

જેમની પોતાના દોષોને, પોતાની ભૂલોને, પોતાના અજ્ઞાનને સ્વીકારવાની તૈયારી હોય છે, એના જ હૃદયમાં પ્રભુ બિરાજમાન થાય છે.

જેમ હંમેશાં આપણને આપણા નસ્કોરાં નથી સંભળાતા પણ બીજાના સંભળાય છે, તેમ આપણને આપણી ભૂલો નથી દેખાતી પણ બીજાની ભૂલો, બીજાના દોષો, બીજાની ખામીઓ તરત જ દેખાય છે.

માટે જ, ધર્મક્ષેત્રમાં પ્રવેશ કરવાવાળા લાખો વ્યક્તિઓ હોય પણ ધર્મને પોતાના હૃદયક્ષેત્રમાં પ્રવેશ કરાવનારા બહુ જ અલ્પ હોય. વર્ષોનાં વર્ષોથી ધર્મ ધ્યાન કરતાં હોય, પેઢીઓની પેઢી ધર્મ ધ્યાન કરતી હોય, પણ ધર્મની સમ્યક અનુભૂતિ ન હોય, કેમ કે, ધર્મનો હૃદયમાં પ્રવેશ થયો ન હોય.

એનું મુખ્ય કારણ છે, સ્વીકાર કરવાની તૈયારી નથી.

આપણી મોટામાં મોટી ભૂલ શું હોય છે? આપણે ભૂલનો સ્વીકાર કરતાં નથી.

'ભૂલ એ ભૂલ નથી, ભૂલનો અસ્વીકાર એ સૌથી મોટી ભૂલ છે!'

પ્રભુને હૃદયક્ષેત્રમાં બિરાજમાન કરવાનો, પ્રભુના સ્વાગતનો એક જ મંત્ર છે... argumentsless acceptance!!

Argumentsless acceptance પરમાત્માને હૃદયમાં પ્રવેશ કરાવવાનો path છે.

આટલું clear સત્ય સમજાયા પછી પણ કોઈ તમારી ભૂલ બતાવે, તમારા દોષો બતાવે ત્યારે તમારો જવાબ શું 'જી, હા જી, આ મારી mistake છે, મારાથી ભૂલ થઈ છે.' એવો હોય છે કે, arguments હોય છે? એવી જ રીતે તમે પણ કોઈને એની ભૂલ બતાવો છો, ત્યારે તે તરત જ સ્વીકાર કરી લે છે? ના!

જેમને 'As you say', કહેતાં આવડે, પ્રભુ તેના હૃદય દ્વારે પધારે!

હૃદયમાં ધર્મનો પ્રવેશ કરાવવા માટેનો સર્વ પ્રથમ ગુણધર્મ છે, સ્વીકારવાની તૈયારી!

સ્વીકાર કોણ કરી શકે? જેનામાં સરળતા હોય!

જેમના હૃદયમાં સરળતા હોય, એમની પાસે સહજ સ્વીકાર હોય,

જેમની અંદરમાં અહંકાર હોય, એમની પાસે arguments હોય.

સંસારમાં તો વ્યક્તિ દરેકને પહેલાં માપે છે, જાણે છે અને પછી પણ સ્વીકાર કરવો હોય તો કરે.

સંસારમાં વ્યક્તિમાં પહેલાં તો શંકા જ આવે, પછી શ્રદ્ધા આવે અને એ જ ગુણધર્મ લઈને આપણે pastમાં લાખો વાર પ્રભુ પાસે ગયા છીએ. પ્રભુ પાસે જઈને પણ શ્રદ્ધા કરવાના બદલે શંકા કરી, arguments કરી, એટલે આજે પ્રભુ મોક્ષમાં છે અને આપણે અહીંયા છીએ.

જો મેં પ્રભુ પર શ્રદ્ધા કરી હોત તો આજે હું અને પ્રભુ સરખા હોત, સરખા સ્થાન પર હોત, સરખી સ્થિતિમાં હોત, સરખા આત્મ સ્વરૂપમાં હોત!

પણ જ્યારે જ્યારે પ્રભુ મળ્યાં, ત્યારે ત્યારે શંકા, કંખા, વિતિગચ્છા, પરપાસંડ પસંસા અને પરપાસંડ સંથવો કર્યાં છે.

પ્રભુએ કહ્યું, પાણીમાં અસંખ્ય જીવો છે.

પહેલાં તો શંકા આવી, પાણીમાં અસંખ્ય જીવો શું હશે? પછી argument કરી, પાણીમાં કેવી રીતે અસંખ્ય જીવો હોય? શું એનું કોઈ scientific proof છે?

Science કહે તો સ્વીકાર છે પણ ત્રિકાળજ્ઞાની પ્રભુની પ્રજ્ઞા માટે શંકા છે. આજે science એ જ પ્રભુના સિદ્ધાંતોને પ્રયોગો દ્વારા prove કરે છે, જેને પ્રભુએ 2600 વર્ષ પહેલાં એમના શ્રીમુખેથી પ્રગટ કર્યા હતાં.

આજે આ પર્વાધિરાજ મહાપર્વના અવસરે અંદરથી એક ભાવ પ્રગટ કરો... 'હે પ્રભુ! જ્યારે મને તારું સાંનિધ્ય મળે, તારું શરણ મળે, ત્યારે હું તારા દરેક વચનને પૂર્ણ શ્રદ્ધાથી સ્વીકારું, એવી પાત્રતા આપી દે!'

તમને લાગે છે કે, એક દિવસમાં તમારો nature acceptanceનો થઈ જશે? ના! તો શું કરવાનું? આજથી સરળ બનવાનો પુરુષાર્થ કરવાનો!

સરળતાના ગુણધર્મને develop કરવા, કોઈની વાતમાં interfere નહીં કરવાનું!

જેનામાં માથું મારવાની habit હોય, એ પ્રભુ સમક્ષ ગમે તેટલું માથું નમાવે, તે ક્યારેય સફળ ન થાય.

ધર્મનો હૃદયમાં પ્રવેશ કરાવવા માટે જૈનધર્મનો શ્રેષ્ઠ સિદ્ધાંત છે, આલોચના અર્થાત્ confession!

જ્યાં સુધી આલોચના ન થાય, ત્યાં સુધી હૃદયપાત્રની શુદ્ધિ ન થાય. આલોચના માટે પ્રથમ પોતે, પોતાની ભૂલને જોવી અને પછી એ ભૂલની ગુરુ સમક્ષ આલોચના કરવી, સાચા દિલથી ક્ષમા માગવી અને ભૂલનું પ્રાયશ્ચિત માગવું, ફરી એવી ભૂલ ન થાય, તેનો નિર્ણય કરવો અને સાવધાની રાખવી.

આલોચના એ જ કરી શકે, જે સરળ હોય.

જેનામાં ego હોય, અહંકાર હોય તે ક્યારેય confession ન કરી શકે.

આલોચના એટલે પાપ-દોષો અને ભૂલોના કારણે મનમાં, હૃદયમાં જે ભાર હોય, તે ગુરુનાં ચરણોમાં સોંપી દેવો અને હળવાશ અનુભવવી. જેનામાં ego હોય એ વિચારે કે મારી ભૂલો, મારા દોષો ગુરુને કહી દઈશ તો એ બધું જાણી જશે અને પછી હું એમની નજરમાંથી ઊતરી જઈશ, તો?

ગુરુ એ હોય, જે મન મનની વાતને જાણતાં જ હોય, માટે એમનાથી છુપાવવું એ પણ ભૂલ જ હોય, એમની સમક્ષ સ્વીકાર કરી લેવો, એ સરળતા હોય.

જે ભૂલોને છુપાવે છે, એની ભૂલો વધે છે.

યાદ રાખવાનું,

ગુરુ ક્યારેય judge ન હોય, એમનું mind તો mirror જેવું હોય. આજે તમે જેવા આવ્યાં એવા જુએ, બીજીવાર જેવા આવો એવા જુએ.

જે પોતાના mindમાં કોઈની image કે impression રાખે, જે પોતાના heartમાં કોઈના માટે અભિપ્રાય રાખે, તે ક્યારેય ગુરુ ન બની શકે.

ગુરુ એ હોય, જેમનું heart અને mind clean હોય.

હૃદયમાં ધર્મનો પ્રવેશ ન થવાનું એક કારણ છે, ભૂલને છુપાવી છે, પાપ-દોષોને છુપાવ્યાં છે.

જે પોતાની ભૂલો-દોષોને છુપાવે છે, તેને કર્મોની થપ્પડ પડે છે અને જે સ્વીકાર કરે છે, કર્મો તેને કર્મથી મુક્ત કરી દે છે.

Confession કર્મ મુક્તિનો ઉપાય છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ - ક્ષમાપના ઉત્સવ, એમાં જે આ આલોચનાનો, confessionનો concept છે, એ જો ઘર ઘરમાં સ્વીકાર્ય થઈ જાય તો પછી રાગ-દ્વેષ, ઝગડા, problems, સંઘર્ષ આદિના આયુષ્ય ઓછા થઈ જાય ને!!

જે ઘરમાં ભૂલ સ્વીકારવાની તૈયારી હોય, એ ઘરમાં અશાંતિનું આયુષ્ય અતિ અલ્પ હોય અને જે ઘરમાં ભૂલો સ્વીકારવાની તૈયારી ન હોય, તે ઘરમાં રાગ-દ્વેષ, ઝગડા અને અશાંતિનું આયુષ્ય ઘણું લાંબું હોય.

ભૂલ ગમે તેટલી મોટી હોય પણ ભૂલનો સ્વીકાર કરવાથી ભૂલ નાની અને ક્ષમ્ય થઈ જાય છે.

ભૂલને ન સ્વીકારવી એ મોટી ભૂલ છે અને ભૂલને સ્વીકારવી એ ભૂલને સુધારવાની નિશાની છે.

Egoના કારણે વ્યક્તિ જ્યારે પોતાની ભૂલને accept નથી કરતી, ત્યારે તે પોતાને master mind માને છે.

પ્રભુએ કહ્યું છે, master mind નહીં, mindના master બનો!

આજે સવારથી કેટલાં છકાયના જીવોની હિંસા થઈ હશે, કેટલાંય છકાયના જીવોને વેદના આપી હશે, કેટલાંને એવું લાગે કે, આ મારી ભૂલ છે, મારા દોષો છે!! માટે જ, અમારી પ્રેરણા છે કે, એકવાર ગુરુ પાસે અત્યાર સુધીના ભૂલો અને દોષોની આલોચના કરી, ગુરુને વિનંતી કરો, 'ગુરુદેવ! મારા હૃદયપાત્રને શુદ્ધ કરાવો મારા હૃદયમાં પ્રભુનો પ્રવેશ કરાવો, મારા હૃદયમાં ધર્મનો પ્રવેશ કરાવો.'

આ confession, આ request ક્યારે થાય?

જ્યારે ભૂલ, ભૂલ લાગે અને ભૂલને સ્વીકારવાની તૈયારી હોય! ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

યોગ મટાડે મનના રોગ

# આર્ય-અષ્ટાંગ-માર્ગનું સપ્તમ સોપાન સમ્યક્ સ્મૃતિ છે

ભાણદેવ

સ્મૃતિ એટલે જાગૃતિ સમ્યક્ સ્મૃતિ દ્વારા જ સમ્યક્ સમાધિકમાં પ્રવેશ થાય છે.

વિપશ્યના ધ્યાનપદ્ધતિ સમ્યક્ સ્મૃતિની અર્થાત્ સમ્યગ્ જાગરણની જ એક વિશિષ્ટ સ્વરૂપે વિકસિત સાધના છે.

વિપશ્યના ધ્યાનપદ્ધતિનાં ચાર સોપાન છે.

(૧) કાયાનુપશ્યના :

કાયાનુપશ્યના એટલે શરીર પ્રત્યે જાગૃતિ. આ તબક્કા દરમિયાન સાધક પોતાના શરીરની અવસ્થા અને ક્રિયાઓ પ્રત્યે જાગ્રત રહેવાનો અભ્યાસ કરે છે.

શારીરિક ક્રિતાઓમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા સૌથી વધુ મત્ત્વપૂર્ણ અને કેન્દ્રસ્થ ક્રિયા છે. તેથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા પ્રત્યે જાગ્રત રહેવાની સાધના કાયાનુપશ્યનાનું સર્વશ્રેષ્ઠ સ્વરૂપ છે. શ્વાસોચ્છ્વાસની ક્રિયા પ્રત્યે જાગ્રત રહેવાની ધ્યાનપદ્ધતિને શ્વાસાનુપશ્યના કે પ્રાણાનુપશ્યના કહે છે. તેને જ બૌદ્ધધર્મની શાસ્ત્રીય પરંપરા પ્રમાણે અનાપાન સતિ કહે છે. અનાપાન સતિ એટલે શ્વાસોચ્છ્વાસની ક્રિયા પ્રત્યે જાગ્રત રહેવાની સાધના.

પ્રથમ દૃષ્ટિએ સાદી અને સરૂ લાગતી આ અનાપાન સતિ ઘણી પ્રબળ સાધના છે અને ગંભીરતાથી આચરવામાં આવે તો વિપશ્યનામાં પ્રવેશ કરવાનું સમર્થ અને ક્રાંતિકારી સાધન બની શકે તેમ છે.

(૨) વેદનાનુપશ્યનાઃ

વેદના એટલે સંવેદના.

શરીરમાં અનુભવાતી સુખદ, દુઃખદ અને તટસ્થ સંવેદનાઓ પ્રત્યે પ્રતિક્રિયારહિત સમ્યગ્ જાગૃતિ રાખવી તે વેદનાનુપશ્યના છે.

સાધક પ્રારંભમાં સૂઇને અને પછી ગમે તે અવસ્થામાં અનુલોમ-પ્રતિલોમ- પદ્ધતિથી અર્થાત્ મસ્તકથી પગના અંગૂઠા સુધી અને પગના અંગૂઠાથી મસ્તક સુધી ધ્યાન ફેરવતો રહે છે અને તે દરમિયાન શરીરના કોઇ પણ ભાગમાં અનુભવાતી સંવેદના પ્રત્યે સમ્યગ્ જાગૃતિ રાખે છે.

સંવેદનાઓના તટસ્થ નિરીક્ષણ અર્થાત્ સંવેદનાઓ પ્રત્યેની સમ્યગ્ જાગૃતિ દ્વારા સાધકની જાગૃતિની કક્ષા ઊંચી આવે છે. જાગૃતિના વિકાસથી બેભાનાવસ્થાને કારણે વધેલા અને વિકસેલા રાગ-દ્વેષાદિ ઓછા થવા માંડે છે.

(૩) ચિત્તાનુપશ્યનાઃ

ચિત્તની અવસ્થા, ચિત્તની પ્રક્રિયાઓ,



ચિત્તના રાગ-દ્વેષ, ચિત્તના આવેગો, ચિત્તનાં સુખ-દુઃખ આદિ પ્રત્યે તટસ્થાભાવે જાગૃત રહેવાની સાધનાને ચિત્તાનુપશ્યના કહે છે.

પ્રથમ બે સોપનાનના પ્રમાણમાં ચિત્તાનુપશ્યના વધુ સૂક્ષ્મ છે. પ્રથમ બે સોપાનના અભ્યાસ દ્વારા જેવું સમ્યગ્ જાગરણ વિકસ્યું છે તેનો જ આ ચિત્તાનુપશ્યનામાં પ્રવેશ થઇ શકે છે.

જે સાધક ચિત્તાનુપશ્યનાની કળા હસ્તગત કરી લે છે તેના જીવનમાં યથાર્થ ક્રાંતિની પ્રારંભ થાય છે. સમ્યગ્ દર્શનના અભાવમાં જ ચિત્તની અને પરિણામે જીવનની અનેકવિધ સમસ્યાઓ ઉદ્ભવે છે અને વિકસે છે. રાગ-દ્વેશ, સુખ-દુઃખ અને તજ્જન્ય વિટંબણાઓ બેભાનાવસ્થાનાં સંતાનો છે અને સમ્યગ્ જાગરણથી તેમનું વિસર્જન થાય છે.

આ સાધનમાં સાધક તટસ્થ રીતે પોતાના ચિત્તની પ્રક્રિયાઓનું નિરીક્ષણ કરે છે. પ્રતિક્રિયા વિના માત્ર જોયા કરે છે. આ સાધનામાં દર્શન પ્રધાન છે. ક્રિયા નહીં.

(૪) ધર્માનુપશ્યના :

ધર્મ એટલે જે છે તે. ધર્મ એટલે આર્ય સત્ય. ધર્મ એટલે ઋત.

ચિત્તાનુપશ્યના દ્વારા પરિપક્વ થયેલા સાધકનો ધર્માનુપશ્યનામાં પ્રવેશ થાય છે. ધર્માનુપશ્યના ચિત્તાનુપશ્યાનાનું પરિણામ છે. સાધકની ચેતનામાં જીવનનું યથાર્થ સત્ય પ્રગટે છે. સાધક જે છે તે સનાતન સત્યનું દર્શન કરે છે. સાધકના પરિશુદ્ધ અને જાગ્રત ચિત્તમાં જીવનનો ધર્મ- જીવનનું સત્ય પ્રગટે છે તે છે ધર્માનુપશ્યના.

વિષશ્યનાના સમ્યગ્ અને પર્યાપ્ત અભ્યાસથી સાધકનો સમ્યક્ સમાધિમાં પ્રવેશ થાય છે અને સમ્યગ્ સમાધિ દ્વારા નિર્વાણમાં દ્વાર અનાવૃત થાય છે.

(૨) સુરતશબ્દયોગ (સોહમ્ સાધના):

સુરતશબ્દયોગ નિર્ગૃણ સંતપરંપરાની સાધના છે.

સુરત એટલે સુરતા અર્થાત્ અવધાન-જાગૃતિ.

શબ્દ એટલે મંત્ર અવધાનપૂર્વક મંત્રજપ કરવાની આ સાધના છે. આ ધ્યાનપદ્ધતિમાં શ્વાસેશ્વાસે જપ કરવાનો હોય છે. આ સાધનપદ્ધતિમાંચાર તત્ત્વોનું સુભગ મિલન છે- શ્વાસ, મંત્ર, અવધાન અને ચિંતન સુરતશબ્દયોગ ધ્યાનપદ્ધતિને તબક્કાવાર નીચેની રીતે મૂકી શકાય.

(૧) પ્રથમ તબક્કામાં સાધક શ્વાસોચ્છ્વાસ પ્રત્યે જાગ્રત રહેવાનો અભ્યાસ કરે છે.

આ તબક્કો અનાપાન સતિને મળતો આવે છે.

(૨) દ્વિતીય તબક્કામાં શ્વાસોચ્છ્વાસ સાથે મંત્રજપ (શબ્દ) જોડી દેવામાં આવે છે ભિન્નભિન્ન પરંપરામાં ભિન્નભિન્ન મંત્રો છે, પરંતુ સામાન્ય રીતે 'સોહમ્' મંત્રનો વિનિયોગ થાય છે. શ્વાસ સાથે અર્થાત્ શ્વાસ અંદર લેતી વખતે 'સો (સઃ)' અક્ષરનું મનોમય ઉચાચારણ (જપ) થાય છે. ઉચ્છ્વાસ અર્થાત્ શ્વાસ બહાર કાઢતી વખતે 'હમ્ (અહમ્)' અક્ષરનું મનોમય ઉચ્ચારણ (જપ) થાય છે. આ રીતે પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ સાથે 'સોહમ્' -મંત્રનો માનસજપ કરવામાં આવે છે. સુક્ષ્મ દૃષ્ટિથી નિરીક્ષણ કરીએ તો, 'સોહમ્'-મંત્રનો જપ આપણા શ્વાસોચ્છ્વાસ સાથે સ્વાભાવિક રીતે જ ચાલતો હોય છે તેમ જોઇ શકાય છે. 'સોહમ્'નું સુક્ષ્મ ઉચ્ચારણ પ્રાકૃતિક રીતે જ શ્વાસેશ્વાસે ચાલુ જ હોય છે. આપણે માત્ર તે ઉચ્ચારણ પ્રત્યે જાગ્રત થવાનું છે.

આ રીતે શ્વાસેશ્વાસે 'સોऽહમ્'-મંત્રના જાગૃતિપૂર્વક જપ થાય, તે સુરતશબ્દયોગની ધ્યાનપદ્ધતિ છે. આ જપને જ અજપાજપ પણ કહેવામાં આવે છે.

(૩) દ્વિતીય તબક્કાની સાધના સારી રેતે હસ્તગત કર્યા પછી તૃતીય તબક્કામાં 'સોહમ્' -મંત્રના અર્થનું ચિંતન જોડી દેવામાં આવે છે. 'સોહમ્'-મંત્રમાં બે પદ છેઃ 'સઃ' અને 'અહમ્'. 'સઃ' એટલે 'તે' અર્થાત્ બ્રહ્મ (પરમાત્મા) અને 'અહમ્' એટલે 'હું'. આ રીતે 'સોહમ્' એટલે 'હું બ્રહ્મ છું.' 'સોહમ્' ઉપનિષદ (છાં. ઉ. : ૪-૧૧થી ૧૩)નો મંત્ર છે. ઉપનિષદમાં મૂળ પાઠ 'સોહમસ્મિ' છે. મંત્રજપ માટે 'અસ્મિ' પદ છોડી દેવાયું છે, પરંતુ તે અધ્યાહાર છે તેમ માની લેવાનું છે. આ રીતે 'સોહમ્'/ મંત્રનો અર્થ છે- 'હું તે (બ્રહ્મ) છું.' આ રીતે આ જ્ઞાનમાર્ગીય

(જુઓ પાનું ૬) ▸▸

feedback@bombaysamachar.com

વિશેષ

અનંત મામતોરા

# અસલામતીની ભાવના જ્યારે ઘર કરી જતી હોય છે ત્યારે...



શું તમારો આત્મવિશ્વાસ છીનવાઈ ગયો છે, શું સેલ્ફ ઈમેજ નબળી થઇ ગઇ છે કે પછી તમારી અંદર અસલામતીની ભાવના ઘર કરી ગઇ છે? જો તેનો જવાબ હામાં હોય તો તમારે સારા નિષ્ણાતની સલાહ લેવી જરૂરી છે.

મયંક પ્રજાપતિ પણ આનો જ શિકાર. આત્મવિશ્વાસનો સોલિડ અભાવ. ૩૦ વર્ષની ઉંમર થઇ ગઇ હતી, પણ છેલ્લાં ૧૦ વર્ષ દરમિયાન તેણે કશું જ કર્યું નહીં. ઘરે બેસી રહેવું. કોઈને પણ મળવું નહીં. એક પણ નજદીકનો મિત્ર નહીં. કંટાળો આવે તો બહાર જઇને ચક્કર મારે અને પાછો ઘરે આવીને બેસી જાય. ક્યારેક ગીતો સાંભળે તો ક્યારેક ફિલ્મો જુએ. મન થાય ત્યારે પલંગ પરથી ઊભો થાય અને મન થાય ત્યારે સૂઈ જાય. બપોરના સમયે પણ ચાર-પાંચ કલાક પડ્યો રહે. જે સામે મળે એ ખાઈ લેતો. અમુક જ કપડાં પહેરતો. આવાં જ કારણોને લઇને મયંકનું શિક્ષણ પણ અધૂરું રહી ગયું હતું.

મયંકના પરિવારજનોએ તેને નોકરી કરવાની સલાહ આપી, અમુકતમુક કોર્સ કરવાનું જણાવ્યું, પણ એ કોઇ પણ બાબતમાં રસ લેતો જ નહીં. મને કંઇ પણ ફાવતું નથી, એ એક જ એનો જવાબ. ઘરના તમામ સભ્યોએ તેને સમજાવ્યો, પણ પરિણામ, શૂન્ય. પોતાની હકની વાત હોય ત્યારે એ સાવધ થઇ જતો અને તેને કારણે જ પરિવારજનો જો એને ક્યારેક પોકળ ધમકીઓ આપે તો એ ગભરાતો નહીં. મયંકને કોઇ પણ વ્યસન નહોતું. તેણે ક્યારે પણ કોઇ પાર્ટી કે પછી લગ્નસમારંભમાં હાજરી આપી નહોતી કે પછી તેને કોઇને મળવું પણ ગમતું નહીં. મયંકના કેસમાં નિષ્ણાતોનું કહેવું છે કે તેનામાં આત્મવિશ્વાસ જ નથી. સેલ્ફ ઈમેજ તેની નબળી છે. અસુરક્ષિતતાની ભાવના તેનામાં પ્રવેશી ગઇ છે.

આવી જ હાલત વિપુલની હતી. નાનપણથી જ સ્વભાવે શાંત, ઓછાબોલો અને એકદમ સરળ હતો. ભણવામાં હોશિયાર નહીં એટલે માર્ક જેવાતેવા આવી જતા. જોકે તેનું વર્તન કોઇ રીતે જુદું તરી નહોતું આવતું, પણ તે ૧૩-૧૪ વર્ષનો થયો ત્યાર પછી એ હંમેશાં અલિપ્ત રહેવા જ માગતો હતો. સોસાયટીમાં, દોસ્તોને ક્યારે પણ વધુ મળતો નહીં. આટલું જ નહીં કોઇ પણ ગ્રુપમાં જલદીથી જોડાય જ નહીં. ઘરના પ્રસંગમાં પણ જવાનું ટાળતો. શાંત સ્વભાવનો હોવાને કારણે અને કોઈમાં ભળતો ન હોવાને કારણે માતા-પિતાએ પણ તેને અળગો જ કરી દીધો. તેમ છતાં વિપુલે જેમતેમ કરીને ડિગ્રી પ્રાપ્ત કરી લીધી, પણ પછી તેને ભણવું ગમ્યું નહીં.

પદવીધારક થઇ ગયો હોવાથી વિપુલને નોકરી કરવા માટે પરિવારજનોએ ઘણું દબાણ કર્યું, પણ વિપુલે એમાં રસ દાખવ્યો નહીં. જો કોઇ કંપનીમાં નોકરીમાં જોડાય પણ ગયો હોય તો એક-બે દિવસ કામ કર્યા બાદ જવાની આળસ કરતો. વિપુલને કોઇ વ્યસન પણ નહોતું. ઉંમર અને આજની પેઢી પ્રમાણે તેને કપડાંનું આકર્ષણ નહોતું. વિપુલની કોઇ બહેનપણીની વાત તો દૂરની રહી, તેનો કોઇ મિત્ર પણ નહોતો. મિત્રો સાથે હળવુંમળવું તેને ગમતું જ નહીં. પરિવારજનો અને સંબંધીઓએ એને ઘણું સમજાવ્યું, પણ તે આ બાબતે ક્યારે પણ ક્રિયાશીલ નહોતો થતો. પરિવારજનોએ તેને આળસી અને પુરુષાર્થહીન વગેરે વિશેષણ સાથે સંબોધવાનું શરૂ કરી દીધું, પણ કોઇએ પણ તેને શી તકલીફ હશે એ જાણ્યું નહીં.

આવી બીમારીઓમાં સંકોચ, અસુરક્ષિતતાની ભાવના અને પોતાને કોઇ જગ્યાએ નકારી દેવામાં આવશે, એવો ભય સતાવતો હોય છે. આ વ્યક્તિ પોતાને બીજા કરતાં નીચી ગણતી હોય છે અને તેઓ સતત ભયમાં જ રહેતા હોય છે. મયંક અને વિપુલના કેસમાં પણ આવું જ બની રહ્યું છે. પોતાનો આત્મવિશ્વાસ ડગમગી ગયો છે અને એટલે જ તેઓ અસુરક્ષિતતાના ઓઠા તળે જીવી રહ્યા છે. જોકે હવે આવી બીમારીઓનાં સોલ્યુશન્સ ઘણાં છે અને તેના માટે અનેક નિષ્ણાતો અને અનુભવી ડોક્ટરો પણ છે, જે તમારામાં આત્મવિશ્વાસ ઠાંસી ઠાંસીને ભરી શકે એમ છે. ■

## તંદુરસ્તી-મનદુરસ્તી (પાચમા પાનાનું ચાલુ)

અર્થાત્ અદ્વૈતપરક મંત્ર છે. મંત્રજપ સાથે જીવ-બ્રહ્મની એકતાનું ચિંતન પણ ચાલવું જોઇએ. આમ બને ત્યારે સુરતશબ્દયોગ ધ્યાનપદ્ધતિ સિદ્ધ થઇ ગણાય.

આ સાધનામાં શ્વાસ, મંત્રજપ, અવધાન અને અદ્વૈતચિંતનનો સમન્વય થયો છે તેથી આ ઘણી સમર્થ સાધનાપદ્ધતિ છે. પ્રથમ દૃષ્ટિએ નાની અને સીધીસાદી લાગતી આ સાધનાનું તેજ થયું છે.

એક નાના અંગારામાંથી પ્રચંડ અગ્નિ ઉત્પન્ન થાય છે. 'સોઽહમ્'- સાધના એક નાનો અંગારો છે, પરંતુ જીવનમાં આમૂલાગ્ર ક્રાંતિ પ્રગટાવે તેવી તેનામાં ક્ષમતા છે.

(૩) કુંડલિની-ધ્યાન (ક્રિયાયોગ):

સુષુપ્ત અવસ્થાનાં કુંડલિનીશક્તિ મૂલાધારચક્રમાં અવસ્થિત હોય છે. તે શક્તિ જાગ્રત થઇને સહસ્ત્રારચક્રમાં પહોંચે છે. કુંડલિની જાગ્રત થઇને સહસ્ત્રારમાં પહોંચે તો સાધકના જીવનમાં પરમ આધ્યાત્મિક ક્રાંતિ ઘટે છે. તેથી કુંડલિનીનું જાગરણ, ઉત્થાન અને તેનું અહઅસ્ત્રાર સુધી પહોંચવું તે સાધક માટે અભીષ્ટ ગણાય છે. કુંડલિનીના જાગરણ માટે અનેકવિધ પદ્ધતિઓ શોધાઇ છે. કુંડલિની-ધ્યાન એવી જ એક પદ્ધતિ છે. કુંડલિની-ધ્યાનની પદ્ધતિ નીચે પ્રમાણે છે:

(૧) સાધક કોઇ એક ધ્યાનોપયોગી આસનમાં બેસે છે. યોગ્ય વિધિથી ધીમેધીમે પૂરક કરે છે. પૂરક દરમિયાન એવું ચિંતન કરે છે કે પૂરક ક્રિયાની સાથેસાથે કુંડલિનીશક્તિ મૂલાધારમાંથી જાગ્રત થઇને સહસ્ત્રામાં પહોંચે છે.

(૨) પૂરકાન્તે સાધક યથાશક્તિ, યથાવિધિ કુંભક કરે છે. કુંભક દરમિયાન સાધક એવું ચિંતન કરે છે કે કુંડલિની સહસ્ત્રારમાં જ રહે છે. એટલે કે કુંભક દરમિયાન જેટલો સમય વાયુનો નિરોધ થાય તેટલો સમય કુંડલિનીશક્તિ સહસ્ત્રારમાં જ અવસ્થિત રહે છે.

(૩) કુંભકાનો સાધક રેચક કરે છે. સાધક રેચક દરમિયાન એવું ચિંતન કરે છે કે સહસ્ત્રારમાં પહોંચીને કુંભક દરમિયાન ત્યાં અવસ્થિત રહેલી કુંડલિની રેચક-ક્રિયા સાથે, રેચકની ગતિથી ધીમેધીમે નીચે ઊતરી રહી છે અને રેચક પૂરો થાય ત્યાં સુધીમાં તે શક્તિ મૂલાધારમાં પહોંચી જાય છે.

આ રીતે પ્રાણાયામના પ્રત્યેક આવર્તન દરમિયાન કુંડલિનીશક્તિ મૂલાધારમાંથી ઉત્થિત થઇને સહસ્ત્રાર સુધી પહોંચે છે અને ત્યાં થોડો વધત અવસ્થિત રહીને પુનઃ મૂલાધારમાં નીચે ઊતરે છે.

આ જ પદ્ધતિથી પ્રાણાયામના અનેક આવર્તનો કરવામાં આવે છે અને પ્રત્યેક આવર્તન દરમિયાન કુંડલિનીનાં આરોહ, અવસ્થાન અને અવરોહનું ચિંતન કરવામાં આવે છે.

નોંધઃ જેઓ પ્રાણાયામ યથાવિધિ શીખ્યા છે અને જેમણે પ્રાણાયામનો પર્યાપ્ત અભ્યાસ કર્યો છે, તેઓ જ આ કુંડલિની-ધ્યાનનું અનુષ્ઠાન કરી શકે છે.

(૪) આત્મસ્મતિ (જ્યહર-ચિળયળબયશિક્ષલ):

જીવનની પ્રત્યેક ક્રિયા દરમિયાન-પ્રત્યેક અવસ્થા દરમિયાન પોતાની જાતને યાદ રાખવી, પોતાની જાતને વિસ્મૃત ન થવા દેવી તે આત્મસ્મૃતિ ધ્યાનપદ્ધતિનો આ પ્રધાન સિદ્ધાંત છે.

સામાન્ય રીતે આપણે બેભાન-અવસ્થામાં જીવતા હોઇએ છીએ. આપણે આપણા જીવનની અનેકવિધ ક્રિયાઓ અને અવસ્થાઓ દરમિયાન આત્મવિસ્મૃત હોઇએ છીએ, અર્થાત્ આપણે જાત વિશે જાગ્રત હોતા નથી.

પોતાની જાતનું વિસ્મરણ તે જ આપણી સમસ્યાઓનું મૂળ છે. આ આત્મવિસ્મૃતિને કારણે જ આપણે યંત્રવત્ એ બેભાનાવસ્થામાં જીવીએ છીએ.

આ પદ્ધતિના સિદ્ધાંત પ્રમાણે તાદાત્મ્ય તે જ આપણી સર્વ ભૂલો, અપરાધો અને પાપોનું મૂળ છે. આપણે જેના-જેના સંપર્કમાં આવીએ તે વ્યક્તિ, પરિસ્થિતિ, સમૂહ, ક્રિયા કે વસ્તુ સાથે આપણે તલ્લીનતા અનુભવીએ છીએ.

આ તલ્લીનતા તે જ તાદાત્મ્ય છે. આપણી સમસ્યાઓનું મૂળ આ તાદાત્મ્ય છે. આપણા આ અંધ તાદાત્મ્યના પાયામાં આપણી આત્મવિસ્મૃતિ છે.

પોતાની જાતનું સ્મરણ રાખવાથી સાધકની ચેતના એક નવા પરિમાણમાં પ્રવેશે છે. તેનાં કર્મો અને તેના સંબંધો તથા વ્યવહારનું સ્વરૂપ પણ બદલવા માંડે છે. સતત બહારની દિશામાં વહેતી આપણી ચેતના આત્મસ્મૃતિના કીમિયા દ્વારા અંદરની દિશામાં વહેવા માંડે છે.

આ પદ્ધતિમાં આત્મસસ્મૃતિ જ પ્રારંભ છે. આત્મસ્મૃતિ જ સાધના છે અને આત્મસ્મૃતિ જ ફલશ્રુતિ છે. આત્મસ્મૃતિની અનવરતતા અને ગહનતા વધતી જાય છે તે જ વિકાસ છે. ■

## આહારથી આરોગ્ય સુધી (આઠમા પાનાનું ચાલુ)

સંતરા કરતાં ચાર ગણું મોટું ફળ છે. અંદરથી ગુલાબી કે સફેદ હોય છે. વિદેશોમાં પણ આની એક જાત થાય છે. બહારથી સંતરા જેવું પણ અંદરથી ડાર્ક મરૂન રંગનું હોય છે. આનો સ્વાદ ખૂબ જ મજેદાર છે. આનો ઉપયોગ ઘરના દરેક સભ્યોએ કરવો જોઇએ. એસીડીટીને જડથી નાબૂદ કરે છે. ગર્ભાશયનું શુદ્ધિકરણ કરવામાં આનો નંબર પહેલો છે. આંખને સ્વચ્છ રાખે છે. આંતરડાની સફાઇ કરે છે. આ મોસમમાં આનો ઉપયોગ જરૂરથી કરજો.

ગર્ભાશય માટે સ્ટ્રીરોઇડ્સની જરૂર છે પણ તે કુદરતી રીતે મળતાં હોય તે દૂધી, કોળુ, પડવલ વગેરે. ઔષધિઓની આપણી પાસે ભરમાર છે. તે ચિકિત્સકની સલાહથી લેવી. જેવી કે સિંહપણી રેવાચીની, સમુદ્રફળ, રુદ્રવંતી, લક્ષ્મણી જેવી આપણી પાસે ઉપલબ્ધ છે.

અન્ય ખાદ્ય વસ્તુઓ નાગરવેલના પાન, ગુલાબના ફૂલ, મકાઇ, અંજીર, જરદાળ, શેતૂર, કમલના ફૂલ, દાંડા, લાલમૂળા, નારિયેળના ફૂલ વગેરે ગર્ભાશયને મજબૂત બનાવે છે. ■

## આરોગ્ય +પ્લસ (આઠમા પાનાનું ચાલુ)

વધી જાય છે. તેથી 'વા'ના દર્દીઓને રાત્રે વહેલા સૂવાની અને સવારે વહેલા જાગવાની ટેવ ખૂબ જ ફાયદાકારક અને જરૂરી છે.

- ઠંડા પાણીએ સ્નાન ન કરતાં ગરમ પાણીએ સ્નાન કરવું.

**સાવધાની**

- ઘૂંટણના ઘસારાની તકલીફ થતી જણાય તો પલાંઠીવાળી તેમજ ઊભા પગે બેસવું નહીં. જેથી વધારે ઘસારો થાય નહીં.
- ચાલતી વખતે ઘૂંટણના સાંધા ઉપર શરીરના વજનથી ચાર ગણો લોડ આવતો હોવાથી યોગ્ય સંતુલિત આહારથી શરીરનું વજન સપ્રમાણ રાખવું.
- સાંધાઓને તકલીફ ન પડે તેવી રીતે ચાલવું, તરવું વગેરે કસરતો અને તેવાં યોગાસનો નિયમિત કરવાં.
- 'વા'ના દર્દીઓએ કબજિયાત ન રહે તેની તથા શરીરના કોઈ પણ વેગો રોકાય નહીં તેની ખાસ સાવધાની રાખવી.

### વા માટેના ઉપચારોઃ

૧. સવારે નાસ્તા પહેલાં ૨ ચમચી મધમાં ૧ ચમચી તજનો પાવડર ભેગો કરીને લેવો. આ ઉપચારથી ૭ દિવસમાં ૭૦ થી ૮૦% દુઃખાવામાં રાહત થાય છે.
૨. ૧-૧ ચમચી દળેલું જીરું અને ગોળ ભેગું કરીને થોડા પાણી સાથે સવાર-સાંજ લેવું. વધારે તકલીફમાં દિવસમાં ત્રણવાર પણ લઈ શકાય.
૩. ૧ થી ૨ ચમચી મેથીનો પાવડર પાણી કે ગોળ સાથે સવાર-સાંજ લેવો.
૪. ૧-૧ ચમચી મેથી, સૂંઠ અને અજમાનું ચૂર્ણ ગરમ પાણી સાથે સવાર-સાંજ લેવું.
૫. ૬-૬ ચમચી સૂંઠ, જીરું અને ૩ ચમચી કાળા કરીનું ચૂર્ણ મેળવીને ૧૦ દિવસ સુધી રોજ ત્રણવાર અડધી-અડધી ચમચી પાણી અથવા ગોળ સાથે લેવું.
૬. આદુંના રસમાં સહેજ મીઠું નાખી તેનું દુઃખાવા પર માલિશ કરવું.
૭. સરસિયાના તેલમાં જાયફળને ઉકાળી તેનું માલિશ કરવું. ■

# સુપરફૂડ્સનું પ્રમાણ

આપણા આહારમાં સુપરફૂડ્સનું યોગ્ય પ્રમાણમાં સામેલ કરવું એ મોટી ચાવી છે. દરેકે કેટલું સુપરફૂડ્સ ખાવવું એનું પ્રમાણ નક્કી નથી. આપણે સર્વસાધારણ નિયમનું પાલન કરીને વિવિધ પ્રકારના પોષક તત્ત્વો ધરાવતો સમતોલ આહાર ખાવો જોઈએ.

સુપરફૂડ્સના સમાવેશ બાબતે માર્ગદર્શક તત્વો

હળદર : દરરોજ એક-બે ચમચા હળદર પાઉડર ખાદ્યપદાર્શોમાં વાપરવો અથવા તો હળદરવાળું દૂધ પીવું. આનાથી સોજા ઘટવામાં મદદ મળે છે.

આમળા : દરરોજ એક-બે તાજા આમળા અથવા તો આમળા પાવડર પાણી અથવા શરબતમાં નાખીને પીવાથી પ્રતિકારશક્તિ વધે છે.

શિંગ : દરરોજ એક-બે ચમચી સરગવાની શિંગનો પાવડર અથવા તો ખોબો ભરીને શિંગના પાનનું પાણી પીવાથી પોષણ મળે છે.

નાચણી : એક કે બે ભાગ નાચણીની લાપસી અથવા તો રોટલીનો દરરોજના આહારમાં સમાવેશ કરવાથી હાડકાંને જાળવવામાં મદદ મળે છે અને દીર્ઘકાળ ઊર્જા ટકી રહે છે.

ઘી : દરરોજ એક-બે ચમચા ઘી ખાવાથી હેલ્ધીચરબી અને ચરબીમાં રહેલા જીવનસત્વ મળે છે.

બેરીઝ : અડધો કે એક કપ દરરોજ બેરીઝ (સ્ટ્રોબેરી, બ્લુબેરી, મલબેરી વગેરે) દરરોજ ખાવી.

પાલક ભાજી : અઠવાડિયામાં બે-ત્રણ કપ ભાજીપાલો (મેથી, શેપુ, કુસમ, પાલક, અળુ વગેરે) ખાવાનો પ્રયત્ન કરો.

સુકોમેવો અને બી : મુઠીભર સુકોમેવો (બદામ, કાજુ, અખરોટ) અથવા બી (જવ, તલ, સૂર્યફૂલ વગેરે) દરરોજ ખાવાથી હેલ્ધીચરબી અને પોષકતત્ત્વો મળે છે.

ચરબીયુક્ત માછલી : બાંગડા કે સાલ્મન જેવી માછલી અઠવાડિયામાં બે-ત્રણ વાર ખાવાથી આવશ્યક ઓમેગા ત્રણ ફેટી એસિડ મળે છે.

સુપરફૂડ્સના અતિરેકથી શું થાય?

અસમતોલ પોષણઃ એક જ પ્રકારના સુપરફૂડ્સ ખાવાથી અસમતુલા નિર્માણ થાય છે અને બીજા પોષકતત્વોની ઊણપ આવી શકે.

પાચન સમસ્યા : ફાઈબર વધારે ખાવાથી ફાંદ વધવી, ગૅસ અને બંધકોષ જેવી બીમારી થઈ શકે.

ખોરાકી ઝેરનો ધોકો : અમુક સુપરફૂડ્સ વધારે પ્રમાણમાં લેવું જોખમી હોય છે. દાખલા તરીકે હળદર વધારે પ્રમાણમાં લેવાથી અતિસાર જેવી પાચનની બીમારી અને ક્રોનિક કેસમાં પેટનું અલસર થઈ શકે. લોહી ગંઠાવાની પ્રક્રિયામાં પણ અડચણ લાવી શકે.

કેલેરીમાં વધારો : ઘી, સુકો મેવો કે બી વગેરેમાં કેલેરી વધારે હોવાથી વજન વધી શકે.

સુપરફૂડ્સ પૌષ્ટીક આહારના મુખ્ય ઘટક છે. જોકે એ જાદુઈ ખોરાક નથી. એને સમતોલ આહારના ભાગ તરીકે ખાવો જોઈએ. એક જ પ્રકારના ખોરાક પર આધાર રાખવાને બદલે આપણે આહારમાં વિવિધ પૌષ્ટિક ખોરાકને સામેલ કરવા જોઈએ. સુપરફૂડ્સનું પ્રમાણ, વિવિધતા અને સમતોલપણું એમાં જ પોષ્ટિક આહારની ચાવી છુપાયેલી છે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ
**funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તુવેર | GREEN GRAM |
| આખા મગ | BENGAL GRAM |
| મસૂરની દાળ | BLACK GRAM |
| આખા અડદ | PIGEON PEAS |
| ચણાની દાળ | RED LENTILS |

### ઓળખાણ પડી?



પાણીના સ્થાને પાયાના બાંધકામમાં શુદ્ધ દેશી ઘીનો ઉપયોગ થયો હતો એવી માન્યતા ધરાવતું ભાંડાશાહ દેરાસર ક્યાં આવેલું છે એની ઓળખાણ પડી?

અ) ધોળકા  બ) જયપુર  ક) ભોપાલ  ડ) બિકાનેર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ચ | ૨ ક્ર | વ્યૂ | હ | | ૩ ચી | ૪ લા | ૫ ચા | લુ | |
| ૬ સો | મ | | | ૭ પ | | ૮ ભ | લા | | ૯ પ્ર |
| ચ | | ૧૦ સ | મા | રં | ૧૧ ભ | | ૧૨ ક | જી | યો |
| ૧૩ સ | ૧૩અ વા | ર | | ૧૪ પ | ણ | જી | | | ગ |
| | ૧૪અ સ | ત | | ૧૫ રા | ત | | ૧૬ સા | ણ | શી |
| ૧૭ ના | ના | | ૧૮ જિ | ગ | ર | | ર | | લ |
| ની | | ૧૯ અ | જી | ત | | ૨૦ હ | સી | ૨૧ ન | |
| ૨૨ સૂ | ત | ર | | | ૨૩ વ્હા | લ | | ૨૪ દા | ૨૫ મ |
| ની | | ૨૬ મા | ૨૭ ન | | ણ | | ૨૮ ખ | ર | લ |
| | ૨૯ મ | ન | મે | ળ | | ૩૦ હ | મ | દ | મ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | | ૫ | |
| ૬ | | | | ૭ | | | | ૮ | ૯ |
| ૧૦ | | | ૧૧ | | | ૧૨ | | | |
| ૧૩ | | | | | | | | ૧૪ | |
| | | ૧૫ | ૧૬ | | | ૧૭ | ૧૮ | | |
| | ૧૯ | | | | | | ૨૦ | | |
| ૨૧ | | | | | | ૨૨ | | | ૨૩ |
| ૨૪ | | | ૨૫ | | ૨૬ | | | ૨૭ | |
| | | ૨૮ | | | | | | | |
| ૨૯ | | | | | ૩૦ | | | | |

**આડી ચાવી**

૧. અઢળક, ઘણું (૪)
૪. અલગપણું જુદાઇ, અંતર (૪)
૬. કથા-વાર્તા કહેતા ગરબા (૩)
૭. સામાન્ય (૨)
૮. 'બેસવું'નું આજ્ઞાર્થ (૨)
૧૦. મારી નાખવું તે (૨)
૧૧. શિયાળામાં ખાવ (૫)
૧૩. પત્ની (૨)
૧૪. અત્યાર લગી (જો. છૂ.) (૨)
૧૫. ઉપકાર, પાડ, મહેરબાની (૩)
૧૭. એક નાનકડું માપ (૨)
૧૯. સન્માનનીય (૫)
૨૦. રહસ્ય (૨)
૨૧. આવકાર (૩)
૨૨. બકરો (૨)
૨૪. પીળું-અંગ્રેજી (૨)
૨૬. 'જવું'નું આજ્ઞાર્થ (૨)
૨૭. શરીર, તન (૨)
૨૮. હરકિસન મહેતાની જાણીતી નવલકથા (૫)
૨૯. રાજ્યાભિષેક (૪)
૩૦. રાતે ગમે તે વખતે (૫)

**ઊભી ચાવી**

૧. ઋષ્ટપુષ્ટ, મેદસ્વી (૫)
૨. મેઘ (૪)
૩. જયાફતમાં માલ ---ને દૂધપાક હોય (૨)
૪. મન વગરનું, ગાફેલ (૩)
૫. શરણે, કાબૂમાં (૨)
૭. સ્વાગતને લાયક (૬)
૯. સમાધાન, શીખામણ (૪)
૧૨. લૌકિક, મામૂલી, અશિષ્ટ (૩)
૧૫. ટેવ (૩)
૧૬. વજન, બોજ (૨)
૧૮. સારું રાજય (૩)
૧૯. પહેલાંનો (૩)
૨૧. સ્વતંત્રતા, આઝાદી (૪)
૨૨. અસ્ત પામેલું, નમેલું (૪)
૨૩. રાજ્ય (૪)
૨૫. સોળ વર્ષની તરુણી (૩)
૨૬. યાત્રા (૩)
૨૮. 'જપવું'નું આજ્ઞાર્થ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'પાંચ આગમમાં કર્મનો સિદ્ધાંત સમજાવ્યો છે,' પંક્તિમાં આગમ શબ્દનો અર્થ જણાવો.

અ) પ્રવેશ  બ) અંગસૂત્ર  ક) ઉપવાસ  ડ) આહાર

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ GRAPHOLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ગામડાં  બ) ભૂમિતિ  ક) હાથ લખાણ  ડ) દ્રાક્ષ

### માતૃભાષાની મહેક

'મુંબઈ સમાચાર'ના નિષ્ઠાવાન વાચક મિનેષ એન. મહેતાએ ૯ જુલાઈના ફનવર્લ્ડમાં MANGOSTEEN ફ્રૂટના ઉલ્લેખ સંદર્ભે વિશેષ જાણકારી આપતા જણાવ્યું છે કે આ ફળ ભારતમાં તામિલનાડુના તેન્કાસી જિલ્લામાં સહેલાઈથી મળે છે અને અહીં આ ફળ COURTALLAM નામથી પ્રચલિત છે. તેન્કાસી જિલ્લો ધોધ અને પ્રાચીન મંદિરો માટે પ્રખ્યાત છે.

### ઈર્શાદ

મેવા મળે કે ના મળે મારે સેવા તમારી કરવી છે,
મુક્તિ મળે કે ના મળે મારે ભક્તિ તમારી કરવી છે.
– જૈન સ્તવન

### માઈન્ડ ગેમ

'ણમો અરિહંતાણં'ના ઉચ્ચારણથી શરૂઆત થાય છે એ જૈન ધર્મના પવિત્ર શ્રી નવકાર મંત્રમાં કુલ કેટલા અક્ષરનો સમાવેશ છે એ જણાવો.

અ) ૨૧  બ) ૪૪  ક) ૬૮  ડ) ૫૬

### સુડોકુ-૬૦૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૯ | ૩ | | | ૨ | | |
| | ૮ | | ૭ | | | | | |
| ૩ | | | ૧ | | | | ૭ | |
| ૮ | | ૨ | | | | | | |
| ૯ | ૧ | | | | | | ૮ | ૬ |
| | | | | | | ૭ | | ૪ |
| | ૯ | | | | ૭ | | | ૮ |
| | | | | | ૨ | | ૫ | |
| | | ૪ | | | ૮ | ૯ | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૪ | ૯ | ૨ | ૮ | ૭ | ૩ | ૧ |
| ૧ | ૮ | ૭ | ૩ | ૪ | ૬ | ૫ | ૨ | ૯ |
| ૨ | ૩ | ૯ | ૫ | ૧ | ૭ | ૮ | ૪ | ૬ |
| ૫ | ૪ | ૩ | ૬ | ૮ | ૯ | ૧ | ૭ | ૨ |
| ૭ | ૧ | ૮ | ૪ | ૩ | ૨ | ૬ | ૯ | ૫ |
| ૯ | ૬ | ૨ | ૭ | ૫ | ૧ | ૩ | ૮ | ૪ |
| ૩ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ | ૪ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૬ | ૧ | ૯ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૮ | ૬ | ૩ | ૯ | ૧ | ૭ |

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| જાવંત્રી | MACE |
| જાયફળ | NUTMEG |
| શાહજીરું | CARAWAY |
| હિંગ | ASAFOETIDA |
| ફુદીનો | MINT |

માઈન્ડ ગેમ
91

ઓળખાણ પડી?
Khow Suey

ગુજરાત મોરી મોરી રે
પર્યાવરણ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ક્રોધ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) નીતા દેસાઈ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) સુરેખા દેસાઈ (૬) ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર ઉદેશી (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) પુષ્પા પટેલ (૧૫) શ્રદ્ધા આશર (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) શિલ્પા શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) અશોક સંઘવી (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેશ દોશી (૨૬) રજનીકાંત પટવા (૨૭) અંજુ ટોલિયા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) હર્ષા મહેતા (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) અરવિંદ કામદાર (૩૮) પુષ્પા ખોના (૩૯) કલ્પના આશર (૪૦) નિતિન બજરિયા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૫) તાહેર ઔરંગાબાદવાલા (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ગીતા ઉદેશી (૪૮) કિશોર બી. સંઘરાજકા

પ્રકરણ ૫૩



# વેર-વિખેર

■ કિરણ રાયવડેરા

‘અબ આયેગા મઝા...’ બોલતાં જતીનકુમાર કમરામાં દાખલ થયા ત્યારે રેવતી ચમકી ઊઠી.

‘કઈ મઝાની વાત કરો છો તમે?’ રેવતી શંકાશીલ થઈ ઊઠી. પતિદેવ કોઈ નવું ગતકડું નથી કર્યું ને?

‘હવે કઈ મઝા... મારી જિંદગી ઝેર જેવી થઈ ગઈ છે, નથી જિવાતી કે નથી ફેંકાતી.’ જતીનકુમારે ઝડપભેર સ્પષ્ટતા કરી દીધી.

કરણ સાથેની વાતચીત બાદ એ થોડા વધુ ઉત્સાહમાં આવી ગયા હતા અને એમનાથી બોલાઈ ગયું હતું – ‘અબ આયેગા.’

‘ડો. પટેલની ક્લિનિકમાંથી મળેલી ઇન્ફોર્મેશનના આધારે એણે કરણને કહ્યું હતું કે તારો બાપ કોલકાતાની લેનિન સરણીના એક મકાનમાં કોઈ સ્ત્રી સાથે રહે છે’ એ સાંભળીને કરણ ધૂંઆપૂંઆ થઈ ગયો હતો. એને ડર હતો કે કરણ એકાદ અડબોથ લગાવી દેશે અને એટલે એ થોડા પાછળ પણ ખસી ગયા હતા. જોકે, ડોક્ટર પટેલ પાસેથી આ ખબર મળી છે એ જાણ્યા બાદ કરણ ઢીલોઢફ થઈ ગયો હતો.

પહેલાં તો કરણ પોતાના કમરામાં ચાલ્યો ગયો હતો. થોડી વાર બાદ એ કમરાથી નીકળીને ઝડપભેર બહાર નીકળી ગયો હતો.

જતીનકુમારને ખબર હતી કરણ ક્યાં જઈ રહ્યો હતો. કરણ લેનિન સરણીમાં આવેલા ‘મેગ્નમ’ નામના મકાનમાં બે દિવસથી રહેલા જગમોહન દીવાનને મળવા જઈ રહ્યો હતો. એટલે જ એ ઉત્સાહમાં આવીને બોલી ઊઠ્યા હતા :

‘અબ આયેગા મઝા’, પણ બાપ-દીકરા વચ્ચેની મુલાકાત પ્રત્યક્ષ જોવા મળે તો ખરેખર મઝા પડી જાય.

કરણને બાપ પર પ્રેમ ખરો પણ સહનશક્તિ ઓછી હોવાને કારણે તોછડાઈભર્યું વર્તન કરી બેસે. જગમોહન દીવાનની તો ‘કાપો તો લોહી ન નીકળે’ એવી સ્થિતિ થશે. આવો તમાશો બીજે ક્યાં જોવા મળે?!

‘હવે તમે શું વિચારે ચડી ગયા? બહુ ફિકર કરો મા. ઉપરવાળો સહુ સારાં વાનાં કરશે.’ રેવતી બોલી ઊઠી.

‘હવે તારો ઉપરવાળો બહુ જ બિઝી છે. તારા બાપ પાસે આપણા માટે ટાઇમ ન હોય તો ઉપરવાળો ક્યાં સમય કાઢવા નવરો છે’ જતીનકુમાર ઉદાસ સ્વરે બોલ્યા.

‘એમ તને જીવ કોચવો મા. મેં મમ્મીને વાત કરી છે. એમણે મને પ્રોમિસ આપ્યું છે કે આ વખતે એ પપ્પા સાથે વાત કરશે.’

પતિને હૈયાધારણ આપતી રેવતી બોલી હતી.

‘તો તો સારું. બાકી આ લોકોનાં કઠોર હૃદય પીગળે એવું હું નથી માનતો. તને ભરોસો હોય તો તું ટ્રાય કરી શકે છે. બાકી તારી મમ્મીનું ક્યાં કંઈ ઊપજે છે! તારો બાપ એની એકે વાત માનતો નથી.’ જતીનકુમારે પત્નીને ઉશ્કેરી.

‘તો તમે ભૂલ કરો છો. જ્યારે મમ્મી નક્કી કરે ત્યારે પોતાનું ધાર્યું કામ કરાવી શકે. હવે તમે બસ, જોતા જાવ.’

‘તો તો સારું... છેલ્લે છેલ્લે સારા દિવસો તો જોવા મળશે.’ જતીનકુમાર બોલ્યા. રેવતીનું હૃદય દ્રવી ઊઠ્યું.

‘એવું શું બોલતા હશો! હું ફરી મમ્મીને વાત કરીશ, તમે ફિકર કરો મા. મારા પર બધું મૂકી દો.’

‘હા, હવે બધું તારા પર જ મૂક્યું છે.’ જતીનકુમાર બોલીને બહાર નીકળી ગયા. મકાનની બહાર નીકળતાં એ ગણગણતા હતા:

‘અબ આયેગા મઝા!’

****************

શ્યામલીના ફોન આવ્યા બાદ વિક્રમ એના મકાન તરફ તાકતો રહ્યો. આટલી વારમાં એવું શું બની ગયું કે શ્યામલી પર જોખમ આવી શકે!

શ્યામલીએ હમણાં જ ફોન કરીને તાકીદ કરી હતી.

‘વિક્રમ, તાબડતોબ મારા ઘરે આવી જાઓ. મારી જિંદગી જોખમમાં છે.’

શ્યામલી કદાચ એમ સમજે છે કે એ પોતાની ઑફિસે પહોંચી ગયો હશે. એને ખબર નથી કે એ ક્યારનો એના ફ્લેટની નીચે જ ઊભો છે.

રિંગટોનનો અવાજ સાંભળતાં વિક્રમે ફોન કાને ધર્યો:

‘સર, કામથ હિયર. સર, તમારો શક સાચો છે. શ્યામલી અને કુમાર ચક્રવર્તીનું સરનામું એક જ છે. આપણી ઑફિસે આવ્યો એ માણસ શ્યામલી ચક્રવર્તીનો વર જ હતો. અનું મૃત્યું થઈ ગયું છે એ વાત પણ સાચી. ઘણા એમ પણ કહે છે કે દેણું બહુ વધી જતાં એણે આપઘાત કર્યો હતો. હવે એની પત્ની બિચારી એકલી ફ્લેટમાં રહે છે.’

વિક્રમ હસ્યો. એકલી સ્ત્રીની વાત આવે કે દરેક પુરુષના મનમાં સહાનુભૂતિની સરવાણી ફૂટી નીકળે. એ પણ તો ધોધમાર વરસાદમાં શ્યામલીને ભીંજાતાં જોઈને પીગળી ગયો હતો ને!

વિજય કામથ વિચારતો હતો કે બિચારી શ્યામલી એકલી ફ્લેટમાં રહે છે, એને ક્યાંથી ખબર હોય કે એનો બોસ વિક્રમ દીવાન શ્યામલીની એકલતા દૂર કરવા વારંવાર એ ફ્લેટની મુલાકાત લે છે.

વિક્રમ ધીમા પગલે શ્યામલીના મકાન તરફ આગળ વધ્યો.

ઉપર તો જવું પડશે. શ્યામલીએ બોલાવ્યો છે અને એ નહીં જાય તો સારું નહીં લાગે.

કોણ જાણે કેમ પણ શ્યામલીના પતિના હમશકલ માણસ સાથે અથડાયા બાદ વિક્રમને શ્યામલીના ઘરે જવાની ઇચ્છા નહોતી થતી. એના મને જાણે શ્યામલી વિરુદ્ધ ફેંસલો સુણાવી દીધો હતો. શ્યામલીને બચવાની એક પણ તક આપ્યા વિના એણે જાણે મનોમન ચુકાદો આપી દીધો હતો. શ્યામલી ઈઝ ગિલ્ટી, શ્યામલી ગુનેગાર છે.

બીજું, કોઈને ત્યાં જઈને બે ઘડી આનંદ માણી આવવો એ એક વાત છે, પણ એ જ વ્યક્તિની કમજોર ક્ષણે કે એના જીવનની કટોકટી વેળાએ એની પડખે ઊભા રહેવું તે તદ્દન જુદી વાત છે.

કોઈની સમસ્યામાં ગુંચવાઈ જવામાં વિક્રમને બિલકુલ રસ નહોતો.

એમાંય હવે શ્યામલી પર શક થવા માંડ્યો છે તો એનાથી દૂર રહેવું જ સલામત છે.

વિક્રમે ઘડિયાળ સામે જોયું. હવે ઉપર જઈ શકાય. એ ઝડપથી મકાન ભણી આગળ વધ્યો અને લિફ્ટના માર્ગે ઉપર ગયો.

શ્યામલીના ફ્લેટની બહાર ઊભા રહીને એણે કોલબેલ દબાવી.

શ્યામલીએ દરવાજો ખોલીને એને ત્વરાથી અંદર ખેંચી લીધો. એનો ચહેરો રડમસ હતો અને વાળ અસ્તવ્યસ્ત.

‘વિક્રમ. વિક્રમ...’ શ્યામલી બોલી જ નહોતી શકતી.

‘હા, હા શ્યામલી બોલ શું થયું? હવે તો હું આવી ગયો છું.’

શ્યામલીને જોઈને વિક્રમનું હૃદય કૂણું પડી ગયું.

‘વિક્રમ, તારા ગયા બાદ એક ફોન આવ્યો હતો.’ શ્યામલી માંડ માંડ બોલી શકી. વિક્રમ શ્વાસ રોકીને શ્યામલીની વાત સાંભળતો હતો.

‘કોઈ અજાણ્યો અવાજ હતો. રાબેતા મુજબ મેં હલ્લો’ ન કર્યું એટલે પેલી વ્યક્તિએ કહ્યું કે શ્યામલી, મને ખબર છે કે તું જ છે... તું નહીં બોલે તો પણ તારા શ્વાસથી હું તને ઓળખી કાઢીશ.’ શ્યામલીની આંખોમાં આંસુ ધસી આવ્યાં.

‘આવી વાતો કરવાવાળું કોણ ફૂટી નીકળ્યું?’ વિક્રમે કુતૂહલવશ પૂછ્યું.

‘મેં એને ધમકી આપતાં પૂછ્યું : તમે કોણ છો? અને મન શા માટે ફોન કર્યો છે? તો એ નફ્ફટાઈથી બોલ્યો, શ્યામલી મને ન ઓળખ્યો? હું તારો પતિ છું. યોર હસબન્ડ! તું મને જોઈશ તો મને તરત જ ઓળખી લઈશ. હવે મેં દાઢી વધારી લીધી છે, પણ તને ઓળખવામાં વાંધો નહીં આવે. શ્યામલી, હવે હું રખડી રખડીને થાકી ગયો છું. હવે મારે ઘરે આરામ કરવો છે...’

આટલું કહેતા શ્યામલી ધ્રૂજી રહી હતી.

‘અરે પણ એ તારો પતિ કેવી રીતે... શ્યામલી, સાચું કહે, એ તારો પતિ જ હતો?’

વિક્રમને રસ્તામાં ભટકાયેલો દાઢીવાળો માણસ યાદ આવી ગયો.

‘ના, વિક્રમ ના, મારો પતિ તો રોડ અકસ્માતમાં ગુજરી ગયો છે. મેં જ એના શબની ઓળખવિધિ કરી હતી. આ કોઈ લેભાગુ ઠગ છે. મેં જ્યારે એને ચેલેન્જ કર્યો તો એ કહે કે હું તારો પતિ છું કે નહીં એની કડાકૂટમાં નહીં પડ. હું એના જેવો દેખાઉં તો છું ને! અને હા, બહુ સ્માર્ટ બનતી નહીં, નહીંતર તારા ઘરે તારો આશિક વિક્રમ દીવાન અવારનવાર આવે છે એ મને ખબર છે. બહુ હોશિયારી કરી છે તો બધાં છાપાંવાળાને વિક્રમ દીવાનની એ ખાનગી મુલાકાત વિશે જાણ કરી દઈશ.!’

વિક્રમના શરીરમાં એક કંપરી છૂટી ગઈ.

આવતીકાલના છાપાનાં મથાળાં એની આંખો સામે તરવરવા લાગ્યાં :

‘ધનાઢ્ય દીવાન પરિવારના જ્યેષ્ઠ પુત્રનું લફરું! ’

પોતે વળી આ કઈ મુસીબતમાં ફસાઈ ગયો?

આ માણસ કોણ છે જે શ્યામલીને પણ જાણે છે અને એને પણ ઓળખે છે?

એ કોઈ પ્રોફેશનલ ઠગ છે એટલે શ્યામલીને એનાથી બચાવવી જોઈએ. પોતે શ્યામલી પર શક કરતો હતો એ વાત યાદ આવતાં વિક્રમ શરમ અનુભવી રહ્યો. આ બાઈ તો પહેલેથી જ દુખિયારી છે એમાંય એને કોઈ લે-ભાગુ ભટકાઈ ગયો.

‘શ્યામલી, તું ફિકર નહીં કર. મને પણ થોડી વાર પહેલાં એક દાઢીવાળો નીચે રસ્તા પર ભટકાઈ ગયો હતો. એના ચહેરો બિલકુલ તારા પતિ જેવો લાગતો હતો. એક વાર જોઈને તો હું પણ ચકરાઈ ગયો. તું એ બધું મારા પર છોડી દે. આવા તો કેટલાયને મેં સીધાદોર કરી નાખ્યા છે. એકલી સ્ત્રીને ભાળીને એ લોકો ધાકધમકી આપવા આવી જાય છે, પણ એ મવાલીને મારી તાકાતની ખબર નથી.’ વિક્રમ જોશમાં આવી ગયો હતો.

શ્યામલી પર ગમે તેવી મુસીબત આવી પડી હોય એક વાત તો સ્પષ્ટ થઈ ગઈ કે આ બિચારી કબૂતર જેવી શ્યામલી પોતે તો વફાદાર અને નિર્દોષ છે.

‘થેન્ક યુ વિક્રમ, તારા સહારે જ હું જીવતી રહી શકી છું’ કહીને એ વિક્રમને વળગી પડી. વિક્રમ ક્યાંય સુધી એની પીઠ પર હાથ પસરાવતો રહ્યો.




શ્યામલીનો ચહેરો વિક્રમને દેખાતો નહોતો.એ વખતે શ્યામલીના ચહેરા પર એક માર્મિક સ્મિત રમતુ હતું.

****************

કરણ અને જગમોહનની વચ્ચે મારુતિવાન આવીને ઊભી રહી જતાં જગમોહન વિહ્વળ થઈને દોડ્યો : ‘અરે, સૂનો.’એ ચિલ્લાતો હતો.

મારુતિ હજી ત્યાં જ ઊભી હતી. કરણ અચાનક દેખાતો બંધ થઈ ગયો હતો. જગમોહન હાંફળોફાંફળો થઈ ગયો. એને ભય લાગ્યો : એ લોકો કરણનું કિડનેપીંગ કરતા હશે!

એ સામે પાર પહોંચ્યો ત્યાં સુધી મારુતિ ત્યાં જ ઊભી હતી. જગમોહને આજુબાજુ નજર દોડાવી.

કરણ સામે જ ઊભો હતો. વાનની આડે એ ઢંકાઈ ગયો હતો. કરણને એ વળગી પડ્યો.:

‘ઓહ માય સન, આટલી વારમાં તો મને કેવા કેવા વિચારો આવી ગયા. મને એક કે...’

‘કે હું કિડનેપ થઈ ગયો?’ કરણે વાક્ય પૂરું કર્યું. જગમોહને જોયું કે કરણનો ચહેરો ભાવશૂન્ય હતો. કદાચ નારાજગીની એકાદ રેખા ચહેરા પર ખેંચાયેલી હતી.

‘કરણ, યુ આર અપસેટ. હું તને બધું સમજાવીશ. તું એક વાર ઉપર આવ. આપણે સાથે બેસીએ. હું કોઈ છોકરી સાથે રહું છું એ પણ તને ખબર પડી જશે. જતીનકુમાર જેવા માણસની વાતમાં તું આવી ગયો? તને મારા પપ્પા પર વિશ્વાસ નહોતો? તું મને ફોન કરી શક્યો હોત...’ જગમોહનનું ગળું ભરાતું હતું. ગઈ કાલે મેટ્રો સ્ટેશને કૂદી પડતાં પહેલાં એને કરણનો ચહેરો યાદ આવ્યો હતો.

‘પપ્પા, આઈ એમ સોરી, મને કંઈ સૂઝ્યું નહીં એટલે જતીનકુમારની વાત સાંભળીને મેં ચિઠ્ઠી લખી નાખી. બે દિવસથી તમને નહોતા જોયા એટલે મન પણ મૂંઝાઈ ગયું હતું.’

કરણની આંખમાં પણ આંસુ ઊભરાઈ આવ્યાં.

રસ્તામાં ઊભા રહેવું સારું નહીં લાગે એવું વિચારીને કરણને હાથ પકડીને જગમોહન એને ગાયત્રીના મકાન તરફ લઈ ગયો. રસ્તામાં એણે ગઈ કાલે ગાયત્રીએ એવો કેવી રીતે જીવ બચાવ્યો એ વિશે વાત ટૂંકમાં કરી દીધી.

‘કરણ, તેં મારી ડાયરી વાંચી લીધી છે એટલે તારાથી શું છુપાવું પણ ગાયત્રી ન હોત તો કદાચ હું આજે અહીં હયાત ન હોત..!’

જગમોહને ગાયત્રીના ઘરની બહાર કોલબેલ દબાવતા કહ્યું.

ગાયત્રીએ બારણું ખોલ્યું અને કરણને આવકાર આપ્યો. કરણ ફક્ત એટલું જ બોલી શક્યો : ‘સોરી !’

ગાયત્રીએ કહ્યું : ‘ઈટસ ઓલરાઇટ. હમણાં સુધી તારા પપ્પા એક દીકરી સાથે રહેતા હતા. હવે તું પણ એની સાથે જ રહે. વેલ કમ ’

‘માફ કરજો, હું તમારા વિશે શું શું ધારી બેઠો હતો.’

‘તમારા નહીં, તારા... ઓ.કે.? વી આર ફ્રેન્ડ્સ’

‘ઓહ બાપ રે, કરણ આવ્યો કે કાકુ ગાયબ?! ’

‘યસ કાકુ, મારા અને કરણમાં એક સામ્ય છે. બંને પોતાના પિતાને ખૂબ ચાહીએ છીએ.’

થોડી પળ માટે ભારેખમ મૌન છવાઈ રહ્યું.

‘પપ્પા, હવે શું કરશો? ઘરે નહીં આવો? ’ કરણે અચકાતાં અચકાતાં પૂછી લીધું.

‘આવીશ અને ગાયત્રીને પણ લેતો આવીશ. અહીં એને એકલી રખાય તેમ નથી.’ જગમોહન બોલ્યો.

‘ઓહ, ગ્રેટ, તો તો બહુ જ મઝા પડશે, ગાયત્રી પ્લીઝ કમ... હવે મારો વેલકમ કરવાનો વારો આવી ગયો ’

ગાયત્રી હસી પડી. અચાનક એને જગમોહનના ઘરે જવાની ઇચ્છા થઈ આવી.

‘કરણ, તારી મમ્મી ગાયત્રીને જોઈને શું કહેશે?’ જગમોહને મનમાં ઘોળાતો પ્રશ્ન પૂછી નાંખ્યો.

‘શું પપ્પા, તમે તો કોઈથી ડરો એવા નથી. મમ્મીને સમજાવી દેશું. તમે એ બધું મારા પર છોડી દો.’ કરણ પણ મૂડમાં આવી ગયો હતો.

‘ગાયત્રીએ પોતાની બેગ ઊંચકી : ઓકે, લેટ અસ ગો! ’

જગમોહન દરવાજા તરફ આગળ વધતાં વિચારતો હતો કે પ્રભા એને ગાયત્રી સાથે જોઈને કહેશે ‘બીજીને પરણીને આવવું હતું તો મને શા માટે લઈ આવ્યા હતા?

એ પળે જગમોહન દીવાનનો સેલફોન રણકી ઊઠ્યો.

‘જગમોહને હલ્લો’ કહ્યું કે સામે છેડેથી પ્રભાનો મૃદુ સ્વર સંભળાયો :

‘જગમોહન, ઘરે ક્યારે આવો છો?!’

**(અહીં પૂર્વાર્ધ સમાપ્ત)**

***

હવે વાંચો ઉત્તરાર્ધ – આવતી કાલથી

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

હેલ્થ વેલ્થ

# આપણી ઊંઘને કેટલી સુધારે છે આરામદાયક ઓશીકા

સંધ્યા સિંહ

એક સારું અને આરામદાયક ઓશીકું માત્ર આપણી ગરદન અને કરોડરજ્જુને ટેકો જ નથી આપતું, સાથે તેને સીધી રેખામાં રાખવામાં મદદ પણ કરે છે. જ્યારે આપણી કરોડરજ્જુ સીધી હોય છે ત્યારે તે સ્નાયુઓને આરામ કરવાની અનુમતિ આપે છે અને તેનાથી સારી ઊંઘ આવે છે. જોકે ઊંઘ સાથે સંબંધિત ઘણી સમસ્યાઓ આપણી કરોડરજ્જુના નબળા સંરેખણને કારણે થતી હોય છે. તેથી સારી ઊંઘ માટે યોગ્ય ઓશીકું જરૂરી છે.

આપણે બધા જાણીએ છીએ કે સારી ઊંઘ આપણા સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તેથી આરામદાયક ઓશીકું જે સારી ઊંઘની ખાતરી આપે છે, તે ચોક્કસપણે સારી ઊંઘમાં મદદ કરે છે સાથે જ આપણા સારા સ્વાસ્થ્યમાં પણ મદદ કરે છે. ખોટી રીતે સૂવાથી આપણી ગરદન અને પીઠમાં દુખાવો થાય છે અને ગરદન અને પીઠના દુખાવાના કારણે આપણી ઊંઘમાં ખલેલ પડે છે. વાસ્તવમાં, જ્યારે આપણે પથારી પર સૂઈએ છીએ, ત્યારે આપણા આરામ માટે સૌથી મદદરૂપ વસ્તુ આપણી ગરદનને સીધી રાખવા પર આધારિત છે. તેથી, એક સારુ ઓશીકું આપણી ઊંઘ સુધારે છે અને આપણા સ્વાસ્થ્યને પણ મજબૂત બનાવે છે. બીજી તરફ જો ઓશીકું યોગ્ય ન હોય એટલે કે આરામદાયક ન હોય તો વ્યક્તિને ઊંઘ પણ નથી આવતી. કહેવાનો અર્થ એ છે કે જ્યાં એક તરફ આરામદાયક અથવા યોગ્ય ઓશીકું આપણી ઊંઘની ગુણવત્તા સુધારે છે અને ઊંઘને સુરક્ષિત કરે છે, ત્યાં ખરાબ ઓશીકું અનિદ્રાનું કારણ બને છે. તેથી, ઊંઘ માટે ઓશીકું જરૂરી છે, પરંતુ તે આરામદાયક હોવું પણ જરૂરી છે.

પરંતુ ઘણી વખત આપણને એ ખબર નથી હોતી કે કયું ઓશીકું આપણા માટે આરામદાયક છે. શું એવું ઓશીકું જેના પર માથું મુકતા જ માથું અંદર ઘૂસી જાય, જાણે કે આપણે માથું હવામાં મૂક્યું હોય, તે આપણા માટે યોગ્ય છે? કે એવું ઓશીકું કે જેના પર માથું રાખવાથી માથું બિલકુલ દબાય નહીં, તે યોગ્ય છે? વાસ્તવમાં, આ બંને પ્રકારના ઓશીકાઓ આપણા સ્વાસ્થ્ય અને સારી ઊંઘ માટે ખરાબ છે. એક સારું ઓશીકું આપણું માથું, ગરદન અને કરોડરજ્જુને તટસ્થ ગોઠવણીમાં રાખે છે. તે આપણી કરોડરજ્જુના કુદરતી વળાંકને અનુરૂપ હોય છે. આવા ઓશીકાથી ગરદનનો દુખાવો થતો નથી અને આખા શરીરને આરામ મળે છે. ઓશીકું બહુ મુલાયમ ન હોવું જોઈએ એટલે કે ઓશીકાની પર માથું મુકતા જ માથું પલંગને સ્પર્શવા લાગે. ઓશીકું બહુ ઊંચું ન હોવું જોઈએ અને જરા પણ સખત ન હોવું જોઈએ. આમ આરામદાયક ઓશીકું મધ્યમ ઊંચાઈનું અને એટલું નરમ હોય છે કે જ્યારે તેના પર માથું મૂકવામાં આવે છે, ત્યારે માથું અડધો ઇંચ જેટલું નીચે જાય છે, જ્યારે આપણે એક પડખે સૂવા માગતા હોઈએ ત્યારે આ ઓશીકું ટેકો આપવું જોઈએ અને જ્યારે આપણે આપણી પીઠ પર સૂઈએ ત્યારે આપણને છીછરાપણાનો અનુભવ થવો જોઈએ.



કેટલાક લોકો ફ્લેટ ઓશીકું પસંદ કરે છે અને તેમને તે ગમે છે, પરંતુ તે તેમની અંગત પસંદગી છે, કારણ કે ફ્લેટ ઓશીકાઓ બહુ આરામદાયક નથી હોતા. ઓશીકું બેડ કરતા થોડું ઊંચું હોવું જોઈએ જેથી આપણું શરીર બાકીના શરીર કરતા થોડું ઊંચું રહે. યાદ રાખો, સારું ઓશીકું ન માત્ર આપણી ઊંઘમાં મદદ કરે છે પરંતુ સારી ઊંઘની મુદ્રા બનાવવામાં પણ મદદ કરે છે, જેના પછી તમે સવારે ઉઠતાની સાથે એમ નથી કહેતા કે રાત્રે હું વિચિત્ર રીતે સૂઈ ગયો હતો. પીઠ પર સૂતા લોકો માટે ઓશીકું ખૂબ જ જરૂરી છે. કારણ કે આ ઓશીકું તેમની ગરદન અને માથાને ટેકો આપે છે. હા, ઓશીકું માત્ર એટલું જ નથી કરતું પણ આપણી ગરદનને ખૂબ જ કુદરતી ખૂણા પર રાખવાનો પ્રયત્ન કરે છે. જો સૂતી વખતે આપણી કરોડરજ્જુ અને ગરદન સીધી રેખામાં રહે તો તે આપણી ઊંઘ માટે ખૂબ જ આરામદાયક છે. જે લોકો તેમની પીઠ પર સૂવે છે તેમને હંમેશાં મધ્યમ કદના જાડા ઓશીકાની જરૂર હોય છે જે બહુ ભરેલું ન હોય, પણ સપાટ તો બિલકુલ ન હોય.

જે લોકો તેમના પેટ પર સૂવે છે તેમને ગરદન, પીઠ અને સાંધામાં દુખાવાની ફરિયાદ રહે છે. બાય ધ વે, આ સ્લીપિંગ પોશ્ચર સૌથી તણાવપૂર્ણ મુદ્રા છે. નિષ્ણાતો સૂચવે છે કે આવી આદત ધરાવતા લોકોએ ધીમે ધીમે અન્ય સ્થિતિમાં સૂવાનો પ્રયાસ કરવો જોઈએ. જો કે આ પરિવર્તન રાતોરાત નથી થતું, પણ જો આપણી પાસે આ પરિવર્તન માટે યોગ્ય તકિયો હોય તો નુકસાન ઓછું થાય છે. કારણ કે આ ઓશીકાને કારણે આપણી કરોડરજ્જુ શક્ય તેટલી તટસ્થ રહે છે.

આવા લોકો માટે સાઇડ સ્લીપર ઓશીકું વધુ સારો વિકલ્પ છે. પરંતુ જેમ આપણે બધા સામાન્ય રીતે મુશ્કેલીનો સામનો કરીએ છીએ કે સારું અને આરામદાયક ઓશીકું કેવી રીતે પસંદ કરવું? ચાલો તમને મદદ કરીએ-

દરેક વ્યક્તિને અલગ-અલગ કદના ઓશીકાની જરૂર હોય છે. કારણ કે દરેક માટે કોઈ એક ફિક્સ કદનું

ઓશીકું નથી હોતું. કેટલાક લોકો નાના ઓશીકા સાથે આરામદાયક હોય છે, જ્યારે અન્યને મોટા ઓશીકાની જરૂર હોય છે. તમને જે પણ પ્રકારનું ઓશીકું આરામદાયક લાગે તે પસંદ કરો.

આપણી ઊંઘની મુદ્રાને ધ્યાનમાં રાખીને ઓશીકું પસંદ કરવું મહત્ત્વપૂર્ણ છે. જે લોકો તેમની બાજુ પર સૂવે છે. તેમના માટે એક જાડું અને નરમ ઓશીકું યોગ્ય હોઈ શકે છે. જ્યારે પીઠ અને પેટ પર સૂતા લોકો માટે પાતળા ઓશીકા વધુ આરામદાયક છે, કારણ કે આ સાઈઝના ઓશીકા ગરદન પર ઓછો ભાર આપે છે.

ઓશીકું પસંદ કરતી વખતે તમારા શરીરના આકારનું પણ ધ્યાન રાખો. જો તમારી હાઇટ ઓછી હોય તો તમારું ઓશીકું પણ નાનું હોવું જોઈએ, પરંતુ જો તમારી હાઇટ વધુ છે તો તમારું ઓશીકું પણ મોટું હોવું જોઈએ.

ઓશીકાની પસંદગીમાં ગરદન વચ્ચેનું અંતર પણ મહત્ત્વનું છે. જો તમારી ગરદન અને ખભા વચ્ચે ઘણું અંતર છે અથવા બિલકુલ અંતર નથી, તો પછી યોગ્ય ઓશીકું પસંદ કરવાનો સમય આવી ગયો છે.

જો તમારે ગરદનના દુખાવા માટે ઓશીકું પસંદ કરવું હોય તો મધ્યમ કદનું ઓશીકું પસંદ કરો, એટલે કે ગરદનને યોગ્ય આકાર આપવા માટે, તમારે તેના પર એટલું દબાણ ન કરવું જોઈએ કે તેનાથી દુખાવો થવા લાગે, ન તો ઓશીકું એટલું ફ્લેબી હોવું જોઈએ કે મુદ્રામાં થોડો ફેરફાર પણ થાય તો તમે અસ્તવ્યસ્ત થઈ જાઓ. એક યોગ્ય ઓશીકાનું કદ સામાન્ય રીતે ૨૦ ઇંચ પહોળું અને ૨૬ ઇંચ લાંબું હોવું જોઈએ. ■

feedback@bombaysamachar.com

સ્વાસ્થ્ય

# ઉપવાસ કરવો છે? તો આ રીતે કરવો

નિધિ ભટ્ટ

હાલમાં તહેવારોની મોસમ ચાલી રહી છે અને મોટા ભાગના હિન્દુઓ આ તહેવારોમાં ઉપવાસ જરૂરથી કરતા હોય છે. આપણા પૂર્વજોએ સ્વાસ્થ્યને સારું રાખવા માટે ઉપવાસનો નિયમ બનાવ્યો હતો અને તેના ફાયદા પણ ઘણા છે.

ઉપવાસને કારણે શરીરના દરેક અંગને ફાયદો થતો હોય છે, પણ ઉપવાસ કેવી રીતે કરવો અથવા ઉપવાસ પહેલી વખત કરતા હો તો તેનાથી થતો ત્રાસ કેવી રીતે સહન કરવો એ બાબતે લોકો અજાણ હોય છે. આ દરેક બાબતે આજે આપણે જાણીશું.

## દૈનિક ઉપવાસ (ઈન્ટરમિટેન્ટ ફાસ્ટિંગ)

ઈન્ટરમિટેન્ટ ફાસ્ટિંગ એટલે કે દૈનિક ઉપવાસ હાલમાં બહુ પ્રચલિત છે. દિવસના ૨૪ કલાકમાંથી ૧૬ કલાક ઉપવાસ કરીને બાકીના આઠ કલાક ભોજન કરી શકાય છે. સવારે સાડા અગિયાર વાગ્યે ફરાળ કરીને રાત્રે સાડા સાત વાગ્યે એક ટાણું કરવું. ત્યાર બાદ બીજા દિવસે સવારે સાડા અગિયાર વાગ્યે નાસ્તો કરવાનો. રાતથી સવાર સુધી કંઇ ન ખાવાથી શરીરની પેશીઓનું સમારકામ, નકામાં તત્ત્વોનો નાશ થવો તથી શરીરની ઊર્જાનો ઉપયોગ પાચન ક્રિયા સિવાય અન્ય પ્રક્રિયામાં થઇ શકે છે.



હકીકતમાં આયુર્વેદમાં જણાવ્યા પ્રમાણે સૂર્યાસ્ત બાદ શરીરની અગ્નિ શાંત થઇ જાય છે. તેથી પાચન ક્રિયા બરાબર થતી નથી. યોગ્ય રીતે પાચન ન થયેલું ભોજન પાછળથી શરીર માટે વિવિધ સમસ્યા નિર્માણ કરે છે.

આપણી સંસ્કૃતિના અનેક ધર્મમાં જેમ કે બૌદ્ધ, જૈન ધર્મમાં રાત્રી ભોજનનો ત્યાગ કરવાનું કહેવામાં આવે છે. એનો અર્થ કે આપણે વર્ષોથી ઇન્ટરમિટેન્ટ ફાસ્ટિંગ કરતા હતા. દ

### ઉપવાસના ફાયદા અને ત્રાસ

ઉપવાસના ફાયદા સામાન્ય રીતે એક અઠવાડિયામાં જણાવા લાગે છે. ઉપવાસ કરતી વખતે ઘણાને ત્રાસ પણ થતો હોય છે જેઓને સવારે ઊઠવાની સાથે જ ચા-નાસ્તો કરવાની અથવા રાત્રે મોડેથી ભોજન કરવાની આદત હોય.

આપણું શરીર પોતાની માટે પોતે જ ઊર્જા ઉત્પન્ન કરતું હોય છે. તેથી ઇન્ટરમિટેન્ટ ફાસ્ટિંગની શરૂઆત કરાતા જ કેટલાક દિવસ પિત્ત વધવાને કારણે છાતીમાં બળતરા થવી, માથાનો દુખાવો, ખાટી ઊલટી થવી વગેરે થઇ શકે છે. આ સિવાય રાતના સમયે પેટમાં દુખાવો, વધુ ભૂખ લાગવી, ચીડચીડ થવી વગેરે લક્ષણો પણ જોઇ શકાય છે. ત્વચા પર રૅશિસ થવા, ખંજવાળ આવવી વગેરે ડિટોક્સિફિકેશનનાં લક્ષણો પણ જોવા મળે છે. આવા સમયે અડધો ગ્લાસ નાળિયેરનું પાણી અથવા પાણીમાં મધ નાખીને પણ પી શકાય છે.

આ સાથે રોજ ધીરેધીરે જમવા પહેલા કોથમીર, ફુદીના, જીરું, આદું, ગાજર વગેરેનો રસ પીવો. તેનાથી શરીરનો અંદર ભાગ સ્વચ્છ થાય છે અને માઇક્રોનુટ્રિએન્ટ્સનું પ્રમાણ ઘટી ગયું હોય તો પણ તે લેવલમાં આવી જાય છે. થોડા દિવસ, બાદ શરીરને આ નિત્યક્રમની આદત પડી જશે અને તેના ફાયદા પણ દેખાવા લાગશે. લાંબા સમય સુધી જો આ નિત્યક્રમ ચાલુ જ રહેશે તો વજન ઓછું થશે, પેટ બરાબર સાફ થવા લાગશે, શરીરની લવચિકતા વધવા લાગશે તથા આપણને બહુ હલકું અને પ્રસન્ન અનુભવ થવા લાગશે. એટલું જ નહીં પણ જો તમને હાઇ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, સંધિવાત, પેટની બીમારી, સ્મરણશક્તિની સમસ્યા વગેરે જૂની બીમારી હશે તો ધીરેધીરે તે દૂર થવા લાગશે. ■

shrilekha.yajnik@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

# આશ્ચર્ય પમાડે તેવા છે ચોખાના લોટના ગુણો

શ્રીલેખા યાજ્ઞિક

રોજબરોજ ઘરમાં બનતાં દાળ-શાક-રાયતાં-કચુંબર,અથાણાંનો સ્વાદ માણતી વખતે, સાથે ઘઉંના લોટમાંથી બનતી રોટલી-પરાઠા-ભાખરીનો ઉપયોગ મોટે ભાગે થતો જોવા મળે છે. વળી ઘરમાં બનતી વાનગી હોય કે ઘરેલું ઉપચાર હોય તેનો સૌથી મોટો ફાયદો હોય છે કે તેની આડઅસર જોવા મળતી નથી. રેસ્ટોરાં કે બ્યુટી પાર્લરમાં મોટી રકમ ખર્ચવી પડે છે તેનાથી બચી શકાય છે. ચોખાનો લોટ એક એવા પ્રકારનો જ લોટ છે. જેના સેવનથી કે તેનો લેપ બનાવીને ચહેરા ઉપર લગાવવાથી ત્વચા સંબંધિત અનેક સમસ્યાથી રાહત મેળવી શકાય છે. ચોખાનો લોટ ગ્લૂટેન મુક્ત ગણાય છે. ચોખાના લોટમાં ભરપૂર માત્રામાં વિટામિન્સ, ફોલિક એસિડ તથા ઍન્ટિ-ઓક્સિડન્ટ હોય છે.



## ચોખાના લોટના લાભ

પિત્તાશયના સ્વાસ્થ્ય માટે ગુણકારી : ચોખાના લોટનો ઉપયોગ નિયમિત કરવાથી પિત્તાશય (લિવર)નું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. કેમ કે ચોખાના લોટમાં કોલીન સમાયેલું હોય છે. જે પિત્તાશયમાંથી કૉલેસ્ટ્રોલ તથા ટ્રાઈગ્લિસરાઈડને અન્ય સ્થળે લઈ જાય છે, જ્યાં તેની આવશ્યક્તા હોય છે. તેથી તેને લિવર ક્લિનર તરીકે ઓળખવામાં આવે છે. વળી કોલીન ત્વચાની અંદરની દીવાલને જાળવી રાખવામાં મદદ કરે છે. ગ્લૂટેન મુક્ત હોવાથી સિલીએક બીમારીથી પીડિત દર્દી માટે અગત્યનો આહાર બની જાય છે. ફાઈબરની માત્રા ભરપૂર હોવાથી પેટ સંબંધિત તકલીફથી રાહત મળે છે.

### શક્તિવર્ધક ગણાય છે

ચોખાના લોટમાં કાર્બોહાઈડ્રેટની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે શરીરને શક્તિ પ્રદાન કરતું મુખ્ય સ્ત્રોત ગણાય છે. કાર્બોહાઈડ્રેટ ગ્લુકોઝમાં સમાઈને શરીરની માંસપેશી તેમજ મસ્તિષ્કને ઊર્જા પ્રદાન કરે છે. પ્રતિદિન ફક્ત ઘઉંની બનાવટ ખાવાને બદલે ચોખાના લોટનો ઉપયોગ કરવાથી શરીર શક્તિવર્ધક બને છે. વારંવાર થાક લાગવો કે નબળાઈ અનુભવાતી હોય તેમના માટે ગુણકારી ગણાય છે.

### પાચનક્રિયા સુદૃઢ બનાવે છે

ચોખાનો લોટ પચવામાં હલકો ગણાય છે. પાચન સંબંધિત તકલીફ વારંવાર થતી હોય તેમને માટે ચોખાના લોટનો ઉપયોગ ઉત્તમ વિકલ્પ બની રહેશે. વારંવાર દસ્ત કે કબજિયાતની તકલીફ રહ્યા કરતી હોય તેવા બંને પ્રકારના દર્દી માટે ચોખાના લોટનો આહારમાં નિયમિત ઉપયોગ ફાયદાકારક ગણાય છે.

### વિટામિન તેમજ ખનીજનું સમૃદ્ધ સ્ત્રોત

ચોખાના લોટમાં સ્વાસ્થ્ય માટે ગુણકારી તેવા આવશ્યક વિટામિન તેમજ ખનીજનો ખજાનો છે. જેમાં વિટામિન બી-૧, વિટામિન બી-૩, તેમજ વિટામિન બી-૬નો સમાવેશ થાય છે. આયર્ન તેમજ ઝિંકની માત્રા સમાયેલી છે. જે શરીરનાં વિવિધ કાર્યો જેવા કે પાચનક્રિયા, રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં ઉપયોગી બને છે.

### હાડકાંના સ્વાસ્થ્ય માટે ગુણકારી

ચોખાના લોટમાં કેલ્શિયમ તેમજ ફોસ્ફરસ જેવા આવશ્યક ખનીજ સમાયેલાં છે. જે હાડકાં તેમજ દાંતની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે. ચોખાના લોટનું નિયમિત પ્રમાણભાન રાખીને સેવન કરવાથી ઓસ્ટિયોપોરોસિસ જેવી તકલીફથી બચી શકાય છે. તેમજ દાંતના દુખાવાની પીડાને દૂર ઠેલી શકાય છે.

### પ્રોટીનથી સમૃદ્ધ

ચોખાના લોટમાં પ્રોટીનની માત્રા સૌથી વધુ સમાયેલી હોય છે. તેમાં પણ બ્રાઉન રાઈસમાં સૌથી વધુ જોવા મળે છે. બ્રાઉન રાઈસના લોટમાં વિટામિન બીનું પ્રમાણ ઘણું હોય છે. બ્રાઉન રાઈસ તેમજ સફેદ ચોખા વચ્ચેનો તફાવત એટલો જ ગણી શકાય છે. બ્રાઉન રાઈસમાં તેની ઉપર છોતરા જોવા મળે છે. સફેદ ચોખા બનાવવા માટે તેની ઉપરના ફોતરાને સાફ કરી દેવામાં આવે છે. બ્રાઉન ચોખાનો લોટ બનાવવા માટે તેને છોતરા સાથે જ પીસી લેવામાં આવે છે. જેથી તેમાં ભરપૂર માત્રામાં ફાઈબર, વિટામિન, કેલ્શિયમ, ઝિંક વગેરે જોવા મળે છે. તેથી ચોખાના લોટનો ઉપયોગ કરતી વખતે બ્રાઉન રાઈસનો લોટ ઉપયોગમાં લઈ શકાય છે.

### હૃદયના સ્વાસ્થ્ય માટે ગુણકારી

ચોખાના લોટમાં જટિલ કાર્બોહાઈડ્રેટને દૂર કરવાના ગુણો સમાયેલાં છે. જે હૃદયના સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. ચોખાના લોટના સેવનથી જટિલ કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ ધીમે ધીમે ઘટવા લાગે છે. જેને કારણે શરીરમાં વહેતા રક્તપ્રવાહમાંથી ગ્લૂકોઝની માત્રા છૂટી પડે છે. જે લોહીમાં શર્કરાના સ્તરને નિયંત્રિત કરે છે. જેને કારણે લોહીમાં અચાનક ઈન્સ્યૂલિનની માત્રા વધતી અટકે છે. આમ હૃદયની તંદુરસ્તી જાળવવામાં તેમજ હૃદયરોગના જોખમને ઘટાડવામાં લાભકારક બને છે.

### ચહેરો નિખરી ઊઠે છે

ચોખાના લોટનો ઉપયોગ ચહેરા ઉપર ઊબટન બનાવીને લગાવવાથી ત્વચા નિખરી ઊઠશે. ખીલ, કાળા ડાઘ કે ત્વચા ઉપર કરચલી પડી ગઈ હોય તો ચોખાના લોટમાં કાકડી, લીંબુનો રસ તેમ જ દહીં ભેળવીને મિશ્રણ તૈયાર કરી ચહેરા ઉપર લગાવી લેવું. ઉબટન બરાબર સુકાઈ જાય ત્યારબાદ ચહેરો ઠંડા પાણીથી સાફ કરી લેવો. ત્વચા ઉપર ઘેર બેઠાં ચમક આવી જશે. તેનું મુખ્ય કારણ ચોખાની સાથે કાકડી, લીંબુ, દહીંમાં ઍન્ટિસેપ્ટિક -જર્મીસાઈડ ગુણો સમાયેલાં હોય છે. જે બૅક્ટેરિયાની સામે લડે છે. જેથી ત્વચાની ઉપર પડેલાં કાળા ડાઘ, કરચલી, ખીલ વગેરે ઓછા થવા લાગે છે.

ગણેશ ચતુર્થીનો તહેવાર આવી રહ્યો છે. ત્યારે મહારાષ્ટ્રના લોકપ્રિય તેમજ સ્વાદિષ્ટ ‘ઉકડી ચે મોદક’ બનાવવા માટે ચોખાના લોટનો જ ઉપયોગ કરવામાં આવે છે.

### ઉકડીચે મોદક



**બાફેલા લાડુ: સામગ્રી:** ચોખાનો લોટ ૧ મોટી વાટકી, ૧ વાટકી પાણી, ૧ વાટકી દૂધ, જરૂર મુજબ ઘી, તાજા નાળિયેરનું છીણ ૧ વાટકી, અડધી વાટકી ઝીણો સમારેલો ગોળ, એલચી-જાયફળનો પાઉડર, ૧ નાની વાટકી કાજુ-બદામ-પિસ્તા, ખસખસને ઘીમાં શેકીને ભૂકો કરેલાં, ૨-૩ તાંતણાં કેસરના દૂધમાં પલાળેલાં.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ એક કડાઈમાં પાણી તથા દૂધ ગરમ કરવું .તેમાં ચોખાનો લોટ ભેળવીને ધીમી આંચ ઉપર પાંચ મિનિટ પકાવી લેવું. લોટમાં ચપટી મીઠું ભેળવવું. લોટને થોડો સમય સિઝવા દેવો. ગેસ બંધ રાખવો.

**ભરવા માટેનું મિશ્રણ બનાવવા માટેની સામગ્રી:** એક નૉન સ્ટીક પૅનમાં ૧ ચમચી ઘી લેવું. તેમાં કાજુ -બદામ-પિસ્તા-ખસખસને ધીમા તાપે શેકી લેવાં. તેને એક બાઉલમાં કાઢી લેવાં. તેજ પૅનમાં નાળિયેરનું છીણ સાંતળી લેવું. ગોળ ભેળવીને તે ઓગળી જાય ત્યાં સુધી પકાવી લેવું. ગોળ બરાબર ઓગળી જાય ત્યાર બાદ તેમાં એલચી-જાયફળનો પાઉડર ભેળવવો. તેમજ સાંતળીને તૈયાર કરેલાં સૂકામેવાને ભેળવવા.

**મોદક બનાવવાની પદ્ધત્તિ :** બાફેલા ચોખાના લોટને એક મોટી થાળીમાં લઈને લગભગ ૧૦ મિનિટ માટે મસળી લેવો. તેમાંથી એક સરખા લુવા બનાવી લેવા. લોટને હાથેથી થેપીને નાની પૂરી બનાવી લેવી. તેમાં નાળિયેરનું મિશ્રણ ભરી દેવું. હવે નાની પૂરીને હાથેથી મોદકનો આકાર આપીને બરાબર બંધ કરી લેવી. સ્ટીમરમાં એક સરખા વાળેલાં મોદકને કેળના પાન ઉપર ગોઠવવા. તેની ઉપર કેસરવાળું દૂધ લગાવવું. મોદક બરાબર ૧૦-૧૨ મિનિટ માટે બાફી લેવાં. પરંપરાગત મોદકને હાથેથી સુંદર આકાર આપીને બનાવવામાં આવે છે. હવે તો ખાસ પ્રકારનો સંચો આવે છે જેમાં મોદકને આકર્ષક આકાર આપવામાં આવે છે. ગરમાગરમ મોદકની ઉપર ઘી -તુલસી પત્ર ગોઠવીને, ગણપતિ બાપાને નૈવેદ્ય પીરસ્યા બાદ તેને ભક્તોને વહેંચવામાં આવે છે. ■

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

# ગર્ભાશયની મુશ્કેલીઓ

ડૉ. હર્ષા છાડવા

આપણી સંસ્કૃતિના મૂળ પાયામાં નારીનું સ્થાન છે. કૃતિ સંસ્કૃતિની માતા છે. દરેક જીવની પ્રથમ સર્જક નારી છે, તેથી તે શારીરિક રીતે મજબૂત હોવી જોઇએ. અવયવોની દૃષ્ટિએ વિચાર કરીએ તો સ્ત્રીના પ્રજનન તંત્રના અવયવોમાં ગર્ભાશયને મુખ્ય અવયવ તરીકે ગણતરી થાય છે. ગર્ભાશય આ એક એવું અવયવ છે કે જેમાં અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થવાની શકયતા રહે છે. ગર્ભાશયમાં સોજો, માસિક ધર્મની મુશ્કેલીઓ, ગર્ભાશયમાં ગાંઠ, અનાર્તવ (માસિક સ્ત્રાવ ન થવો) યોનિ રક્તસ્ત્રાવ, શીઘ્રપતન પી. સી.ઓ.ડી. જેવા રોગો થાય છે. આ બધા રોગોમાં તીવ્ર અથવા જીર્ણ બળતરા વધારે જોવા મળે છે. ગર્ભાશયને લગતી બળતરા તેની અંદરની દીવાલ તેને દૃઢ કરતી માંસપેશીઓ ગર્ભાશયની ગ્રીવા વગેરેમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. ગર્ભાશયની અંદરની પાતળી ત્વચામાં ઉત્પન્ન થતો સોજો અને બળતરાને આધુનિકો એન્ડો મેટ્રાઇટીસ અને ગર્ભાશયની માંસપેશીઓમાં થનારા સોજા અને બળતરાને મેટ્રાઇટ્રીસ કહેવામાં આવે છે. ગર્ભાશયને લગતી બીમારી આધુનિક સમયમાં વધુ જોવા મળે છે. માસિક ધર્મની શરૂઆત થતાં જ છોકરીઓમાં તકલીફો શરૂ થઇ જાય છે. મૂળ કારણની જાણકારી હોવી જરૂરી છે. બહુ જ નાની ઉંમરે મુશ્કેલી જણાય છે તેનું કારણ અપ્રાકૃતિક ખાનપાન જ છે. જંકફૂડ, ચોકલેટ, પીઝા, પાસ્તા, બ્રેડ બિસ્કિટ, મસાલેદાર ભોજન, ચહા, કોફી જેવા ખાનપાન લોહીમાં એસીડીટી પેદા કરે છે. લોહી એસીડીક થતા ગર્ભાશયમાં મુશ્કેલી સર્જાય છે. ઉગતી બાળાઓના ભોજન પ્રદૂષિત છે. આની કાળજી શરૂઆતથી જ લેવી જોઇએ. વધુ મુશ્કેલીઓ થાય પછી ગંભીર રોગોનો જન્મ થઇ જાય છે. નાની ઉંમરમાં જ ગર્ભાશય કાઢી નાખવા પડે છે. અથવા તો દવાઓ કાયમની ચાલુ રહે છે. જેથી શરીરનાં બીજાં અવયવો પણ મુશ્કેલીમાં મુકાય છે.



તહેવારોની મોસમ ચાલુ છે. જેમાં મોળાકાત, જયાપાર્વતી કે બીજા અન્ય તહેવારો જે સ્ત્રીઓ માટે છે તેમાં યોગ્ય ખાનપાનની દૃષ્ટિએ જ અમલમાં આવ્યા જેથી શરૂઆતમાં જ એવું ખાનપાન આપવામાં આવે કે જયારે ગર્ભધારણ થાય તો તેમાં કોઇ મુશ્કેલીઓ ન જણાય. આધુનિક વિચારોની સ્ત્રીઓ કે બાળાઓ આના વિશેની નકામી વાતો કે નકામા તહેવારો ગણે છે. મોળાકાતમાં નમક વગરનું ખાનપાન જે થાઇરોઇડના હાર્માનને મજબૂત બનાવે છે. મોરશની ભાજી દરિયાઇ વિસ્તારમાં ઊગે છે.





તેમાં નમકનું સારા પ્રમાણમાં છે જે હાર્માનને સતેજ રાખે છે. આગળ જતાં ગર્ભાશય મજબૂત બનાવે છે.

ગર્ભાશયને મજબૂત બનાવી રાખવા કે રોગોથી દૂર રાખવા બજારૂ દવાની આવશ્યકતા નથી. યોગ્ય ખાનપાનની સમજ હોવી જરૂરી છે. માસિક ધર્મ આવતા જ ત્રણ દિવસ સ્ત્રીને સખત આરામ જરૂરી હોય છે. તેનું લક્ષ રાખવું ખૂબ જ જરૂરી છે. આહારની દૃષ્ટિએ વિચાર કરીએ તો આપણી આસપાસ લગભગ બધું જ મળી રહે છે. વધુ સ્વાદનો વિચાર ન કરતાં યોગ્ય આહારને જ સ્વાદિષ્ટ બનાવવાની કળાની જરૂરત છે.

મોરશની ભાજી સ્વાદિષ્ટ ભાજી છે. કુદરતી રીતે જ આમાં નમકનો સ્વાદ છે. કેલ્શિયમ અને મેગ્નેયિમથી ભરપૂર છે. ખૂબ જ પ્રમાણમાં માઇક્રોન્યૂટિશન છે. જે શરીરના ઝેરને નાબૂદ કરે છે. પાઇલ્સ, કબજિયાત, લીવર પર સુંદર પરિણામ આપે છે. ગર્ભાશયની એસીડીટીને નાબૂદ કરે છે. આવી ઘણી ભાજીઓ છે જે વરસાદની મોસમમાં જ મળે છે. લુણીભાજી, ખાપરા, ટાકળા, અંબાડીભાજી લઇ શકાય છે. મોરશની ભાજીના મૂઠિયા, સૂપ, ચટણી કે થેપલા બનાવી શકાય છે. ઉગતી બાળાઓને આ ભાજીની ખાસ જરૂરિયાત છે. આપની આસપાસ લીલી ભાજીઓનો ઉપયોગ કરવો જોઇએ. આની માટે સર્તક રહેવું જરૂરી છે.

નવધારી ભીંડા-પોપટી કે આછા સફેદ પોપટી જેવા તેની નવ ધાર હોય છે. સ્વાદે ખૂબ જ ઊંચા છે. ગુણો પણ ઊંચા છે. આ ભીંડા શરીરના અંદરના અવયવોની બ્યૂટી વધારે આ વરસાદની મોસમમાં જ મળે છે.

લીલા શીંગોડા (ચેસ્ટનટ) ગુણોથી ભરપૂર છે. શરીરની આયોડીન ડમી થવા દેતા નથી. થાઇરોઇડના હાર્માનને મજબૂત બનાવે છે. તેથી શરીરનો મેટાબોલીક ગ્રાફ ઊંચો રહે છે. ગર્ભાશયના લોહીને સાફ રાખે છે. આ બેથી ત્રણ મહિના મળે છે. એમ જ ખાઇ શકાય છે. શીરો, ભાખરી, સૂપ બનાવી શકાય છે.

પપનસ આ ફળના ગુણ ગાઇ તેટલા ઓછા છે. આના બીજા નામ ચકોત્રુ, ગપફ્રૂટ છે. ગણપતિની પૂજા આના વગર અધૂરી છે. છઠ્ઠ પૂજામાં ખાસ આનો ઉપયોગ થાય છે. આ મહા મૂલ્યવાન ફળ છે. ઓગસ્ટ મહિનાથી ડિસેમ્બર મહિના સુધી આ ફળ મળે છે. આનો પાક પૂરા ભારતમાં થાય છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, ગુજરાત, દક્ષિણ ભારતમાં થાય છે. આના વિશે લોકોને વધુ માહિતી નથી. તેથી આના ગુણોથી વંચિત રહે છે. આની બે-ત્રણ જાતની વેરાયટી છે.

(જુઓ પાનું ૬) ▶▶

feedback@bombaysamachar.com

આરોગ્ય + પ્લસ

# વા (Arthritis)

સંકલન: સ્મૃતિ શાહ-મહેતા

**ગયા અઠવાડિયે આપણે હાડકા સંબંધી રોગ અને એના ઉપચાર વિશે વાત કરી હવે આપણે આગળ જાણીએ વા એટલે શું...**

- બે હાડકાંના જોડાણથી સાંધો બને છે. આ બંને હાડકાં એકબીજા સાથે મજબૂત દોરડાં જેવાં અસ્થિબંધનથી પકડાયેલાં હોય છે.
- સાંધો બનાવતા હાડકાંના છેડાઓ ઉપર કાર્ટિલેજ નામનું લીસું આવરણ હોય છે. જેને આપણે સાદી ભાષામાં ગાદી કહીએ છીએ. આ કાર્ટિલેજ (ગાદી) ડનલોપ જેવું હોવાથી સાંધાઓના હલન-ચલન દરમિયાન શોકએબસોર્બર (ઝટકો કે આંચકો ન લાગવા દે તેવું સાધન) તરીકે કામ કરે છે.

★ **વા એટલે શું?**

શરીરના સાંધાની ગાદીમાં ઘસારો તથા સોજો આવવાથી દુ:ખાવાને લીધે હલન-ચલન કરવામાં તકલીફ અનુભવાય તેને ‘વા’ કહેવાય છે.







### બે પ્રકારના ‘વા’ની સરખામણી

| લાક્ષણિકતા | સાંધાનો ઘસારો | સંધિવા |
|---|---|---|
| શરૂઆત થવાનો સમય | પાછલી ઉંમરે અને ધીરે ધીરે શરૂ થાય | કોઈપણ ઉંમરે, અચાનક જ શરૂ થાય |
| સાંધાઓ | માત્ર દુ:ખાવો થવો, | સાંધાઓને સોજો આવવો. લાલ થઈ જવા અને વધુ દુ:ખાવો થવો. |
| દુ:ખાવાનો સમય | સાંજના સમયે વધુ પ્રમાણમાં ઘૂંટણ જકડાઈ જવા. | સવારે લાંબા સમય સુધી સાંધા જકડાઈ જવા. |
| અન્ય તકલીફ | શરીરમાં માત્ર ઘૂંટણની તકલીફ સિવાય અન્ય કોઈ તકલીફ ન થવી. | શરીરમાં થાક લાગવો, કમજોરી રહેવી અને કોઈકવાર તાવ આવવો. |

શરીરનાં વજન પ્રમાણે ‘વા’ની માત્રા




### ‘વા’નાં લક્ષણ:

**સાંધાનો ઘસારો:**

- શરૂઆતમાં લાંબો સમય બેસી રહ્યા બાદ ઊભા થતી વખતે ઢીંચણમાં દુ:ખાવો થવો. ઘસારો વધી ગયા બાદ કામકાજ કરતી વખતે તથા ચાલતી વખતે સતત દુ:ખાવો થવો.
- પલાંઠીવાળીને કે ઊભા પગે બેસવામાં તકલીફ પડવી કે બેસી ન શકવું.
- ઘસારાના કારણે પગ ઘૂંટણથી વાંકા થઈ જવા.

**સંધિવા (Rheumatoid Arthritis):**

- શરીરના અલગ-અલગ સાંધાઓ (ઘૂંટણ, ગરદન, ખભા, કાંડાં, કોણી વગેરે)માં દુ:ખાવો થવો તથા જકડાઈ જવા.
- સાંધાઓમાં સોજો આવવો તથા આજુબાજુની જગ્યા લાલ થઈ જવી.
- કોઈકવાર તાવ આવવો.
- તકલીફવાળા સાંધામાં સોજો તેમજ ઘસારો લાગું પડવાથી પૂરતાં પ્રમાણમાં હલન-ચલન કરી શકાય નહિ. અને લાંબા સમયે શરીરનો ઘસારાવાળો ભાગ વાંકો થઈ શકે છે.
- શરીરમાં થાક લાગવો.

### વા થવાનાં કારણ:

**સાંધાનો ઘસારો:**

- ૬૦ વર્ષની ઉંમર પછી તેની સંભાવના વધી જાય છે.
- જાડાપણું-મેદસ્વિતા
- શરીરનું વધુ પડતું વજન ઘૂંટણ પર લોડ વધારી દે છે. આથી ઘસાવાની સંભાવના વધી જાય છે.
- લાંબા સમય સુધી વધુ પડતું મહેનતવાળું કામ કરવાથી.
- વારસાગત.

**સંધિવા:**

- વારસાગત.
- શરીરની રોગપ્રતિકારક શક્તિ જ સાંધાના કોષોને દુશ્મન માની તેનો નાશ કરી નાખે છે.

### આહાર-વિહાર સંબંધી વિવેક

- આ રોગ શરીરમાં વાયુ વધવાથી થતો હોય છે. તેથી વાયુવર્ધક ખોરાકનો ખાસ ત્યાગ રાખવો.
- ઠંડા, ભારે, તળેલા અને વાસી ખાદ્યપદાર્થોથી દૂર રહેવું.
- તૈયાર પૅકેજફૂડ અને ઠંડા પીણાનો સદંતર ત્યાગ રાખવો.
- વિરુદ્ધ આહારનું સેવન ન કરવું.
- પાણીમાં બાફેલાં કારેલાનું શાક જમવાથી સંધિવામાં ખૂબ જ રાહત થાય છે.
- અનિયમિત જીવનશૈલીથી ‘વા’ની માત્રા

(જુઓ પાનું ૬) ▶▶

# બહેન-બનેવીઓએ મળીને માજી નગરસેવકને પતાવ્યો

## પુણેમાં જાહેરમાં કરપીણ હત્યાઃ બાઈક પર આવેલા આઠથી નવ જણે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી અંધાધૂંધ ગોળીબાર કર્યો

પુણેઃ પુણે મહાનગરપાલિકાના ભૂતપૂર્વ નગરસેવક વનરાજ આંદેકરની કરપીણ હત્યામાં તેની બે બહેન અને બનેવીઓની પોલીસે ધરપકડ કરી હતી. જૂની અદાવત અને મિલકત સંબંધી વિવાદને પગલે આ હત્યા કરાઈ હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. બાઈક પર આવેલા આઠથી નવ જણે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંક્યા પછી અંધાધૂંધ ગોળીબાર કરી આંદેકરની હત્યા કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ધરપકડ કરાયેલા આરોપીઓમાં જયંત કોમકર, ગણેશ કોમકર, કલ્યાણી અને સંજીવનીનો સમાવેશ થાય છે. એફઆઈઆરમાં આંદેકરના પરિવારના સભ્યોએ આ ચારેયની કથિત સંડોવણીનો ઉલ્લેખ કર્યા બાદ પોલીસે પ્રાથમિક તપાસ બાદ ધરપકડ કરી હતી.

પુણે મહાનગરપાલિકાને એડ્મિનિસ્ટ્રેટર હેઠળ લાવવામાં આવી તે પહેલાં અંદાજે ૩૦ વર્ષનો આંદેકર રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (અવિભાજિત) સાથે જોડાયેલો હતો.પોલીસના જણાવ્યા મુજબ હત્યાની ઘટના રવિવારની રાતે ૯.૩૦ વાગ્યાની આસપાસ પુણે નાના પેઠ વિસ્તારમાં બની હતી. બાઈક પર આવેલા આઠથી નવ જણે આંદેકર પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંક્યા હતા. હુમલાખોરો પિસ્તોલમાંથી અમુક રાઉન્ડ આંદેકર પર ફાયર પણ કર્યા હતા.

જૉઈન્ટ પોલીસ કમિશનર રંજનકુમાર શર્માએ જણાવ્યું હતું કે પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી છે, જેમાં મૃતકની બે બહેનો અને તેમના પતિઓનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસમાં જૂની અદાવત, પારિવારિક કલહ અને મિલકત સંબંધી વિવાદને કારણે આ હત્યા કરાઈ હોવાનું જણાયું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ બે પક્ષ વચ્ચે ચાલતો વિવાદ પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. રવિવારની સવારે બન્ને પક્ષના લોકો પોલીસ સ્ટેશને આવ્યા હતા. આ મામલે પોલીસે બિનદખલપાત્ર ગુનો (એનસી) પણ નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

# ભડકાઉ ભાષણોઃ નીતેશ રાણે સામે બે એફઆઈઆર

મુંબઇઃ અહમદનગર જિલ્લાના શ્રીરામપુર અને તોપખાના પોલીસ કાર્યક્ષેત્રમાં બે અલગ-અલગ કાર્યક્રમમાં ઉશ્કેરણીજનક ભાષણ આપવા બદલ ભાજપના વિધાન સભ્ય નીતેશ રાણે વિરુદ્ધ બે એફઆઈઆર નોંધવામાં આવ્યાં છે. નીતેશ રાણેએ ગઈકાલે અહમદનગરમાં સકલ હિન્દુ સમાજના આંદોલનમાં ભાગ લીધો હતો અને તેમના ભાષણો એ કાર્યક્રમનો એક ભાગ હતા. ધાર્મિક ગુરુ રામગીરી મહારાજના સમર્થનમાં રવિવારના રોજ મહારાષ્ટ્રના અહમદનગરમાં સકલ હિન્દુ સમાજ આંદોલન થયું હતું. રામગીરી મહારાજના સમર્થનમાં મોરચો કાઢવામાં આવ્યો હતો. આ મોરચા બાદ નીતેશ રાણેની બેઠક યોજાઇ હતી, જેમાં તેમણે મુસ્લિમોને ખુલ્લે આમ ધમકી આપી હતી. ભાજપના વિધાન સભ્ય નીતેશ રાણેએ કહ્યુ હતું કે- જો કોઈ અમારા મહંત રામગીરી મહારાજ વિરુદ્ધ કંઈ પણ બોલશે તો તેઓ મસ્જિદમાં ઘૂસીને તેમને વીણી વીણીને મારી નાખશે. નોંધનીય છે કે મહંત રામગીરી મહારાજે મુસ્લિમ સમાજના પયગંબર વિરુદ્ધ ટિપ્પણી કરી હતી. ત્યાર બાદ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં રામગીરી મહારાજ સામે મોરચો કાઢવામાં આવ્યો હતો. ત્યાર બાદ હવે અહમદ નગર જિલ્લામાં સમગ્ર હિંદુ સમુદાય વતી રામગીરી મહારાજના સમર્થનમાં નીતેશ રાણેના નેતૃત્વમાં મોરચો કાઢવામાં આવ્યો હતો, જેમાં તેમણે આક્રમક અને ભડકાઉ ભાષણ આપ્યું હતું. રાણેના ભાષણનો વીડિયો સામે આવ્યા બાદ તેમની સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. ■

# મરાઠવાડામાં વરસાદનો આતંકઃ ચાર જણનાં મોત

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના મરાઠવાડા વિસ્તારમાં સોમવારે સવારે ૯ વાગ્યે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં ધોધમાર વરસાદ થયો હતો. આ વિસ્તારમાં સૌથી વધુ વરસાદ પરભણી જિલ્લાના પાથરી ગામમાં (૩૧૪ મિ.મી.) વરસાદ નોંધાયો હતો. મુશળધાર વરસાદના કારણે ચાર લોકોનાં મૃત્યુ થયા હતાં અને ગ્રામીણ વિસ્તારોમાં સામાન્ય જનજીવનને અસર થઈ હતી એમ સંબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું.

મહેસૂલ અધિકારીઓના પ્રાથમિક મૂલ્યાંકન અનુસાર મુશળધાર વરસાદના કારણે ઓછામાં ઓછા ૬૩ ગામના લોકોને અસર પહોંચી હતી અને ૪૫ હેક્ટર જમીન પર કેટલાંક મકાનો અને પાકને નુકસાન થયું હતું.

નાંદેડના વિષ્ણુપુરી બંધના દરવાજા સોમવારે સવારે ઉઘાડવામાં આવ્યા હતા. જાયકવાડી બંધના જળસ્તરમાં વધારો થતાં ગોદાવરી નદીના કાંઠાના નીચાણના વિસ્તારમાં આવેલાં ગામો માટે ચેતવણી આપવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર મરાઠવાડાના તમામ આઠ જિલ્લાના ૨૮૪ મહેસૂલ વિસ્તારમાં રવિવારે ૬૫ મિ.મી.થી વધુ વરસાદ પડ્યો હતો.

છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ પાથરી ગામમાં અને પછીના ક્રમે પરભણીના જ બાભલગાંવ વિસ્તારમાં ૨૭૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ધોધમાર વરસાદને કારણે હિંગોલી અને સેનગાંવ ગામને જોડતો પુલ ડૂબી ગયો હતો.સોમવારે સિદ્ધેશ્વર, જાયકવાડી અને વિષ્ણુપુરી બંધમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. ૧૧ મુખ્ય પ્રોજેક્ટ્સમાં પાણીનો સંગ્રહ સ્તર વધીને ૭૧.૪૪ ટકા થયો હતો. પહેલી સપ્ટેમ્બરે થયેલા વરસાદમાં ચાર લોકો ઉપરાંત ૮૮ પ્રાણીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ૨૯ પાકા અને ૧૩૫ કુચા મકાનોને નુકસાન થયું હતું. એ જ રીતે, ૧૮ ગામના ૭૪ ખેડૂતોની ૪૫.૨૦ હેક્ટર જમીનના પાકને પણ અસર થઈ હતી એમ સંબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# રત્નાગિરિમાં માવળાની પ્રતિમાની તોડફોડ

રત્નાગિરીઃ રત્નાગિરિ શહેરના મારુતિ મંદિર નજીક આવેલી શિવ સૃષ્ટિમાં એક માવળાની પ્રતિમાની તોડફોડ કરવામાં આવતા રોષ ફાટી નીકળ્યો હતો. શિવસેનાએ આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવાની માગણી કરી છે.

સોમવારે સવારે શહેરના મારુતિ મંદિર ખાતે છત્રપતિ શિવાજી મહારાજની અશ્વારુઢ પ્રતિમા પાસે ઊભી કરવામાં આવેલી શિવ સૃષ્ટિની માવળાની કેટલીક પ્રતિમા ખંડિત કરવામાં આવી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જાણ થયા પછી તરત જ શિવસેનાના કાર્યકરોએ આ બાબતે તાત્કાલિક નોંધ લઇ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આરોપીની તાત્કાલિક ધરપકડ કરી તેની સામે કડક કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી હતી.આ અંગે શિવસેનાના જિલ્લા પ્રમુખ રાહુલ પંડિત, શહેર પ્રમુખ બિપીન બંદરકર, વરિષ્ઠ નેતા રાજન શેટયે, વિજય ખેડેકર, અભિજીત દુડે, પ્રશાંત સુર્વે અને દીપક પવારે પોલીસને એક આવેદનપત્ર આપ્યું છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ એક શકમંદની પોલીસે અટકાયત કરી છે. દારૂના નશામાં આ પ્રતિમાને નુકસાન કરવામાં આવ્યું હોવાનું કહેવામાં આવે છે. ■

# વી. સતીશ કુમાર, ડિરેક્ટર (માર્કેટિંગ), ઈન્ડિયન ઓઈલના ચેરમેન તરીકે વધારાનો ચાર્જ સંભાળશે



શ્રી વી. સતીશ કુમારે ઈન્ડિયન ઓઈલના ચેરમેન તરીકે વધારાનો ચાર્જ સંભાળ્યો છે. તેઓ નિયામક (માર્કેટિંગ) તરીકેની તેમની ભૂમિકા ચાલુ રાખતા એકસાથે ચેરમેન તરીકે સેવા આપશે, જે પદ તેઓ ઓક્ટોબર ૨૦૨૧થી સંભાળી રહ્યા છે. તેમણે ઓક્ટોબર ૨૦૨૨થી એક વર્ષના સમયગાળા માટે નિયામક (ફાઇનાન્સ)નો વધારાનો હવાલો પણ સંભાળ્યો હતો. ૩૫ વર્ષની કારકિર્દી સાથે, શ્રી કુમારે દેશભરના વિવિધ પ્રદેશોમાં સેવા આપી છે અને મુખ્ય હોદ્દાઓ સંભાળ્યા છે, પેટ્રોલિયમ ઉત્પાદનોના માર્કેટિંગમાં તેની આગેવાની જાળવી રાખવા માટે ઈન્ડિયન ઓઈલના પ્રયાસોનું નેતૃત્વ કર્યું છે. તેમણે ઇન્ડિયન ઓઇલ એન્ડ પેટ્રોનાસ (મલેશિયા) વચ્ચેના સંયુક્ત સાહસ, ઇન્ડિયન ઓઇલ પેટ્રોનાસ પ્રાઇવેટ લિમિટેડના નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે અને ઇન્ડિયન ઓઇલ મોરિશિયસ લિમિટેડના નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે, બહુરાષ્ટ્રીય તેલ કંપનીઓ સાથે જોડાણ કરવાનો બહોળો અનુભવ પણ મેળવ્યો છે.

નિયામક (માર્કેટિંગ) તરીકેની તેમની ક્ષમતામાં, તેમણે કુદરતી આફતો અથવા અન્ય વિક્ષેપોના સમયે પણ વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં પેટ્રોલિયમ ઉત્પાદનોનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કર્યો હતો, જે "નેશન ફર્સ્ટ" અને "ઓન ડ્યુટી ઓલવેઝ"ની ભાવનાનું ઉદાહરણ આપે છે. તેમના નેતૃત્વ હેઠળના માર્કેટિંગ વિભાગે છેલ્લાં ૩ વર્ષમાં વર્ષ દર વર્ષે અત્યાર સુધીનું સૌથી વધુ ભૌતિક પ્રદર્શન સુનિશ્ચિત કર્યું છે.■

# સહકાર ક્ષેત્રનું દેશના વિકાસમાં યોગદાન અતુલનીયઃ રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુ

પુણેઃ દેશના વિકાસમાં સહકાર ક્ષેત્રનું યોગદાન અતુલનીય છે, એમ રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુએ સોમવારે કોલ્હાપુરમાં આયોજિત એક સમારંભમાં જણાવ્યું હતું. આ પહેલાં તેમણે કોલ્હાપુરના મહાલક્ષ્મી મંદિરમાં જઈને માતાજીના દર્શન કરીને આશીર્વાદ લીધાં હતાં. શ્રી વારણા મહિલા સહકાર જૂથ, વારણાનગરની સુવર્ણ જયંતી સમારંભના કાર્યક્રમને કોલ્હાપુરમાં સંબોધતાં તેમણે કહ્યું હતું કે વ્યાપાર અને સાહસિકતાએ વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે, પરંતુ સહકાર ક્ષેત્રનું દેશના વિકાસમાં યોગદાન અતુલનીય છે. લિજ્જત પાપડ અને અમુલ સહકાર ક્ષેત્રની સફળતાના ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેમણે સહકારી સંસ્થાઓમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની ભલામણ કરી હતી.■

# મુંબઇથી દુબઇ ફલાઇટ ૧૨ કલાક લેટ ઉપડી

મુંબઇઃ પ્રમાણમાં સસ્તી ટિકિટ ઓફર કરતી સ્પાઈસ જેટ એરલાઇન્સની સેવાઓ ઘણા સમયથી બરાબર ન હોવાના બનાવો બનતા રહે છે. હાલમાં જ મુંબઈથી દુબઈ જતી સ્પાઈસ જેટની ફ્લાઈટને મોટા વિલંબનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે ૧૫૦થી વધુ મુસાફરો એરપોર્ટ પર ૧૨ કલાકથી વધુ સમય સુધી ફસાયા હતા. ફ્લાઇટ, શરૂઆતમાં ૩૧ ઓગસ્ટના રોજ ૧૧:૩૦ વાગ્યે ઉપડવા માટે નિર્ધારિત હતી, પણ આખરે આ ફ્લાઇટે ૧ સપ્ટેમ્બરના રોજ બપોરના સમયે ઉડાન ભરી હતી, જેના કારણે મુસાફરોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. આ પ્લેનમાં પ્રવાસ કરી રહેલા મુસાફરોએ તેમની અગવડો અને અસુવિધા વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે વિમાનને ઉપાડવામાં શા માટે વિલંબ થઇ રહ્યો છે એ વિશે ગ્રાઉન્ડ સ્ટાફ સાવ અજાણ હતો અથવા તો મુસાફરોને સાચું કારણ જણાવવા નહોતો માગતો. ■

# એકનાથ ખડસેની 'ભાજપ વાપસી'ને ગ્રહણ?

મુંબઈઃ મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા અને દેવેન્દ્ર ફડણવીસના કાર્યકાળ દરમિયાન પ્રધાન રહી ચૂકેલા એકનાથ ખડસે વિધાનસભાની ચૂંટણી પૂર્વે ફરી પાછા ભાજપમાં જોડાય તેવી ઓછી શક્યતા જણાઇ રહી છે. લોકસભાની ચૂંટણી પૂર્વે ખડસે દિલ્હીમાં જઇને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા. જોકે, લોકસભાની ચૂંટણી પત્યા બાદ હવે વિધાનસભાની ચૂંટણી માથે છે, છતાં તેમના ભાજપ પ્રવેશ અંગે કોઇ સ્પષ્ટતા નથી થઇ.

જોકે, આ મામલે મૌન તોડતા આખરે એકનાથ ખડસેએ સ્પષ્ટતા કરી છે. ખડસેએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે હજી સુધી ભાજપ તરફથી મને કોઇપણ પ્રતિસાદ મળ્યો નથી. હું હજી થોડા દિવસ સુધી ભાજપના પ્રતિસાદની વાટ જોઇશ, નહીંતર હું ફરીથી એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ-શરદચંદ્ર પવાર જૂથ)માં જોડાઇ જઇશ. પોતે હજી પણ શરદ પવાર જૂથના સભ્ય હોવાનું જણાવતા ખડસેએ કહ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ કરવા બાબતે મેં તેમને(ભાજપને) વિનંતી કરી હતી, પરંતુ હજી સુધી એ વિશે તેમના તરફથી કોઇ પ્રતિભાવ મળ્યો નથી. ■

## દેશ વિદેશ

# ભાજપે મેમ્બરશિપ ઝુંબેશ લોન્ચ કરી

## આંતરિક લોકશાહીનું પાલન ન કરો ત્યારે શું થાય તેનું અનેક વિપક્ષ જીવંત ઉદાહરણઃ વડા પ્રધાન




**ઝુંબેશ શરૂઃ** ભાજપની મૅમ્બરશિપ ઝુંબેશ 'સદસ્ય અભિયાન ૨૦૨૪'ના લૉન્ચિંગ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડા, કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ સાથે હાજરી આપી હતી. (એજન્સી)

નવી દિલ્હીઃ પક્ષમાં આંતરિક લોકશાહીનું પાલન ન કરો ત્યારે શું થાય તેનું અનેક વિપક્ષ જીવંત ઉદાહરણ હોવાનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું.

ભાજપની મેમ્બરશિપ ઝુંબેશને લૉન્ચ કરતા તેમણે કહ્યું હતું કે આ ઝુંબેશ મારફતે ભાજપ પોતાને વધુ મજબૂત બનાવશે ત્યારે લોકસભા અને વિધાનસભામાં મહિલાઓ માટે ૨૨ ટકા આરક્ષણનો અમલ થઈ શકશે.

ભાજપ દ્વારા દર છ વરસે આ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે જે અંતર્ગત જૂના સભ્યોનું સભ્યપદ રિન્યૂ કરવામાં આવે છે અને નવા સભ્યના નામ ઉમેરવામાં આવે છે.

ઝુંબેશનો પ્રારંભ કરતા ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડાએ પ્રથમ મૅમ્બર તરીકે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું નામ નોંધ્યું હતું.

મોદીએ ભાજપના સભ્યોને અલગ રીતે વિચારવાનું અને સરહદી વિસ્તારનાં ગામડાંઓને ભાજપનો ગઢ બનાવવાની હાકલ કરી હતી.

નવી પેઢીને દસ વર્ષ અગાઉના કૌભાંડો અંગે જાણકારી ન હોવાનું જણાવતાં મોદીએ તમામ નેતાઓને મેમ્મ્બરશિપ ઝુંબેશ દરમિયાન ૧૮થી પચીસની વય જૂથનાઓને લક્ષ્ય બનાવવા જણાવ્યું હતું.

લોકસભામાં બે સાંસદના પક્ષ તરીકેની પ્રારંભિક શરૂઆત બાદ ભાજપે કરેલી પ્રગતિને યાદ કરતા મોદીએ નેશન ફર્સ્ટ અને લોક કલ્યાણની પક્ષની વિચારધારાને યશ આપ્યો હતો. (એજન્સી) ■

# આપ ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનની મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરતું ઇડી

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સોમવારે આપ ધારાસભ્ય અમાનતુલ્લાહ ખાનની તેમના અને તેમની સાથે સંકળાયેલા કેટલાક અન્ય લોકો વિરુદ્ધ મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે ધરપકડ કરવામાં આવી હતી. આ જાણકારી સત્તાવાર સૂત્રો પાસેથી મળી હતી.

ઇડીએ રાષ્ટ્રીય રાજધાનીના ઓખલા વિસ્તારમાં સવારે ૬ વાગ્યા પછી તેના નિવાસસ્થાને સર્ચ હાથ ધર્યું હતું, ત્યારબાદ તેની પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ)ની જોગવાઇઓ હેઠળ અટકાયત કરવામાં આવી હતી. ઇડીએ કહ્યું કે સર્ચ દરમિયાન ખાનને કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, પરંતુ તેઓ દલીલ કરતા રહ્યા અને તેથી તેની ધરપકડ કરવામાં આવી હતી. ધારાસભ્યને સોમવારે કોર્ટમાં રજૂ કરવાની શક્યતા હતી. જ્યાં ફેડરલ એજન્સી સતત પૂછપરછ માટે તેની કસ્ટડી માગશે.

આમ આદમી પાર્ટીએ ધરપકડ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે ભાજપ જેટલા અમને દબાવવાનો પ્રયત્ન કરશે અમે તેટલા વધુ અવાજ ઉઠાવીશું. ૫૦ વર્ષીય ધારાસભ્ય વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ બે એફઆઇઆરમાંથી ઉદ્ભવ્યો છે. એક સીબીઆઇ દ્વારા વકફ બોર્ડ સાથે સંબંધિત કથિત અનિયમિતતાઓમાંથી અને બીજો દિલ્હી એસીબી દ્વારા કથિત રીતે અપ્રમાણસર સંપતિના કેસ સાથે સંબંધિત છે.

એજન્સીએ એક નિવેદનમાં ખાન પર આરોપ મૂક્યો હતો કે વકફ બોર્ડમાં કર્મચારીઓની ગેરકાયદેસર ભરતી કરવામાં આવી હતી અને અધ્યક્ષ પદ(૨૦૧૮-૨૦૨૨) દરમિયાન વકફ બોર્ડની મિલકતોને ખોટી રીતે ભાડે આપીને ગેરકાયદે વ્યક્તિગત લાભો મેળવ્યા હતા. એજન્સીએ આ મામલે જાન્યુઆરીમાં ચાર્જશીટ દાખલ કરી હતી. જેમાં ખાનના ત્રણ સહયોગીઓ- જીશાન હૈદર, દાઉદ નાસિર અને જાવેદ ઇમામ સિદ્દીકી સહિત ચાર લોકોના નામ સામેલ હતા. ■

# છત્તીસગઢના એક ગામમાં ૧૭ વાંદરાની ગોળી મારી હત્યા

દુર્ગ/બેમેતરાઃ છત્તીસગઢના બેમેતરા જિલ્લાના એક ગામમાં ૧૭ વાંદરાની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. આ મામલે વન વિભાગે વાંદરાના કથિત મૃત્યુની તપાસ શરૂ કરી છે અને ચાર સડી ગયેલા મૃતદેહો જપ્ત કર્યા છે. આ માહિતી એક વરિષ્ઠ અધિકારીએ આપી હતી.

પંચાયતના એક પ્રતિનિધિએ દાવો કર્યો હતો કે કેટલાક ગ્રામજનો દ્વારા વાંદરાના ટોળાને ભગાડવા માટે રાખવામાં આવેલા બે મજૂરોએ ૧૭ વાંદરાની ગોળી મારી હત્યા કરી દીધી અને વન વિભાગ પર ઘટનાને ઢાંકવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. આ દાવાનો વિરોધ કરતાં વન વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે વાંદરાઓના મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, જ્યારે કેટલાક શંકાસ્પદ લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

બેલગામ ગ્રામ પંચાયતના પંચ સીતારામ વર્માએ જણાવ્યું હતું કે કથિત ઘટના ૨૮ ઓગસ્ટના રોજ બેલગામ ગામમાં બની હતી, જ્યારે કેટલાક ગ્રામજનો દ્વારા વસાહતમાંથી વાંદરાઓને ભગાડવા માટે ભાડે રાખેલા બે લોકોએ બંદૂકો વડે ગોળીબાર કર્યો હતો. તેમણે કહ્યું કે આ ઘટનામાં કેટલાક વાંદરાઓ ઘાયલ પણ થયા છે. વર્માએ દાવો કર્યો કે રાજ્ય સરકારના અધિકારીઓને વાંદરાઓની હત્યા અંગે જાણ કરવામાં આવી હતી, પરંતુ તેઓ ઘટનાના બે દિવસ પછી ૩૦ ઓગસ્ટના રોજ પંચનામા માટે ગામમાં આવ્યા હતા.

તેમણે દાવો કર્યો કે ઘણા વાંદરાઓના મૃતદેહ રખડતા કૂતરાઓ ખાઇ ગયા હતા. વન વિભાગ ૭ વાંદરાઓના સડી ગયેલા મૃતદેહો અને હાડપિંજર સાથે લઇ ગયા હતા. ઘાયલ વાંદરાઓમાંથી કેટલાક મૃત્યુ પામ્યાં હતાં, જ્યારે કેટલાક ભાગી ગયા હતા. તેમણે આરોપ લગાવ્યો કે વન વિભાગ આ ઘટનાને છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે અને દોષિતો સામે કડક કાર્યવાહીની માગ કરી હતી. ■

# હિમાચલમાં વરસાદને પગલે ૧૦૦થી વધુ રસ્તાઓ બંધ, ૮ જિલ્લામાં પૂરની ચેતવણી

શિમલાઃ હિમાચલ પ્રદેશમાં વરસાદને પગલે સોમવારે નેશનલ હાઇવે ૭૦૭ સહિત કુલ ૧૦૯ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા. આ માહિતી સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરે આપી હતી. સ્થાનિક હવામાન વિભાગે મંગળવાર સુધી ચંબા, કાંગડા, મંડી, શિમલા, સિરમૌર, સોલન, કુલ્લુ અને કિન્નોરના કેટલાક ભાગોમાં મધ્યમ પૂરના જોખમની ચેતવણી આપી છે. વિભાગે મંગળવાર સુધી રાજ્યમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદ, વાવાઝોડું અને વીજળી પડવાનું યલો એલર્ટ પણ જારી કર્યું છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશનલ સેન્ટર(એસઇઓસી) દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર શિમલા જિલ્લાના હાટકોટી અને સિરમૌર જિલ્લાના પાઓંટા સાહિબ વચ્ચે નેશનલ હાઇવે ૭૦૭ને બંધ કરવા ઉપરાંત, સિરમૌરમાં ૫૫ રસ્તાઓ, શિમલામાં ૨૩, મંડી અને કાંગડામાં ૧૦-૧૦, કુલ્લુમાં ૯ અને સ્પીતિ અને ઉના જિલ્લામાં એક-એક માર્ગ બંધ છે.

એસઇઓસીના જણાવ્યા મુજબ રાજ્યમાં ૪૨૭ વીજ પુરવઠા યોજનાઓ પણ ખોરવાઇ ગઇ છે. આ દરમિયાન સિરમૌર, બિલાસપુર અને મંડી જિલ્લાના કેટલાક ભાગોમાં ભારે વરસાદ થયો હતો, જ્યારે રવિવાર સાંજથી છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ઘણી જગ્યાએ મધ્યમ વરસાદ નોંધાયો હતો. સિરમૌર જિલ્લાના નાહનમાં ૧૪૩.૫ મિમી વરસાદ નોંધાયો હતો, જે રાજ્યમાં સૌથી વધુ વરસાદી સ્થળ રહ્યું હતું.

હિમાચલ પ્રદેશમાં ૨૭ જૂને ચોમાસાના આગમનથી અત્યાર સુધીમાં વરસાદમાં ૨૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં સરેરાશ ૬૨૩.૯ મિમીની સરખામણીએ ૪૮૨.૧ મિમી વરસાદ નોંધાયો છે. અધિકારીઓએ જણાવ્યું કે આ વર્ષે વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૫૧ લોકોનાં મોત થયાં છે અને રાજ્યને ૧,૨૬૫ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ■

# વૈષ્ણોદેવીમાં ભૂસ્ખલનથી બે મહિલાનાં મોત, એક ઘાયલ

કટરા/જમ્મુઃ સોમવારે જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં વૈષ્ણોદેવી મંદિરના નવા ટ્રેક પર ભૂસ્ખલનમાં બે મહિલા તીર્થયાત્રીનાં મોત થયાં હતાં અને એક છોકરી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂસ્ખલન બપોરે ૨.૩૫ વાગ્યાની આસપાસ ભવનથી ત્રણ કિલોમીટર આગળ પાંચી નજીકના માર્ગ પર થયું હતું જેમાં ઓવરહેડ આયર્ન સ્ટ્રક્ચરનો એક ભાગ પણ ક્ષતિગ્રસ્ત થયો હતો. તેઓએ જણાવ્યું હતું કે તીર્થયાત્રીઓ મંદિર તરફ જઈ રહ્યા હતા ત્યારે ભૂસ્ખલનને પગલે તેઓ લોખંડના માળખામાં ફસાઈ ગયા હતા. રિયાસીના ડેપ્યુટી કમિશનર વિશેષ પોલ મહાજને પ્રાથમિક માહિતીના અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે આ ઘટનામાં બે મહિલાનાં મોત થયાં છે અને એક છોકરી ગંભીર રીતે ઘાયલ થઈ છે. ■

# રશિયામાં હેલિકૉપ્ટર દુર્ઘટના : તમામ મૃતદેહ મળ્યા

મોસ્કો : રશિયાના પૂર્વભાગમાં સહેલાણીઓને લઈ જતું હેલિકૉપ્ટર તૂટી પડ્યું હતું અને આમાં રહેલા બાવીસના મૃતદેહો શોધી કઢાયા છે. આમાં ૧૯ સહેલાણીઓ અને હેલિકોપ્ટરના ત્રણ કર્મચારીઓ હતા. હેલિકૉપ્ટર અનેક જવાળામુખી ધરાવતા દ્વીપ ચામચતકામાં તૂટી પડ્યું હતું. સહેલાણીઓએ શનિવારે જ્વાળામુખી નિકટથી જોવા માટે આ યાત્રા કરી હતી. બચાવકારોએ શનિવારે કાટમાળ શોધી કાઢ્યો હતો. રશિયાની સરકારી સમાચાર સંસ્થા આરઆઈએ નોવોસ્તીએ કહ્યું હતું કે ઝાંખા પ્રકાશ અને ખરાબ હવામાનને લીધે હેલિકૉપ્ટર તૂટી પડ્યું હોવાની સંભાવના છે. આમાં પાઈલોટની ભૂલ હતી કે ટેક્નિકલ ખરાબી થઈ હતી એ શોધી કાઢવા તપાસ શરૂ કરાઈ છે. એમઆઈ-૮ હેલિકૉપ્ટર ૧૯૬૦ના દાયકામાં વિકસાવવામાં આવ્યું હતું. (એજન્સી)■

## પેરિસ પેરાલિમ્પિક્સ

# સોમવારે ભારતને એક ગોલ્ડ સહિત ચાર મેડલ



નીતેશકુમાર



નિષાદકુમાર



પ્રીતિ પાલ



યોગેશ કથુનિયા

પેરિસઃ પેરિસ પેરાલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન યથાવત છે. બેડમિન્ટન ખેલાડી નીતેશ કુમારે પુરુષ સિંગલ્સના એસએલ૩ વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. સોમવારે રમાયેલી ફાઇનલ મેચમાં નીતેશે ગ્રેટ બ્રિટનના ડેનિયલ બેથેલને ૨૧-૧૪, ૧૮-૨૧, ૨૩-૨૧થી હરાવ્યો હતો. બંને વચ્ચેની આ મેચ ૧ કલાક ૨૦ મિનિટ સુધી ચાલી હતી. પેરિસ પેરાલિમ્પિકમાં ભારતનો આ બીજો ગોલ્ડ મેડલ છે. આ પહેલા અવની લેખરાએ શૂટિંગમાં ગોલ્ડ જીત્યો હતો.

ફાઈનલ મેચમાં નીતેશ કુમારે પહેલી ગેમ આસાનીથી જીતી લીધી હતી. પરંતુ આ પછી બ્રિટિશ ખેલાડીએ શાનદાર વાપસી કરી અને બીજી ગેમ જીતીને મેચને બરાબરી કરી દીધી. ત્યારબાદ ત્રીજી ગેમમાં બંને ખેલાડીઓ વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી જેમાં નીતેશને જીત મળી હતી. પેરાલિમ્પિકમાં ગોલ્ડ જીતનાર નીતેશ બીજો બેડમિન્ટન ખેલાડી છે. આ પહેલા પ્રમોદ ભગતે ટોક્યો પેરાલિમ્પિકમાં આ જ કેટેગરીમાં ગોલ્ડ જીત્યો હતો.

પેરિસ પેરાલિમ્પિકમાં ભારતીય એથ્લેટ નિષાદ કુમારે પુરુષોની ઊંચી કૂદ (ટી-૪૭)માં સિલ્વર મેડલ જીત્યો હતો. નિષાદે આ સિઝનમાં તેનો સર્વશ્રેષ્ઠ ૨.૦૪ મીટરનો જમ્પ લગાવ્યો હતો. આ સાથે જ એથ્લેટિક્સમાં ભારતનો આ ત્રીજો મેડલ છે. નિષાદે (૨૪) ત્રણ વર્ષ પહેલા ટોક્યો પેરાલિમ્પિકમાં આ સ્પર્ધામાં સિલ્વર મેડલ પણ જીત્યો હતો. મેન્સ હાઈ જમ્પ (ટી-૪૭)માં અમેરિકાનો રોડરિક ટાઉનસેન્ડ પ્રથમ ક્રમે રહ્યો હતો. તેણે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ટાઉનસેન્ડે ટોક્યો પેરાલિમ્પિક્સમાં પણ ૧૧ ખેલાડીઓ વચ્ચે આ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ જીત્યો હતો.

અગાઉ ભારતના યોગેશ કથુનિયાએ પેરિસ પેરાલિમ્પિક્સમાં પુરુષોની એફ૫૬ ડિસ્કસ થ્રો સ્પર્ધામાં૪૨.૨૨ મીટરના શ્રેષ્ઠ પ્રયાસ સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. આ સાથે આ ૨૯ વર્ષીય ખેલાડી યોગેશ કથુનિયાએ સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. વાસ્તવમાં યોગેશ કથુનિયાએ અગાઉ ટોક્યો પેરાલિમ્પિક ૨૦૨૦માં સિલ્વર મેડલ જીત્યો હતો. આ રીતે તેણે સતત બીજી પેરાલિમ્પિક ગેમ્સમાં સિલ્વર મેડલ જીતીને મોટું સ્થાન હાંસલ કર્યું છે. ગ્રીસના કોન્સ્ટેન્ટિનોસ તઝોનિસે ૪૧.૩૨ મીટરના પ્રયાસ સાથે એફ૫૬ વર્ગમાં સ્પર્ધામાં એથ્લેટ્સ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

ભારતીય પેરા એથ્લેટ પ્રીતિ પાલે શાનદાર પ્રદર્શન કર્યું અને મહિલાઓની ૨૦૦ મીટર ટી-૩૦ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પ્રીતિએ ફાઈનલમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને ૩૦.૦૧ સેકન્ડમાં રેસ પૂરી કરી હતી. પેરિસ પેરાલિમ્પિક્સમાં પ્રીતિનો આ બીજો મેડલ છે. આ પહેલા તેણે મહિલાઓની ૧૦૦ મીટર ટી-૩૫ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૨૩ વર્ષની પ્રીતિનો બ્રોન્ઝ મેડલ પેરિસમાં ભારતનો બીજો પેરા એથ્લેટિક્સ મેડલ પણ છે. આ પહેલા પ્રીતિએ ૧૦૦ મીટર ઈવેન્ટમાં પણ મેડલ જીત્યો હતો.

પ્રીતિ પાલે મહિલાઓની ટી-૬૫ કેટેગરીની ૧૦૦ મીટર સ્પર્ધામાં ૧૪.૨૧ સેકન્ડના વ્યક્તિગત શ્રેષ્ઠ સમય સાથે બ્રોન્ઝ જીત્યો હતો. ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના એક ખેડૂતની પુત્રી પ્રીતિને અભિનંદન આપતા વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે તેણીએ પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં મહિલાઓની ૨૦૦ મીટર ટી-૩૫ સ્પર્ધામાં બ્રોન્ઝ સાથે તેનો બીજો મેડલ જીત્યો હતો! તેઓ ભારતના લોકો માટે પ્રેરણારૂપ છે. તેમનું સમર્પણ ખરેખર નોંધપાત્ર છે. ■

# યુવરાજના પિતાની કપિલ વિશે અપમાનજનક ટિપ્પણી

## યોગરાજ સિંહે ધોનીને પણ નિશાન બનાવતાં સોશિયલ મીડિયામાં ટ્રોલ થયા

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર યુવરાજ સિંહના પિતા અને ભારતના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર યોગરાજ સિંહે ૧૯૭૦-'૮૦ના દાયકા દરમિયાનની કરીઅરમાં પોતાને અન્યાય થયો હતો એ બદલ કપિલ દેવને જવાબદાર ગણાવ્યા છે. પુત્ર યુવરાજે કારકિર્દી ટૂંકાવી નાખવી પડી હતી એ બદલ તેમણે એમએસ ધોનીને જવાબદાર ગણાવીને તેની પણ ખૂબ ટીકા કરી છે.

આખાબોલા અને સ્પષ્ટવક્તા તરીકે જાણીતા યોગરાજ સિંહે એક મુલાકાતમાં કહ્યું છે કે 'કપિલ દેવ મને પોતાનો હરીફ માનતો હતો અને એટલે જ તેણે ૧૯૮૧માં મને ટીમમાંથી કઢાવ્યો હતો. મારા પુત્ર યુવરાજનો જન્મ થયો ત્યારે જ મેં નક્કી કર્યું હતું કે હું કોઈને કોઈ રીતે કપિલ સામે મારા અન્યાયનો બદલો લઈશ.'

યોગરાજ સિંહે ઇન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું છે કે 'મારો દીકરો યુવરાજ શાનદાર કારકિર્દીમાં ૧૩ મોટી ટ્રોફી જીત્યો છે, જ્યારે કપિલ દેવના નામે એકમાત્ર ૧૯૮૩ વર્લ્ડ કપની ટ્રોફી છે.'





આવું બોલીને યોગરાજ સિંહ એવું કહેવા માગે છે કે તેમણે પુત્રની સિદ્ધિઓ મારફત કપિલ સામે બદલો લેવાની ઈચ્છા પૂરી કરી છે.

યોગરાજ સિંહે કપિલ દેવને ઉતારી પાડતાં નિવેદનોમાં કહ્યું છે કે 'અમારા સમયના ગ્રેટેસ્ટ ભારતીય કેપ્ટન મનાતા કપિલ દેવને એકવાર મેં કહ્યું હતું કે હું તને એવી સ્થિતિમાં લાવી દઈશ જ્યારે લોકો તને શ્રાપ આપશે, તને નફરત કરશે. આજે મારા દીકરા પાસે ૧૩ ટ્રોફી છે અને તારી પાસે એકમાત્ર વર્લ્ડ કપની ટ્રોફી. બસ, મારે વધારે હવે કંઈ નથી કહેવું.'

યોગરાજ સિંહે મુલાકાતમાં ધોનીને નિશાન બનાવતા કહ્યું હતું કે હું એમએસ ધોનીને ક્યારેય માફ નહીં કરું. હું તેને કહું છું કે તું પોતે કેવો છો એ જાણવા તારે અરીસામાં જોવું જોઈએ. ધોની ભલે મોટો ક્રિકેટર છે, પણ તેણે મારા દીકરા સાથે જે કર્યું એ બધાની નજર સામે આવી જ ગયું છે. મેં ક્યારેય જીવનમાં મારી સાથે ખોટું કરનારને માફ નથી કર્યો અને બીજું, એવી વ્યક્તિને મેં ક્યારેય ગળે પણ નથી લગાડી, પછી ભલે એ મારા કોઈ ફેમિલી મેમ્બર હોય કે મારાં સંતાનો હોય.'

જોકે યોગરાજ સિંહ ઓચિંતા બન્ને લેજન્ડ વિશેનાં આ નિવેદનો બદલ સોશિયલ મીડિયામાં ટ્રોલ થઈ રહ્યા છે. એક નેટ યુઝર લખે છે કે 'તેઓ એવા પુત્રના (યુવરાજ સિંહના) પિતા છે જેણે ભારત માટે ઘણું કર્યું છે. જોકે તેઓ હવે દીકરાના નામનો દુરુપયોગ કરી રહ્યા છે. યુવરાજે જે કંઈ નામ કર્યું છે એ હવે તેના પિતા બગાડી રહ્યા છે.'

બીજા એક યુવીચાહકે લખ્યું છે કે યુવરાજ સિંહની બાયોપિક થોડા સમયમાં આવી રહી છે. બની શકે કે 'તેના પર ફિલ્મ આવી રહી હોય એટલે તેના પિતા દ્વારા આવાં નિવેદનો અચાનક આપવામાં આવ્યા હોય.' ■

# લેક્લર્ક માત્ર ૨.૬ સેકન્ડના તફાવતથી ઇટલીમાં જીત્યો ફોર્મ્યુલા-વન રેસ



રોમઃ યુરોપના મોનેગાસ્કની રાષ્ટ્રીયતા ધરાવતો ૨૬ વર્ષનો ચાર્લ્સ લેકલર્ક રવિવારે ફક્ત ૨.૬ સેકન્ડના તફાવતથી ઇટાલિયન એફ-વન ગ્રાં પ્રિ સ્પર્ધા જીત્યો હતો. આ વર્ષની તેની આ બીજી ઋ-૧ ટ્રોફી છે. થોડા મહિના પહેલાં તે ઘરઆંગણાની મોનેકો ફોર્મ્યુલા-વન રેસ જીત્યો હતો.

રવિવારે લેક્લર્કે છેલ્લી પળોમાં માત્ર વન-સ્ટોપની અનોખી અને મોટું જોખમ વહોરી લેતી વ્યૂહરચના અપનાવી હતી અને આ રેસ રોમાંચક સ્થિતિમાં જીતી લીધી હતી.

લેકલર્કનો જન્મ ૧૯૯૭માં ફ્રાન્સની નજીકના મોનેકો દેશના મોન્ટે કાર્લો શહેરમાં થયો હતો. તે 'ઓવરટેક ઑફ ધ યર' નામની ટ્રોફી સહિત નાના મોટા કુલ સાત અવોર્ડ જીત્યો છે.

ફેરારી રેસિંગ કારના ડ્રાઇવર લેકલર્કે રવિવારની રેસ એક કલાક, ૧૪ મિનિટ, ૪૦.૭૨૭ સેકન્ડમાં પૂરી કરી હતી. ઓસ્ટ્રેલિયાનો ઑસ્કર પિઆસ્ટ્રી બીજા નંબરે આવ્યો હતો. મેકલારેન-મર્સીડીઝ કારના ડ્રાઇવર ઑસ્કરને આ રેસ પૂરી કરવામાં લેકલર્ક કરતાં ૨.૬ સેકન્ડ જેટલો વધુ સમય લાગ્યો હતો.

લેકલર્કે ઇટલીની રેસ જીતીને સૌને ચોંકાવી દીધા હતા, કારણકે આ રેસમાં ઘણા ચેમ્પિયન ડ્રાઇવરો પાછળ રહી ગયા હતા. એલ. નોરિસ ત્રીજા સ્થાને, સી. સેઈન્ઝ ચોથા અને લુઇસ હેમિલ્ટન પાંચમા નંબરે રહ્યો હતો. એફ-વનનો મોટો ચેમ્પિયન મેક્સ વર્સ્ટૅપ્પન ૩૮ સેકન્ડના તફાવતથી પાછળ રહી ગયો હતો. ■

# મહિલા બિગ બેશ લીગમાં રમશે ભારતની છ મહિલા ક્રિકેટરો

સિડનીઃ ભારતીય મહિલા ટીમની છ ખેલાડીઓ ઓસ્ટ્રેલિયાની ડોમેસ્ટિક ટી-૨૦ લીગ મહિલા બિગ બેશ લીગમાં રમશે. આ તમામ ભારતીય ક્રિકેટરો અલગ-અલગ ટીમો દ્વારા પસંદ થયા બાદ આ લીગમાં રમતી જોવા મળશે. મહિલા બિગ બેશ લીગની શરૂઆત ૨૭ ઓક્ટોબરે એડિલેડમાં એડિલેડ સ્ટ્રાઈકર્સ અને બ્રિસ્બેન હીટ વચ્ચેની મેચથી થશે. એડિલેડ સ્ટ્રાઈકર્સે આ ટૂર્નામેન્ટ માટે ભારતીય ટીમની વાઇસ-કેપ્ટન સ્મૃતિ મંધાના સાથે કરાર કર્યો છે.

મંધાના ઉપરાંત દયાલન હેમલતા પર્થ સ્કોર્ચર્સ ટીમ સાથે જોડાશે. આ ટોપ ઓર્ડર બેટ્સમેન પ્રથમ વખત આ લીગનો ભાગ બનશે. વિકેટકીપર બેટ્સમેન યાસ્તિકા ભાટિયા પણ મહિલા બિગ બેશ લીગમાં ડેબ્યૂ કરશે. તે મેલબોર્ન સ્ટાર્સની ટીમ સાથે જોડાશે. ભારતીય ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા પણ આ ટીમનો ભાગ છે.

ફાસ્ટ બોલિંગની સાથે સારી બેટિંગ કરનાર શિખા પાંડેની પસંદગી બ્રિસ્બેન હીટ દ્વારા કરવામાં આવી છે. તે આખી સિઝન માટે ઉપલબ્ધ રહેશે કારણ કે તે ભારતની ટી-૨૦ વર્લ્ડ કપ ટીમનો ભાગ નથી. તે બ્રિસ્બેન હીટ ટીમમાં જેમિમાહ રોડ્રિગ્સ સાથે જોડાશે. ■

# ઈંગ્લેન્ડ સિરીઝ જીત્યુંઃ ઍટકિન્સને બે લેજન્ડ ટોની ગ્રેગ અને બોથમની બરાબરી કરી

લંડનઃ ઇંગ્લેન્ડે રવિવારે અહીં લોર્ડ્સમાં શ્રીલંકાને બીજી ટેસ્ટમાં પણ હરાવીને ત્રણ મેચવાળી સિરીઝમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી હતી. પાંચમી જ ટેસ્ટ રમી રહેલો ઑલરાઉન્ડર ગસ ઍટકિન્સન એક જ ટેસ્ટમાં સેન્ચુરી ફટકારવા ઉપરાંત દાવમાં પાંચ વિકેટ લેનાર ઇંગ્લેન્ડનો ટોની ગ્રેગ અને ઈયાન બોથમ પછીનો ત્રીજો ખેલાડી બન્યો છે. તેને મેન ઑફ ધ મેચનો અવોર્ડ આપવામાં આવ્યો હતો.

ઈયાન બોથમે ૧૯૭૮થી ૧૯૮૪ દરમ્યાન પાંચ વખત ટેસ્ટમાં સેન્ચુરી અને પાંચ વિકેટની સિદ્ધિ હાંસલ કરી હતી. એમાંની એક સિદ્ધિ તેણે વાનખેડે સ્ટેડિયમમાં (૧૯૮૦માં) મેળવી હતી.



ઍટકિન્સને લોર્ડ્સમાં પ્રથમ દાવમાં ૧૧૮ રન બનાવ્યા હતા અને બીજા દાવમાં ૬૨ રનમાં પાંચ વિકેટ લીધી હતી. પહેલા દાવમાં તેને બે વિકેટ મળી હતી.

ધનંજય ડી'સિલ્વાના સુકાનમાં શ્રીલંકાની ટીમ ૪૮૩ રનના લક્ષ્યાંકના જવાબમાં ૨૯૨ રનમાં ઑલઆઉટ થઈ જતાં ઑલી પોપની કેપ્ટન્સીમાં ઇંગ્લેન્ડે ૧૯૦ રનથી વિજય મેળવ્યો હતો.

બીજા દાવમાં ઍટકિન્સનની પાંચ વિકેટ ઉપરાંત ક્રિસ વોક્સ અને ઑલી સ્ટોને બે-બે વિકેટ લીધી હતી.

આ જીતમાં ઇંગ્લેન્ડના બેટર જો રૂટ (૧૪૩ રન અને ૧૦૩ રન)નું પણ મોટું યોગદાન હતું. તે કુલ ૩૪ ટેસ્ટ સદી સાથે હવે ઇંગ્લેન્ડના બેટર્સમાં નંબર-વન સેન્ચુરી મેકર બન્યો છે. ■

# ભારતને વર્લ્ડકપ જીતાડનારા પૂર્વ ક્રિકેટર કીર્તિ આઝાદની પત્નીનું નિધન

કોલકત્તાઃ ટીમ ઈન્ડિયાના પૂર્વ ખેલાડી અને ટીએમસીના સાંસદ કીર્તિ આઝાદની પત્નીનું સોમવારે નિધન થયું હતું. કીર્તિ આઝાદે પોતે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પત્નીના નિધનની માહિતી આપી હતી. તેમણે એમ પણ કહ્યું છે કે તેમના અંતિમ સંસ્કાર દુર્ગાપુરમાં કરવામાં આવશે. કીર્તિ આઝાદે કહ્યું, મારી પત્ની પૂનમ હવે આ દુનિયામાં નથી. તેણે બપોરે ૧૨:૪૦ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. તમારી શ્રદ્ધાંજલિ બદલ આપ સૌનો આભાર. ભૂતપૂર્વ ક્રિકેટરે લખ્યું હતું કે અંતિમ સંસ્કાર દામોદર વેલી સ્મશાનગૃહમાં સાંજે ૪ વાગ્યે કરવામાં આવશે. તેને દુર્ગાપુરની આ જગ્યા ખૂબ જ પસંદ હતી.

નોંધનીય છે કે કીર્તિ આઝાદ ૧૯૮૩માં કપિલ દેવના નેતૃત્વમાં વર્લ્ડકપ જીતનારી ટીમ ઇન્ડિયાનો ભાગ હતા. જો કે, હાલમાં તે રાજકારણમાં છે અને દરભંગા સંસદીય મતવિસ્તારમાંથી ટીએમસી સાંસદ છે. પૂનમ આઝાદ પણ લાંબા સમયથી રાજકારણમાં હતાં. તેમણે દિલ્હી વિધાનસભાની ચૂંટણી લડી હતી. કોંગ્રેસે તેમને ૨૦૨૦ની ચૂંટણીમાં સંગમ વિહાર વિધાનસભા ક્ષેત્રમાંથી મેદાનમાં ઉતાર્યા હતા, પરંતુ તેઓ જીત્યાં ન હતાં. તેઓ ૨૦૧૬માં આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા અને તે પહેલા તે દિલ્હી બીજેપીની પ્રવક્તા હતા. ■

# ઈતિહાસ રચવાની નજીક બાંગ્લાદેશ, પ્રથમ વાર પાકિસ્તાન સામે જીતી શકે છે ટેસ્ટ સિરીઝ

રાવલપિંડીઃ રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમમાં પાકિસ્તાન સામે રમાઇ રહેલી બીજી ટેસ્ટમાં બાંગ્લાદેશની ટીમ ઇતિહાસ રચવાની નજીક પહોંચી ગઇ છે. બીજી ટેસ્ટ મેચ જીતવા માટે બાંગ્લાદેશને ૧૮૫ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. ટેસ્ટ મેચના ચોથા દિવસના અંતે બાંગ્લાદેશે એક પણ વિકેટ ગુમાવ્યા વિના ૪૨ રન કરી લીધા છે. પાકિસ્તાનનો બીજો દાવ માત્ર ૧૭૨ રનમાં સમેટાઈ ગયો હતો, જેના કારણે હવે બાંગ્લાદેશને બીજી ઈનિંગમાં જીતવા માટે ૧૮૫ રનનો લક્ષ્યાંક મળ્યો છે. જો બાંગ્લાદેશ નઝમુલ શાંતોની કેપ્ટનશીપમાં આ મેચ જીતવામાં સફળ રહેશે તો તે ઈતિહાસ રચશે. બાંગ્લાદેશની ટીમ આજ સુધી પાકિસ્તાન સામે એકપણ ટેસ્ટ સિરીઝ જીતી શકી નથી.

પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચેની બીજી ટેસ્ટ મેચનો પ્રથમ દિવસ વરસાદમાં ધોવાઈ ગયો હતો. જે બાદ ખાસ કરીને ઝડપી બોલરોને પિચમાંથી ઘણી મદદ મળી હતી. મેચમાં અત્યાર સુધીમાં કુલ ૩૦ વિકેટ પડી છે જેમાંથી ૨૨ ઝડપી બોલરોએ લીધી છે.

પ્રથમ દાવમાં ૨૬ રનમાં ૬ વિકેટ ગુમાવ્યા બાદ મેહદી હસન (૭૮) અને લિટન દાસ (૧૩૮) સાતમી વિકેટ માટે ૧૬૫ રનની શાનદાર ભાગીદારી કરીને ટીમને મેચમાં પરત લાવ્યા હતા. ચોથા દિવસે ચાના વિરામના સમય સુધીમાં બાંગ્લાદેશે ૬ ઓવરમાં કોઈ વિકેટ ગુમાવ્યા વિના ૩૭ રન કરી લીધા હતા.

પાકિસ્તાનની ટીમે દિવસની શરૂઆત બે વિકેટે નવ રનથી કરી હતી. અનુભવી તસ્કીન અહેમદે ઓપનર સૈમ અયુબ (૨૦)ને કેપ્ટન નઝમુલ હસન શાંતોના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. પાકિસ્તાનના કેપ્ટન શાન મસૂદે (૨૮) પોતાની ઇનિંગમાં ચાર ચોગ્ગા ફટકાર્યા હતા, પરંતુ રાણાએ ઓફ સ્ટમ્પની બહાર બોલને ફટકાર્યો હતો અને વિકેટકીપર લિટન દાસના હાથે કેચ થયો હતો. આ જ રીતે સઈદ શકીલ (૦૨)ને આઉટ કર્યા બાદ રાણાએ બાબર આઝમ (૧૧)ને પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો. શાદમાન ઈસ્લામે બાબરને સ્લિપમાં કેચ કરાવ્યો હતો. જો બાંગ્લાદેશ આ મેચ જીતવામાં કે ડ્રો કરવામાં સફળ રહે છે તો પાકિસ્તાન સામેની ટેસ્ટ શ્રેણીમાં તે તેની પ્રથમ જીત હશે.

બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે પ્રથમ દ્વિપક્ષીય ટેસ્ટ શ્રેણી ૨૦૦૨માં રમાઈ હતી. ત્યારપછી બંને ટીમો વચ્ચે ૬ સિરીઝ રમાઈ છે, પરંતુ દરેક વખતે પાકિસ્તાનની ટીમ વિજયી રહી છે. વર્તમાન શ્રેણીમાં બાંગ્લાદેશે પ્રથમ મેચ ૧૦ વિકેટથી જીતી લીધી હતી. ■

# પેરાલિમ્પિકઃ ગુજરાતની ભાવિના પટેલે ટેબલ ટેનિસમાં કર્યું શાનદાર પ્રદર્શન, ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી



પેરિસઃ ટોક્યો પેરાલિમ્પિકની સિલ્વર મેડલ વિજેતા ગુજરાતની ભાવિના પટેલે રવિવારે મેક્સિકોની માર્થા વર્ડિનને ૩-૦થી હરાવીને પેરાલિમ્પિકમાં મહિલા સિંગલ્સ કેટેગરી ૪ ટેબલ ટેનિસ ઇવેન્ટના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ભાવિનાએ ૧૬ના છેલ્લા રાઉન્ડમાં માર્થાને ૧૧-૩, ૧૧-૬, ૧૧-૭થી હરાવી હતી.

ગુજરાતની ૩૭ વર્ષીય ખેલાડી હવે ક્વાર્ટર ફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચીનની યિંગ ઝોઉ સામે ટકરાશે. ચીનની ખેલાડીએ ટોક્યો પેરાલિમ્પિકની ફાઇનલમાં ભાવિનાને હરાવી હતી.

કેટેગરી ૪ ના ખેલાડીઓ હાથ વ્હીલચેરમાં બેસીને સ્પર્ધા કરે છે. તેમની દુર્બળતા કરોડરજ્જુના ઘા અથવા મગજના લકવાના કારણે હોઈ શકે છે. ભાવિના નાની ઉંમરે પોલિયોનો ભોગ બની હતી.

પેરા ટેબલ ટેનિસની દુનિયામાં તેની સફર ત્યારે શરૂ થઈ જ્યારે તેણે ૨૦૦૯માં નેશનલ ચેમ્પિયનશિપ જીતી હતી. આ પછી તેણે પાછું વળીને જોયું નથી.

ભાવિના ૨૦૨૨ પેરા કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ વિજેતા છે અને ૨૦૨૨ પેરા એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ વિજેતા છે. ■

# મેન્સ ડબલ્સમાં હાર સાથે રોહન બોપન્ના અને એબ્ડેનની જોડી યુએસ ઓપનમાંથી બહાર



ન્યૂયોર્કઃ યુએસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટના મેન્સ ડબલ્સમાં ભારતનો પડકાર ત્રીજા રાઉન્ડમાં રોહન બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયન સાથીદાર મેથ્યુ એબ્ડેનની હાર સાથે સમાપ્ત થઇ હતી.

બોપન્ના અને એબ્ડેનની બીજા ક્રમની જોડી રવિવારે રાત્રે રમાયેલી મેચમાં ૧૬મા ક્રમની આર્જેન્ટિનાની મેક્સિમો ગોન્ઝાલેઝ અને એન્ડ્રેસ મોલ્ટેનીની જોડી સામે ૬૬ મિનિટમાં ૧-૬, ૫-૭થી હારી ગઈ હતી. બોપન્ના અને એબ્ડેને આ વર્ષની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયન ઓપનમાં મેન્સ ડબલ્સનું ટાઇટલ જીત્યું હતું.

૪૪ વર્ષીય બોપન્નાએ ડેવિસ કપમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે અને તે જોવાનું રસપ્રદ રહેશે કે શું તે જાન્યુઆરી ૨૦૨૫માં ઓસ્ટ્રેલિયન ઓપનમાં પોતાના ટાઈટલનો બચાવ કરવા કોર્ટમાં ઉતરશે કે નહીં.

સુમિત નાગલ શરૂઆતના રાઉન્ડમાં હાર સાથે મેન્સ સિંગલ્સની બહાર થઈ ગયો હતો, જ્યારે યુકી ભાંબરી અને એન.શ્રીરામ બાલાજી અગાઉ ટૂર્નામેન્ટના વિવિધ તબક્કામાં મેન્સ ડબલ્સમાં હારી ગયા હતા. જોકે બોપન્ના મિક્સ્ડ ડબલ્સમાં રમશે જ્યાં તેણે ઇન્ડોનેશિયાની અલ્દિલા સુતજિયાદી સાથે જોડી બનાવી છે. ■

# સોમવતી અમાસે સેન્સેક્સ અને નિફ્ટીએ નવા ઓલ ટાઈમ હાઈ લેવલ પર પહોંચીને આગેકૂચ ચાલુ રાખી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિદેશી ભંડોળના પ્રવાહ અને યુએસ બજારોમાં તેજીને ટ્રેક કરતા બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીએ સોમવારે તેમની નવી ઓલટાઇમ ક્લોઝિંગ ઊંચી સપાટીને સ્પર્શી હતી, યુએસ રેટ કટની આશા અને વિદેશી ફંડોની નવેસરની લેવાલીથી શરૂ થયેલો ડોલરનો પ્રવાહ સ્થાનિક ઇક્વિટી બજારમાં તાજેતરની તેજીને વેગ આપી રહ્યોહોવાનું ટ્રેડર્સે જણાવ્યું હતું.

સતત દસમા સત્રમાં ઉછાળા સાથે ત્રીસ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૧૯૪.૦૭ પોઈન્ટ અથવા ૦.૨૪ ટકા ઉછળીને ૮૨,૫૫૯.૮૪ પોઇન્ટની સર્વકાલીન ટોચે બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન, તે ૩૫૯.૫૧ પોઈન્ટ અથવા ૦.૪૩ ટકા વધીને ૮૨,૭૨૫.૨૮ પોઇન્ટની નવી ઈન્ટ્રા-ડે રેકોર્ડ ટોચે અથડાયો હતો.

એ જ રીતે, એનએસઇનો નિફ્ટી ૪૨.૮૦ પોઈન્ટ્સ અથવા ૦.૧૭ ટકા વધીને ૨૫,૨૭૮.૭૦ પોઇન્ટની જીવનકાળની સર્વોચ્ચ સપાટીએ સેટલ થઈ ગયો હતો, જેણે સતત ૧૩મા દિવસે તેની જીતની આગેકૂચ ચાલુ રાખી હતી. દિવસ દરમિયાન, તે ૯૭.૭૫ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા વધીને ૨૫,૩૩૩.૬૫ પોઇન્ટની નવી ઓલ-ટાઇમ ઇન્ટ્રા-ડે ટોચ સુધી પહોંચ્યો હતો.

સેન્સેક્સની ત્રીસ કંપનીઓમાં બજાજ ફિનસર્વ, બજાજ ફાઇનાન્સ, એચસીએલ ટેક, ઇન્ડસઇન્ડ બેન્ક, આઇટીસી, અલ્ટ્રાટેક સિમેન્ટ, એક્સિસ બેન્ક અને ઇન્ફોસિસ સૌથી વધુ વધ્યા હતા. બીજી તરફ, ટાટા મોટર્સ, એનટીપીસી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ભારતી એરટેલ, લાર્સન એન્ડ ટુબ્રો અને પાવર ગ્રીડ સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતાં. બજાજ ફિનસર્વ ૩.૨૬ ટકાના વધારા સાથે, બજાજ ફાઇનાન્સ ૨.૭૭ ટકાના વધારા સાથે બંધ થયા છે. હૈદરાબાદની સોક્સ અને કોટન પ્રોડક્ટ ઉત્પાદક ફિલાટેક્સ ફેશન્સ લિમિટેડની માઇનીંગ સબ્સિડી ફિલાટેક્સ માઇન્સ એન્ડ એન્ડ મિનરલ પ્રાઇવેટ લિમિટેડે એક મહિનાના સમયગાળામાં રૂ. ૬૬૧ કરોડના નિકાસ ઓર્ડર પ્રાપ્ત કર્યા છે. આ સિવાય એચસીએલ ટેક ૨.૭૨ ટકા, ઇન્ડસઇન્ડ બેન્ક ૧.૫૫ ટકા, આઇટીસી ૧.૫૨ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૧૦ ટકા ઊછળ્યો હતો.

એક્સિસ બેન્ક ૧.૦૬ ટકા, ઇન્ફોસિસ ૦.૮૯ ટકા, એશિયન પેઇન્ટ્સ ૪૮ ટકા અને એસબીઆઇ ૦.૭૮ ટકાના ઉછાળા સાથે બંધ રહ્યો હતો. જાણીતી રેલવે ઓક્ઝિલરી કોન્સીર્જ સર્વિસ પ્રોવાઇડર ક્રેસન્ડા રેલવે સોલ્યુશન્સની સબ્સિડરી માસ્ટરમાઇન્ડ એડવર્ટાઇઝિંગ પ્રાઇવેટ લિમિટેડને સિંગાપોરમાં યોજાનાર ઉત્તરાખંડ મેટ્રો, રેલ, પીઆરટી, રોપવે પ્રોજેક્ટ ઇન્વેસ્ટર સમિટ બીટુબીની એક્સક્લુઝીવ સ્પોન્સરશિપ મળી છે. ઘટતા શેરોમાં ટાટા મોટર્સ ૧.૫૧ ટકા, એનટીપીસી ૧.૪૫ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૧.૧૮ ટકા, ભારતી એરટેલ ૦.૯૦ ટકા, એલએન્ડટી ૦.૭૩ ટકા ગબડ્યો હતો.

પાવર ગ્રીડ ૦.૫૬ ટકા અને ટીસીએસ ૦.૫૦ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે. ભારતની ઇન્ટિગ્રેટેડ શિપિંગ એન્ડ સોલ્યુશન પ્રોવાઇડર કંપની લેન્સર કન્ટેનર લાઇન્સ લિમિટેડે ઇન્ડોનેશિયાની અગ્રણી કંપની પીટી મેપ ટ્રાન્સ લોજિસ્ટિક સુરાબાયા સાથે ૧૦,૦૦૦ ટીઇયુના લીઝીંગ માટે કરાર કર્યા છે. કંપની હાલની ૨૦,૦૦૦ ટીઇયુની ક્ષમતા વિસ્તારીને ૨૦૨૬ સુધીમાં ૪૦,૦૦૦ કરવા માગે છે. એશિયન બજારોમાં, સિઓલમાં સકારાત્મક ક્ષેત્રે વેપાર થયો હતો, જ્યારે ટોકિયો, શાંઘાઈ અને હોંગકોંગ નીચા મથાળે ક્વોટ થયા હતા.

યુરોપના મોટાભાગના બજારો બપોરના સત્ર સુધી નેગેટિવ ઝોનમાં અથડાતા રહ્યં હોવાના અહેવાલ હતા. શુક્રવારે અમેરિકન બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા. વૈશાલી ફાર્માના ડિરેક્ટર બોર્ડે નિયમનકારી શરતો અને શેરધારકોની મંજૂરીને આધિન ૧:૧ના રેશિયોમાં બોનસ શેરની અને તે જ સાથે સ્ટોક સ્પ્લિટની ભલામણ કરી છે. કંપની હાલના રૂ. ૧૦ની મૂળ કિંમત ધરાવતા શેરની પ્રત્યેક બે રૂપિયાની મૂળ કિંમતના શેરમાં વિભાજન કરી રહી છે.

એક્સચેન્જના ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૫,૩૧૮.૧૪ કરોડની ઇક્વિટી ખરીદી હતી. ગ્લોબલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૧૪ ટકા વધીને ૭૭.૦૪ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. સારી ગુણવત્તાવાળા લાર્જકેપ્સના એક્યુમ્યુલેશનનો ટેકો મળવાને કારણે બજાર સ્થિર પરંતુ હળવા અપમૂવના ક્ષેત્રમાં પ્રવેશ્યું હોવાનું જણાવતાં જીઓજીત ફાયનાન્સિયલ સર્વિસીસના ચીફ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે કહ્યું હતું કે, એફઆઇઆઇ ગયા અઠવાડિયે મુખ્યત્વે કેટલાક મોટા બલ્ક સોદાઆ સાથે લેવાલી તરફ વળ્યા છે.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૧ વધ્યા અને નવ નુકસાન સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેર્સમાંથી ૨૭ શેર લાભ સાથે અને ૨૩ શેર નુકસાન સાથે બંધ થયા હતા. બીએસઈ પર કુલ ૪૧૮૭ શેરનું ટ્રેડિંગ થયું હતું જેમાં ૧૭૭૬ શેર ઉછાળા સાથે બંધ થયા હતા જ્યારે ૨૨૫૮ શેર નુકસાન સાથે બંધ થયા હતા. જ્યારે ૧૫૧ શેરના ભાવમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી.

આ સત્રમાં રોકાણકારોની સંપત્તિમાં ઉછાળો આવ્યો છે. બીએસઇ પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪૬૪.૮૪ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું, જે અગાઉના સત્રમાં રૂ. ૪૬૪.૩૯ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું. આ રીતે આ સત્રમાં રોકાણકારોની સંપત્તિમાં ૪૫૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયો છે.

અમુક એનાલિસ્ટ અનુસાર એફઆઇઆઇની લેવાલી વાસ્તવમાં ઘટી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, જુલાઈમાં રૂ. ૩૨૩૬૫ કરોડની સરખામણીએ ઓગસ્ટમાં માત્ર રૂ. ૭૩૨૦ કરોડના ચોખ્ખા રોકાણ સાથે ઇક્વિટીમાં એફપીઆઇ રોકાણ સતત ઘટી રહ્યું છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોના ઘટી રહેલા રસનું મૂળભૂત કારણ ભારતીય બજારમાં શેરોનું વધુ પડતું ઊંચું મૂલ્યાંકન છે. ભારત હવે વિશ્વનું સૌથી મોંઘું બજાર છે.

વિદેશી ફંડો પાસે ખૂબ સસ્તા બજારોમાં રોકાણ કરવાની તકો છે અને તેથી તેમની પ્રાથમિકતા ભારત સિવાયના બજારો છે. એફઆઇઆઇ જે ખરીદી કરે છે તેમાંથી મોટાભાગની ખરીદી પ્રાથમિક મૂડીબજાર અને અન્ય શ્રેણી મારફત થાય છે. વધુ પડતા ઊંચા વેલ્યુએશનને કારણે કેશ માર્કેટમાં તેઓ સતત વેચાણકર્તા રહ્યા છે. એફપીઆઇ ડેટ માર્કેટમાં ખરીદી કરે છે કારણ કે આ વર્ષે ભારતીય રૂપિયો સ્થિર છે અને આ સ્થિરતા ચાલુ રહેવાની અપેક્ષા છે.

બજારના સધનો અનુસાર શેરબજારના સેન્ટિમેન્ટ પર તાત્કાલિક અને મોટી અસર કરી શકે એવા પરિબળો હાલ તો મોજૂદ નથી અને તાજેતરમાં એવું જોવા મળ્યું છે કે બજારના માનસ પર વાસ્તવમાં અર્થતાંત્રિક, રાજકીય કે કુદરતી આફત જેવા પરિબળો પણ ખાસ સર કરતા નથી! આવા પરિબળોમાં વિવિધ દેશના જીડીપી કે ફૂગાવાના આંકડા, રશિયા અને યુક્રેન વચ્ચેની યુદ્ધ, ઇઝરાયલ અને હમાસના ઘસરણ કે પછી કોરોના સહિતના રોગચાળાની સંભાવનાના રિપોર્ટનો સમાવેશ થઇ શકે છે.

ટોચના ટેક્નિકલ નિષ્ણાતો અનુસાર નિફ્ટી હાલ ૨૫,૪૦૦ના સ્તર સુધીની આગેકૂચ નોંધાવ્યા અગાઉ કોન્સોલિડેશનની ચાલ બતાવી શકે છે. હવે નિફ્ટી માટે ૨૫,૦૦૦નું સ્તર ટેકાની સપાટી બનશે. દરમિયાન, બેન્ક નિફ્ટીએ ૫૨,૦૦૦ તરફ આગળ વધવા માટે ૫૧,૫૦૦થી ઉપર મક્કમ બંધ આપવો પડશે અને એ સ્તર ટકાવી રાખવું પડશે. નિષ્ણાતોની ગણતરી અનુસાર, બેમન્ક નિફ્ટીમાં ત્યાં સુધી ૫૧,૦૦૦ સપોર્ટ સાથે કોન્સોલિડેશન ચાલુ રહેશે.

શુક્રવારે સતત નવમા સત્રમાં તેજી સાથે, બીએસઇ બેન્ચમાર્ક ૨૩૧.૧૬ પોઈન્ટ અથવા ૦.૨૮ ટકા વધીને ૮૨,૩૬૫.૭૭ની સર્વકાલીન ટોચે બંધ રહ્યો હતો. એ જ રીતે, ૧૯૯૬માં તેની શરૂઆત પછી તેની શ્રેષ્ઠ જીતની શ્રેણીમાં, એનએસઇન નિફ્ટી ૮૩.૯૫ પોઈન્ટ્સ અથવા ૦.૩૩ ટકાના ઉછાળા સાથે ૨૫,૨૩૫.૯૦ પોઇન્ટની નવી જીવનકાળની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જે સતત ૧૨મા દિવસે તેના વિજયી યાત્રા રહી હતી.

સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૨,૩૬૫.૭૭ના બંધથી ૧૯૪.૦૭ પોઈન્ટ્સ (૦.૨૪ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૦.૪૬ લાખ કરોડ વધીને રૂ.૪૬૪.૮૫ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૨,૭૨૫.૨૮ ખૂલીને ઊંચામાં ૮૨,૭૨૫.૨૮ સુધી અને નીચામાં ૮૨,૪૪૦.૯૩ સુધી જઈને અંતે ૮૨,૫૫૯.૮૪ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૧૮ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૨ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૧૮૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૭૭૬ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૨૬૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૪૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૩૩૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૩૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૦૩ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૭ ટકા ઘટ્યો હતો.

સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૩ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૨૦ ટકા વધ્યો હતો.

# ઈથેનોલ માટે ચોખાના વેચાણનો પ્રતિબંધ ઉઠાવી લેવાયોઃ એફસીઆઈ ૨૩ લાખ ટન ચોખાનું ઓકશન કરશે

મુંબઈ : ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ)ના સ્ટોકસમાંથી ૨૩ લાખ ટન્સ ચોખા અનાજમાંથી ઈથેનોલ ઉત્પાદન કરતી ડિસ્ટિલરીસને પૂરા પાડવા સરકારે મંજુરી આપી છે. ડિસ્ટિલરીસને ચોખાના વેચાણ પર ગયા વર્ષે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ યોજાનારા ઈ-ઓકશન્સમાં ભાગ લેવા સરકારે ઈથેનોલ ઉત્પાદકોને મંજુરી આપી હોવાનું એક યાદીમાં જણાવાયું હતું. સરકાર પાસે હાલમાં ૫૪૦ લાખ ટન્સથી વધુ ચોખાનો સ્ટોકસ પડયો છે અને વર્તમાન ખરીફ મોસમમાં ચોખાનું ઉત્પાદન ઊંચુ રહેવાની અપેક્ષા છે.

ઈથેનોલ ડિસ્ટિલરીસને વધુમાં વધુ ૨૩ લાખ ટન્સ ચોખા ઉપાડવા દેવાશે, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. ઈથેનોલ ઉત્પાદકો સાપ્તાહિક ઈ-ઓકશન્સ મારફત આ ખરીદી કરી શકશે. ગયા વર્ષના જુલાઈમાં સરકારે ઈથેનોલના ઉત્પાદન માટે ચોખાના વેચાણ પર પ્રતિબંધ મૂકયો હતો. વધારાના સ્ટોકસનું સંચાલન કરવા એફસીઆઈ ખાનગી ટ્રેડરોને ચોખાના વેચાણ માટે ઈ-ઓકશન્સ હાથ ધરે છે.

અન્ય એક નિર્ણયમાં સરકારે ઈથેનોલના ઉત્પાદન માટે ખાંડના પૂરવઠા પરની મર્યાદા નાબુદ કરી હતી. ઈથેનોલ સપ્લાય યર (ડીસેમ્બરથી નવેમ્બર) ૨૦૨૪-૨૫ માટે આ પ્રતિબંધ ઉઠાવી લેવાયો છે. સરકારના નોટિફિકેશન પ્રમાણે, ખાંડ મિલો તથા ડિસ્ટિલરીસ શેરડીના રસ/ખાંડ સિરપ, બી-હેવી મોલાસિસ તથા સી-હેવી મોલાસિસમાંથી ઈથેનોલ સપ્લાય યર (ડીસેમ્બરથી નવેમ્બર) ૨૦૨૪-૨૫ દરમિયાન ઈથેનોલનું ઉત્પાદન કરી શકશે.

# સોનામાં જબરી પીછેહઠ, ચાંદીમાં ₹ ૨,૨૩૯નો જોરદાર કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઝવેરી બજારમાં દિવસની શરૂઆતથી જ સોનાચાંદીમાં જબરી પીછેહઠ જોવા મળી હતી અને ખાસ કરીને ચાંદીમાં તો જોરદાર કડાકો નોંધાયો હતો. જોકે, ચાંદીમાં સત્રના પાછલા ભાગમાં લેવાલીનું દબાણ વધી જવાને કારણે આ કિંમતી ધાતુના ભાવ વધી નીચી સપાટીએ ગબડ્યાં હતા. જોકે, સોનામાં નીચા મથાળે લેવાલીનો ટેકો મળતા તે સત્રની નીચી સપાટીથી સહેજ પાછાં ફર્યા હતા, જોકે પાછલા બંધ સામે નીચા સ્તરે જ રહ્યાં હતાં.

બુલિયન ડીલરો અનુસાર બજારને નવું ટ્રીગર નહીં મળે ત્યાં સુદી કિંમતી ધાતુના ભાવ દબાણ હેઠળ રહેશે. સત્રની શરૂઆતે ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૭૧,૯૫૮ના પાછલા બંધ સામે રૂ. ૫૨૧ના ઘટાડા સાથે રૂ. ૭૧,૪૩૭ની સપાટીએ ખૂલ્યું હતું. સત્રના પાછલા ભાગમાં નવેસરની લેવાલીનો ટેકો મળતાં અંતે તે સહેજ પાછું ફરીને રૂ. ૪૪૭ના ઘટાડા સાથે રૂ. ૭,૧૫૧૧ પ્રતિ દસ ગ્રામના ભાવે બંધ રહ્યું હતું. એ જ રીતે, ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૭૧,૬૭૦ના પાછલા બંધ સામે દસ ગ્રામદીઠ રૂ. ૫૧૯ના ઘટાડા સાથે રૂ. ૭૧,૧૫૧ની સપાટીએ ખૂલ્યું હતું. સત્રના પાછલા ભાગમાં નવેસરની લેવાલીનો ટેકો મળતાં નીચા મથાળાથી સહેજ પાછું ફરીને અંતે તે રૂ. ૪૪૫ પ્રતિ દસ ગ્રામના ઘટાડા સાથે રૂ. ૭,૧૫૧૧ ભાવે બંધ રહ્યું હતું.

જ્યારે, .૯૯૯ ટચની હાજર ચાંદી એક કિલો દીઠ રૂ. ૮૫,૦૧૯ની પાછલી બંધ ભાવ સપાટી સામે રૂ. ૨૬૪૦ના જોરદાર કડાકા સાથે રૂ. ૮૨,૩૭૬ની સપાટીએ ખૂલી હતી. સત્રના પાછલા ભાગમાં વેચવાલીનું દબાણ વધવાથી તે ઓર નીચી સપાટીએ ગબડીને અંતે કિલોદીઠ રૂ. ૨,૨૩૯ના કડાકા સાથે રૂ. ૮૨,૭૮૦ની સપાટીએ બંધ થઇ હતી.

અગ્રણી એનાલિસ્ટે જણાવ્યું હતું કે પાછલા સપ્તાહ દરમિયાન બજારના સહભાગીઓ નવા ટ્રીગરની રાહ જોતા હોવાથી, કોમેક્સમાં ૨,૪૯૫ થી ૨,૫૨૯ ડોલર અને વાયદા બજારમાં રૂ. ૭૧,૫૦૦થી રૂ. ૭૨,૨૫૦ની રેન્જમાં સોનામાં કામકાજ થયું હતું.

અમેરિકામાં ૦.૨૫ બેસિસ પોઇન્ટ જેટલા વ્યાજ દરમાં ઘટાડો પહેલાથી જ ડિસાકાઉન્ટ થઇ ગયો છે, સોનામાં કોઈપણ વધુ વધારા માટે ફેડરલ રિઝર્વ તરફથી વધુ ડોવિશ વલણની જેમ કે ૦.૫૦ બેસિસ પોઇન્ટનો કટ અથવા રેટ કટની ઝડપી ગતિની જરૂર પડશે. નહિંતર, આ સપ્તાહમાં સોનું ૨,૪૫૦થી ૨,૫૩૦ ડોલરની રેન્જમાં એકીકૃત થવાનું ચાલુ રાખી શકે છે.

વાયદા બજારમાં રૂ. ૭૨,૫૦૦ ઝોનની આસપાસ પ્રતિકાર સ્પષ્ટપણે દેખાય છે, તેથી રૂ. ૭૨,૨૦૦થી રૂ. ૭૨,૫૦૦ના સ્તરની નજીક ખરીદી કરતી વખતે સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવે છે.

# એફપીઆઇ માટે માર્કેટ રેગ્યુલેટર સેટલમેન્ટની શરતો હળવી કરશે, રેમીટન્સ ઝડપી બનવાની અપેક્ષા

નવી દિલ્હીઃ માર્કેટ રેગ્યુલેટર સેબી વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો માટે એક મિકેનિઝમ બનાવવા પર કામ કરી રહી છે જેથી તેઓને સેટલમેન્ટના દિવસે તેમના નાણાં મળી રહે જેનાથી વિદેશી રોકાણકારો બજારમાં અન્ય રોકાણકારોની સમકક્ષ આવશે. ગ્લોબલ ફિનટેક ફેસ્ટમાં બોલતા, સેબીના હોલ-ટાઇમ મેમ્બર અનંત નારાયણે જણાવ્યું હતું કે માર્કેટ રેગ્યુલેટર કસ્ટોડિયનને એ સુનિશ્ચિત કરવા કહી રહ્યું છે કે એફપીઆઈને વેપારના બીજા દિવસે (ટી પ્લસ વન) તેમના નાણાં મળે, જે અગાઉ ટી પ્લસ ટુ હતા. સૂચિત પગલું કસ્ટોડિયનો પાસે પડેલા લગભગ એક લાખ કરોડ રૂપિયાના ઝડપી રેમિટન્સમાં મદદ કરશે. આ નાણા ગ્રાહકોના છે, જે મધ્યસ્થીઓ પાસે પડેલા છે, જેના પર કેટલીકવાર સંસ્થાઓ વ્યાજ પણ કમાય છે. એવી આશા છે કે ઓક્ટોબર ૨૦૨૪થી કસ્ટોડિયન્સ સેટલમેન્ટના દિવસે જ એફપીઆઈને ભંડોળ પૂરું પાડી શકશે. આ વર્ષે જાન્યુઆરીથી ભારતીય બજાર સંપૂર્ણપણે ટી પ્લસ વન સેટલમેન્ટ સાઇકલ તરફ આગળ વધી ગયું છે, પરંતુ મોટા ભાગના એફપીઆઈ હજુ પણ ટી પ્લસ ટુ કે પછીના દરે સિક્યોરિટીઝ વેચ્યા પછી તેમના નાણાં મેળવે છે. વધુમાં, ભારત માર્ચમાં વીટા વર્ઝન લોન્ચ થયા પછી તે જ દિવસના સમાધાનનું પરીક્ષણ કરી રહ્યું છે. જો કે, આ કેસમાં પ્રતિસાદ સુસ્ત રહ્યો છે. હાલમાં, કસ્ટોડિયન પતાવટ પછી જ ટેક્સ કન્સલ્ટન્ટને વિગતવાર વ્યવહારની વિગતો પ્રદાન કરે છે, જે ટી પ્લસ વન છે. જે પછી કન્સલ્ટન્ટ્સ ચા વત્તા એક સાંજે ટેક્સની ગણતરી કરે છે. આવી સ્થિતિમાં, આ રકમ એફપીઆઈને માત્ર ટી પ્લસ ટુ અથવા તેના પછીના સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. કસ્ટોડિયન્સ ટી પ્લસ ઝીરો પર ક્લિયરિંગ કોર્પોરેશન પાસેથી મળેલા ઇનપુટ્સના આધારે એફપીઆઈ ટ્રાન્ઝેક્શનની વિગતો આપશે. જેથી ટેક્સની ઔપચારિકતા ટી પ્લસ વન પર જ પૂર્ણ કરી શકાય. આ સાથે, રકમ તે જ દિવસે મોકલી શકાય છે. રેગ્યુલેટર આ અંગે ચાર મોટી કન્સલ્ટન્ટ કંપનીઓ સાથે વાતચીત કરી રહ્યું છે અને કસ્ટોડિયન સાથે પણ સંપર્કમાં છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

AEM/OD/૪૬/ તા. ૨૬.૦૮.૨૦૨૪

**ક્વોટેશન નોટિસ**

R/સાઉથ વોર્ડના આસી. મ્યુનિસિપલ કમિશનર R/S વોર્ડમાં કુદરતી તળાવ માટે કાંદિવલી તળાવ, બંદરપખાડી તળાવ, ચારકોપ તળાવ કાંદિવલી (પશ્ચિમ) ખાતે વિસર્જન દરમિયાન ફોર્કલીફટના હાયરીંગ માટે ક્વોટેશન માટે સીલબંધ ક્વોટેશન મંગાવે છે. ક્વોટેશન આસીસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર R/સાઉથ વોર્ડને સંબોધીને અને "R/S વોર્ડમાં કુદરતી તળાવ માટે કાંદિવલી તળાવ, બંદરપખાડી તળાવ, ચારકોપ તળાવ, કાંદિવલી (પશ્ચિમ) ખાતે વિસર્જન દરમિયાન ફોર્કલીફટના હાયરીંગ માટે ક્વોટેશન" તરીકેનું મથાળું કરેલું હોવું જોઈએ.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ (રૂ.) | સ્કુટીની ફી | ફોર્મનું વેચાણથી શરૂ થશે | સુપ્રતિની પાકતી તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | R/S વોર્ડમાં કુદરતી તળાવ માટે કાંદિવલી તળાવ, બંદરપખાડી તળાવ, ચારકોપ તળાવ, કાંદિવલી (પશ્ચિમ) ખાતે વિસર્જન દરમિયાન ફોર્કલીફટના હાયરીંગ માટે ક્વોટેશન | રૂ. ૧૮,૦૦૦/- | ૧૩૨૦/- + ૧૮% GST (૨૩૭.૬૦/-) = કુલ ૧૫૫૭.૬૦/- એટલે કે ૧૫૫૮/- | ૩.૯.૨૪ના સ. ૧૧ ક.થી ૯.૯.૨૪ના સ. ૧૧ ક. સુધી | ૯.૯.૨૪ના સ. ૧૧ ક. સુધી |

નિયમો અને શરતો સાથે કોરા ક્વોટેશન ફોર્મ, એપ્લિકેશન ફોર્મ રૂ. ૧૫૫૮/-ની ચૂકવણી ૦૩.૦૯.૨૦૨૪ સ. ૧૧.૦૦થી ૦૯.૦૯.૨૦૨૪. સ. ૧૧.૦૦ સુધી (રજા સિવાય) ઉપરના સરનામે H.C. (એક્સપે.) પાસેથી ખરીદી શકાય છે.

રોકડા/ડિમાન્ડ ડ્રાફટમાં રૂા. ૧૮,૦૦૦/-ની ક્વોટેશન ડિપોઝિટ (બા.ર.ડી.) ઉપરોક્ત દર્શાવેલા સરનામે સુપ્રતિ તારીખ પહેલાં જ ચૂકવવી પડશે. બારડી ડિપોઝિટ ચેકના સ્વરૂપમાં સ્વીકારવામાં આવશે નહીં. લેકર સીલબંધ અરજી ફોર્મ તમામ આવશ્યક દસ્તાવેજો સાથે ૦૩.૦૯.૨૦૨૪ના સ. ૧૧.૦૦થી ૦૯.૦૯.૨૦૨૪ના સ. ૧૧.૦૦ સુધી સ્વીકારવામાં આવશે.

ટેન્ડરર યોગ્યપણે લેકર સિલબંધ તા. ૦૯.૦૯.૨૦૨૪ના સ. ૧૧.૦૦ કલાક કરતા મોડા નહીં તેમ સુપ્રત કરવા જોઈશે અને સદર ૦૯.૦૯.૨૦૨૪ના બ. ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

આસિસ્ટન્ટ કમિશનર R/સાઉથ વોર્ડ કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ ક્વોટેશન ફેરફાર કરવા અથવા રદ કરવાનો હક્ક અનામત રાખે છે.

સહી/-

PRO/1132/ADV./2024-25 આસિસ્ટન્ટ કમિશનર R/S વોર્ડ

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

AEM/OD/૫૦/ તા. ૨૬.૦૮.૨૦૨૪

**ક્વોટેશન નોટિસ**

R/સાઉથ વોર્ડના આસી. મ્યુનિસિપલ કમિશનર R/S વોર્ડમાં મીના સુથાર રોડ, કદમવાડી ગ્રાઉન્ડ, ચારકોપ-તળાવ, કાંદિવલી (પશ્ચિમ) ખાતે ગણપતિ વિસર્જન દરમિયાન કામચલાઉ મંડપના નિર્માણ માટે ક્વોટેશન માટે સીલબંધ ક્વોટેશન મંગાવે છે. ક્વોટેશન આસીસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર R/સાઉથ વોર્ડને સંબોધીને અને "R/S વોર્ડમાં મીના સુથાર રોડ, કદમવાડી ગ્રાઉન્ડ, ચારકોપ-તળાવ, કાંદિવલી (પશ્ચિમ) ખાતે ગણપતિ વિસર્જન દરમિયાન કામચલાઉ મંડપના નિર્માણ માટે ક્વોટેશન" તરીકેનું મથાળું કરેલું હોવું જોઈએ.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ (રૂ.) | સ્કુટીની ફી | ફોર્મનું વેચાણથી શરૂ થશે | સુપ્રતિની પાકતી તારીખ |
|---|---|---|---|---|---|
| ૦૧. | R/S વોર્ડમાં મીના સુથાર રોડ, કદમવાડી ગાઉન્ડ, ચારકોપ તળાવ, કાંદિવલી (પશ્ચિમ) ખાતે ગણપતિ વિસર્જન દરમિયાન કામચલાઉ મંડપના નિર્માણ માટે ક્વોટેશન | રૂ. ૨૦૦૦૦/- | ૧૩૨૦/- + ૧૮% GST (૨૩૭.૬૦/-) કુલ ૧૫૫૭.૬૦/- Say ૧૫૫૮/- | ૦૩.૦૯.૨૦૨૪ સ. ૧૧.૦૦ ક.થી ૦૯.૦૯.૨૦૨૪ સ. ૧૧.૦૦ | ૦૯.૦૯.૨૦૨૪ સ. ૧૧.૦૦ ક. સુધી |

નિયમો અને શરતો સાથે કોરા ક્વોટેશન ફોર્મ, એપ્લિકેશન ફોર્મ રૂ. ૧૫૫૮/-ની ચૂકવણી ૦૩.૦૯.૨૦૨૪ સ. ૧૧.૦૦થી ૦૯.૦૯.૨૦૨૪ બ. ૧૧.૦૦ સુધી (રજા સિવાય) ઉપરના સરનામે H.C. (એક્સપે.) પાસેથી ખરીદી શકાય છે.

રોકડા/ડિમાન્ડ ડ્રાફટમાં રૂા. ૨૦,૦૦૦/-ની ક્વોટેશન ડિપોઝિટ (બા.ર.ડી.) ઉપરોક્ત દર્શાવિલા સરનામે સુપ્રતિ તારીખ પહેલાં જ ચૂકવવી પડશે. બારડી ડિપોઝિટ ચેકના સ્વરૂપમાં સ્વીકારવામાં આવશે નહીં. લેકર સીલબંધ અરજી ફોર્મ તમામ આવશ્યક દસ્તાવેજો સાથે ૦૩.૦૯.૨૦૨૪ના સ. ૧૧.૦૦થી ૦૯.૦૯.૨૦૨૪ના સ. ૧૧.૦૦ સુધી સ્વીકારવામાં આવશે.

ટેન્ડરર યોગ્યપણે લેકર સિલબંધ તા. ૦૯.૦૯.૨૦૨૪ના સ. ૧૧.૦૦ કલાક કરતા મોડા નહીં તેમ સુપ્રત કરવા જોઈશે અને સદર ૦૯.૦૯.૨૦૨૪ના બ. ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.

આસિસ્ટન્ટ કમિશનર R/સાઉથ વોર્ડ કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ ક્વોટેશન ફેરફાર કરવા અથવા રદ કરવાનો હક્ક અનામત રાખે છે.

સહી/-

PRO/1136/ADV./2024-25 આસિસ્ટન્ટ કમિશનર R/S વોર્ડ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ગાર્ડન વિભાગ**

નં. DySG/Z-VII/ ૮૧/SGMC તા. ૦૩/૦૯/૨૦૨૪

**'ટેન્ડર નોટિસ'**

વિષયઃ- ઝોન-I થી ઝોન-VII ('A' થી 'T' વોર્ડ) સુધી ગાર્ડન વિભાગમાં વિવિધ ગાર્ડન/RG/PG/CM/T1 વગેરે.ની જાળવણી માટે ઝોન પ્રમાણે/ વોર્ડ પ્રમાણે એજન્સીઓની નિમણૂંક માટે ઈ-ટેન્ડર મંગાવવા.

સંદર્ભઃ- નં. AMC/ES/ ૬૦૯૮ તારીખ - ૩૦.૦૮.૨૦૨૪

ઉપરોક્ત ઉલ્લેખેલ વિષયના સંદર્ભમાં, ગાર્ડન વિભાગ ઝોન- I થી ઝોન-VII ( 'A' થી 'T' વોર્ડ) સુધી ગાર્ડન વિભાગમાં વિવિધ ગાર્ડન /RG/PG/CM/TI વગેરેની જાળવણી માટે ઝોન પ્રમાણે/ વોર્ડ પ્રમાણે એજન્સીઓની નિમણૂક માટે ઈ-ટેન્ડર મંગાવાય છે. આથી આપને મહાટેન્ડર વેબસાઈટ (https://mahatenders.gov.in)ની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે.

સહી/-

PRO/1138/ADV./2024-25 ગાર્ડન & ટ્રી ઓફિસરના અધિક્ષક

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

આસીસ્ટન્ટ કમિશનર, G/સાઉથ વોર્ડ, ૧લો માળ, N. M. જોષી માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૧૩ની ઓફિસ.

નં. AC/GS/ ૫૭૬/PCO /તા. ૩૦/૦૮/૨૦૨૪

**નોટિસ**

G/ સાઉથ વોર્ડમાં મલેરિયા અને ડેન્ગ્યૂના નિયંત્રણમાં ૦૩ મહિનામાં ૬૨ કામકાજના દિવસો માટે બિલ્ડિંગ કન્સ્ટ્રકશન સાઈટ્સ પર જંતુનાશક સારવાર આપવા માટે ૬૪ સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાવેલ સહકારી/ બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

રસ ધરાવતી સંસ્થાઓએ M.C.G.M. પોર્ટલ http://portal.mcgm.gov.in પર અરજીઓ ડાઉનલોડ કરવી જોઈએ અને પેસ્ટ કન્ટ્રોલ ઓફિસર, (પેસ્ટ કન્ટ્રોલ ઓફિસ G/ સાઉથ ૪થો માળ, N. M. જોષી માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦૦૧૩ ટેલિ. નં. ૦૨૨-૨૪૩૦૫૧૨૪, એક્ષ્ટે. - ૪૦૩/૪૦૭ ખાતે ઓફિસમાં સંપર્ક કરો.

પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ ખાતે અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૧૩/૯/૨૦૨૪ કામકાજના દિવસોમાં સાં. ૪.૦૦ ક. પહેલા છે.

સહી/-

(શ્રીમતી મૃદુલા એન્ડે)

PRO/1125/ADV./2024-25 આસીસ્ટન્ટ કમિશનર G/સાઉથ વોર્ડ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ ID નં. | ૨૦૨૪_MCGM_૧૦૭૮૩૧૪_૧ |
| સંસ્થાનું નામ | બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | ૧ વર્ષ માટે સાયન સ્મશાનભૂમિ ખાતે PNG ફર્નાસીઝ (૨ નં.)નો વ્યાપક સંચાલન અને નિભાવ કોન્ટ્રેક્ટનું કામ. |
| ટેન્ડરની સ્કુટીની ફીની કિંમત | રૂા. ૬૬૦૦/- (+૧૮% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત ખર્ચ) | રૂા. ૨૬,૧૪,૧૯૫/-(GST સિવાય) |
| બીડ સુરક્ષા જમા/ બારડી | રૂા. ૨૭,૦૦૦/- |
| ટેન્ડર જારી અને વેચાણની શરૂઆત તારીખ | ૩.૯.૨૦૨૪ના ૧૧ ક. થી |
| ટેન્ડર સુપ્રતિ માટેની અંતિમ તારીખ અને સમય બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૯.૯.૨૦૨૪ ૧૨ ક. સુધી |
| પેકેટ A, B અને પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૯.૯.૨૦૨૪ ૧૬ ક. સુધી |
| પ્રી-બીડ મીટીંગ | લાગું પડતું નથી |
| પેકેટ A ખુલશે (બીડ ખૂલશે) | ૧૦.૯.૨૦૨૪ના ૧૬.૦૦ ક.ના /બાદ |
| સંદેશ વ્યવહારનું સરનામું | ઓફિસઃ- ઈ. ઈ. મીકે. (સાઉથ) BMC, મ્યુનિ. વર્કશોપ, R. S. નીમકર માર્ગ, ભાયખલા (પ.), મુંબઈ-૪૦૦૦૦૮. |
| બીડ ખુલવાનું સ્થળ | E. E. મીકે. (સાઉથ)ની ઓફિસમાં ઓનલાઈન |
| A) સંપર્ક વ્યક્તિ | શ્રી એસ. એસ. પાટીલ |
| B) ટેલીફોન (ઓફીસ) | ૦૨૨-૨૩૦૮૩૦૫૧/૫૨/૫૩/૫૪ |
| C) ઈ-મેલ સરનામું | eemechsouth.me@mcgm.gov.in |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in/tenders, https://mahatenders.gov.in |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

BMC કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ અરજી સ્વીકારવા કે કોઈપણ કે તમામ અરજી નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-

PRO/1141/ADV./2024-25 એક્ઝી. એન્જિ. મીકે. (સાઉથ)

પાણી બચાઓ, પાણીનો દુર્વ્યય ટાળો.

પાવન પર્વાધિરાજમાં અ-શાંતિ

# માટુંગા જિનાલયમાં પર્યુષણમાં બખેડો

**પ્રતિક્રમણ કરવાને મુદ્દે બે પંથ વચ્ચે ધમાલ: પોલીસ બોલાવવી પડી: એફઆઈઆર નોંધાયો**

**પચ્ચીસ વર્ષ ચાલતી જૂની લડાઈમાં કયા પક્ષને માન્યતા: મામલો છે કોર્ટમાં**

**બે તિથિવાળાને હાઈ કોર્ટે ધાર્મિક વિધિ કરવાની મંજૂરી તો આપી, પણ તેઓએ ગેરવાજબી રીતે સંઘમાં પ્રવેશ મેળવ્યો હોવાનો આરોપ**



માટુંગા સેન્ટ્રલ રેલવેમાં આવેલું સુમતિનાથ જિનાલય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જૈનોના પવિત્ર પર્વ પર્યુષણની શરૂઆત એક ફિરકાની શનિવારથી અને બીજા ફિરકાની રવિવારથી થઇ. સુખ, શાંતિ અને સુમેળ સાધવા માટે પંકાયેલો જૈન સમાજ ક્યારે પણ લડાયક વૃત્તિમાં માનતો નથી, પણ માટુંગા સેન્ટ્રલ રેલવેમાં આવેલા સુમતિનાથ જિનાલયમાં કંઇક એવું બન્યું કે શનિવારે રાતે પર્યુષણમાં જ બે પંથ સામસામે આવી ગયા. એક તિથિ અને બે તિથિની વિચારધારા ધરાવતા બે પંથ વચ્ચે પર્યુષણના પહેલા જ દિવસે પ્રતિક્રમણ કરવાને મુદ્દે ગજગ્રાહ થયો હતો અને આખરે પોલીસે દરમિયાનગીરી કરવી પડી હતી. માટુંગા સેન્ટ્રલ રેલવેમાં અરોરા સિનેમા સ્થિત સુમતિનાથ જિનાલય, માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ છેલ્લાં પચીસ વર્ષથી પરંપરા માટે લડત ચલાવી રહ્યો છે. અહીં એક તિથિ અને બે તિથિ એમ (જુઓ પાનું ૪) ▶▶

### પ્રતિક્રમણમાં ભેદ હોવાથી અમે તેઓને પ્રવેશવા નથી દેતા: સંઘ

એક તિથિ અને બે તિથિવાળાની લડત છેલ્લાં પચીસ વર્ષથી ચાલી રહી છે ત્યારે આ અંગે સંઘે એવો ખુલાસો કર્યો હતો કે રવિવારે એક તિથિવાળાનું તેરસનું પ્રતિક્રમણ ચાલતું હતું અને બે તિથિવાળાં આરાધક ભાઈ-બહેનોની ચૌદસ હતી. સાંજનું પ્રતિક્રમણ વિધિવિધાનથી થતું હોય છે અને અમારા બંને પંથમાં પ્રતિક્રમણમાં ભેદ છે. પ્રતિક્રમણમાં ભેદ હોવાથી સંઘે પોતાની પ્રિમાઈસીસમાં અલગ વ્યવસ્થા કરી હતી અને બે તિથિવાળા માટે અલગ કરી હતી. તેમ છતાં તેઓએ સંઘની માન્યતા ન સ્વીકારતાં એક તિથિવાળાની આરાધના જે સ્થાને ચાલતી હતી એ જ જગ્યાએ આવીને પોતાની (જુઓ પાનું ૪) ▶▶



વાંક કોનો, સજા કોને...

# નૂપુર મણિયારની લાલબાગ ચા રાજાનાં દર્શનની ઈચ્છા સાવ જ અધૂરી રહી ગઇ

**લાલબાગમાં દારૂડિયાએ ડ્રાઈવર સાથેના ઝઘડામાં સ્ટિયરિંગ ફેરવતા થયેલા બેસ્ટ બસના અકસ્માતમાં રાજાના દર્શનના પાસ લેવા ગયેલી નૂપુરનો જીવ ગયો: આઠ જખમી**





લાલબાગમાં અકસ્માતમાંની બેસ્ટની બસ. તસવીરમાં મોઢે રૂમાલ બાંધેલો આરોપી છે અને સાથે બસ ડ્રાઈવર.(અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશોત્સવના આરંભ પૂર્વેનો છેલ્લો રવિવાર હોવાથી લાલબાગમાં બાપ્પાનું આગમન અને ખરીદી માટે આવેલા લોકોની ખૂબ ભીડ હતી ત્યારે રાતે સાડાઆઠ વાગ્યે દારૂડિયા પ્રવાસીને કારણે બેસ્ટની ઇલેક્ટ્રિક બસના ડ્રાઇવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં ત્રણ વાહન સાથે નવ લોકો તેની અડફેટમાં આવી ગયા હતા, જેમાં ગંભીર ઇજાને કારણે ૨૭ વર્ષની નૂપુર સુભાષ મણિયારનું મૃત્યુ થયું હતું. નૂપુર તેના મિત્ર સાથે એક્ટિવા પર લાલબાગ ચા રાજા મંડળમાં પાસ લેવા માટે આવી હતી, પણ અકસ્માતમાં જીવ ગુમાવતાં રાજાના દર્શનની તેની ઇચ્છા અધૂરી રહી ગઇ હતી. પિતાના અવસાન બાદ નૂપુરની આવક પર આખું ઘર ચાલતું હતું. હવે ઘર કેમ ચાલશે એવો સવાલ સ્વાભાવિકપણે નૂપુરની માતા અને નાની બહેન સામે હશે.

પ્રાપ્ત માહિતી અનુસાર રવિવારે (જુઓ પાનું ૪) ▶▶

### અકસ્માત થયો કઇ રીતે?

લાલબાગમાં રહેતો દત્તા શિંદે રવિવારે રાતે બેસ્ટની બસમાં પ્રવાસ કરી રહ્યો હતો અને નશામાં ધૂત હતો. બસ લાલબાગમાં ગણેશ ટોકીઝ પાસે પહોંચી ત્યારે શિંદેએ ડ્રાઇવરને બસ સિગ્નલ પર ઊભી રાખવાનું કહ્યું હતું. જોકે બસ સ્ટોપ ન હોવાથી બસ ઊભી રાખી ન શકાય એવું ડ્રાઇવરે તેને જણાવ્યું હતું. દરમિયાન શિંદે ભડકી ગયો હતો અને ડ્રાઇવર સાથે તેનો વિવાદ થયો હતો. ગુસ્સામાં તેણે ડ્રાઇવર સાથે ઝપાઝપી કરી હતી અને બાદમાં સ્ટિયરિંગ પકડીને તેને ડાબી તરફ ફેરવી નાખ્યું હતું, જેને કારણે ડ્રાઇવરે કાબૂ ગુમાવતાં રાહદારીઓ અડફેટમાં આવી ગયા હતા. આ અકસ્માત બાદ શિંદેએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેને પકડી પાડવામાં આવ્યો હતો. ડ્રાઇવરની ફરિયાદ પરથી શિંદે વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. દારૂડિયા શિંદેને કારણે અકસ્માત થયો હતો અને અન્ય વાહનોને નુકસાન થયું હતું. ■

# ત્રણ-ચાર દિવસ છત્રી સાથે રાખજો

**મુંબઈમાં મુશળધાર વરસાદની શક્યતા**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશોત્સવની તૈયારીમાં લાગેલા ગણેશભક્તોને વરસાદનું વિઘ્ન નડવાનું છે. ઑગસ્ટ મહિનામાં વિરામ લીધા બાદ સપ્ટેમ્બર મહિનમાં મુંબઈ સહિત રાજ્યમાં વરસાદે જોરદાર એન્ટ્રી કરી છે. મુંબઈ સહિત રાજ્યમાં આગામી ત્રણથી ચાર દિવસ મુશળધાર વરસાદ પડવાનો અંદાજ હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે.

મુંબઈમાં ઑગસ્ટમાં છૂટોછવાયો વરસાદ રહ્યો હતો અને હવે સપ્ટેમ્બર મહિનાની શરૂઆત સાથે જ વરસાદ ફરી સક્રિય થઈ ગયો છે. સોમવાર સવારથી મુંબઈના અનેક વિસ્તારોમાં અંધારું થઈ ગયું હતું અને બપોર બાદ મુંબઈના મોટાભાગના વિસ્તારમાં વરસાદ ચાલુ થઈ ગયો હતો. વરસાદને કારણે ગરમી અને ઉકળાટથી જોકે રાહત થઈ હતી. હવામાન ખાતાએ આગામી ત્રણથી ચાર દિવસ સુધી વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે, તેથી ગણપતિના આગમનની તૈયારીમાં રહેલો લોકોને વરસાદને કારણે અડચણ આવી શકે છે. હવામાન ખાતાના અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈ, થાણે, પાલઘર, (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

પાલિકાનો અંધેર કારભાર કે સોશિયલ મીડિયાની ઊપજ?

# કોસ્ટલ રોડમાં ગોખલે પુલવાળી: બે ગર્ડર ઊંચા-નીચા




સોશિયલ મીડિયામાં ફરતી કોસ્ટલ રોડની તસવીર.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરીના ગોખલે અને બરફીવાલા પુલમાં નિર્માણ થયેલી ઊંચાઈનો તફાવતને લઈને મુંબઈ મહાનગરપાલિકાના અંધેર કારભારની ભારે ટીકા થઈ હતી અને હવે કોસ્ટલ રોડ અને બાન્દ્રા-વરલી સી લિંકના જોડાણ દરમિયાન બે ગર્ડરમાં રહેલા અંતરને કારણે નિર્માણ થયેલી ઊંચાઈનો તફાવતને લગતા ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ફરી સુધરાઈના કામ સામે આંગળી ચીંધાઈ રહી છે ત્યારે પાલિકાએ ટેક્નિકલ કારણ રજૂ કરીને મુંબઈગરાએ ડરવાની જરૂર ન હોવાની સ્પષ્ટતા કરી છે.

બાન્દ્રા-વરલી સી લિંક અને કોસ્ટલ રોડને જોડીને તેને વાહનવ્યવહાર માટે બહુ જલદી ખુલ્લો મુકવાનું કામ પાલિકા દ્વારા ચાલી રહ્યું છે, તે માટે બંને બાજુએ બો સ્ટ્રિંગ આર્ચ ગર્ડરની જોડણનું કામ પૂરું થયું છે અને તેના પર સર્ફેસિંગનું કામ ચાલી રહ્યું છે. જોકે આ બંને ગર્ડરમાં રહેલી ઊંચાઈનો તફાવત સોશિયલ મિડિયા પર ચર્ચાનો વિષય બની ગયો છે. ગોખલે પુલની માફક જ શું ફરી એક વખત કોસ્ટલ રોડમાં એન્જિનિયરિંગ ભૂલ થઈ છે એવો સવાલોના મારા સોશિયલ મીડિયા પર થઈ રહ્યા છે.

મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટમાં કોસ્ટલ રોડને બાન્દ્રા-વરલી સી લિંક સાથે જોડવો એક મહત્ત્વનો તબક્કો છે. કોસ્ટલ રોડને કારણે મરીન લાઈન્સથી વરલીનો પ્રવાસ મિનિટોમાં પાર કરી શકાશે. મુંબઈગરા મરીન લાઈન્સથી સીધા બાન્દ્રા મિનિટોમાં પહોંચી શકશે. જોકે વરસાદને કારણે રસ્તા પરના કૉંક્રીટીકરણનું અને ક્યુરિંગનું કામ ધીમી (જુઓ પાનું ૪) ▶▶

# ટોઈલેટમાં ફ્લશ કરાયેલા લાંચના ₹૫૭,૦૦૦ ગટરમાંથી કઢાયા

**બોરીવલીમાં એનઓસી આપવા લાંચની રકમ સ્વીકારનારા ફાયર બ્રિગેડના અધિકારી સામે ગુનો**



ગટરમાંથી મળેલા પૈસાને ધોઇ રહેલો માણસ.

મુંબઈ: બોરીવલીની એક હોટેલને ગૅસનું કનેક્શન અને નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) આપવા માટે સ્વીકારેલી કથિત લાંચની રકમ ફાયર બ્રિગેડના અધિકારીએ ટૉઈલેટમાં ફ્લશ કરી નાખી હતી. જોકે એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી)ના અધિકારીઓએ પ્લમ્બરની મદદથી ડ્રેનેજ લાઈનમાંથી રૂપિયા શોધી કાઢી ફાયર બ્રિગેડના અધિકારી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

એસીબીએ દહિસર પશ્ચિમમાં આવેલા ફાયર બ્રિગેડના વરિષ્ઠ અધિકારી પ્રહ્લાદ શિતોળે (૪૩) વિરુદ્ધ ૬૦ હજાર રૂપિયાની લાંચ લેવા (જુઓ પાનું ૪) ▶▶

# મહાયુતિ જ દિવાળીમાં ફટાકડા ફોડશે: એકનાથ શિંદે

થાણે: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે ફક્ત મહાયુતિ ગઠબંધન જ દિવાળી પછી ફટાકડા ફોડશે. તેમણે આગામી વિધાનસભાની ચૂંટણીમાં વિજયી થવાનો સંકેત આપ્યો હતો.

થાણેમાં રવિવારે મોડી રાતે આયોજિત એક કાર્યક્રમમાં શિંદેએ તેમના રાજકીય માર્ગદર્શક આનંદ દીઘે, શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેને અંજલિ આપી હતી અને કહ્યું હતું કે આ બંને નેતા દ્વારા આપવામાં આવેલી શિખવણ અને મૂલ્યો પર તેમના નેતૃત્ત્વ હેઠળની શિવસેના ચાલી રહી છે.

તેમણે હાજર શ્રોતાઓને એવો સવાલ કર્યો હતો કે શું મહાયુતિ સરકાર દ્વારા ચાલુ કરવામાં આવેલી યોજનાઓ અને કાર્યક્રમો ચાલુ રહે એવી ઈચ્છા ધરાવો છો? ત્યારે સામેથી હકારાત્મક જવાબ આવ્યો હતો.

સત્તાધારી મહાયુતિમાં સામેલ ઘટકપક્ષો શિવસેના, ભાજપ અને એનસીપીને આગામી વિધાનસભાની ચૂંટણીમાં મહાવિકાસ આઘાડીનો અઘરો પડકાર છે, જેમાં શિવસેના (યુબીટી), એનસીપી (એસપી) અને કૉંગ્રેસનો સમાવેશ થાય છે. વિધાનસભાની ચૂંટણીઓ ઓક્ટોબર-નવેમ્બરમાં થવાની અપેક્ષા છે.

રાજકીય વિરોધીઓનો ઉલ્લેખ કરતાં એકનાથ શિંદેએ રવિવારે રાતે કહ્યું હતું કે તેમને ગલ્લીમાં અથવા તો દિલ્હીમાં જવા દો, તેમને કોઈ મહત્ત્વ આપશો નહીં. અમે અમારું (જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**